અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

21 FEBRUARY-2026 THURSDAY | Vol. : 17 | Issue : 318 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3



જિનપિંગે કહ્યું- દુનિયા ફરી જંગલરાજ તરફ વધી રહી છે : બીજિંગમાં પુતિન સાથે બેઠક કરી, કહ્યું- ઈરાન યુદ્ધ રોકવું જરૂરી

4



વિશ્વમાં વાયુ પ્રદુષણથી વર્ષે 57 લાખ લોકોનાં મોત થાય છે

6



બાંગ્લાદેશ WTC પોઈન્ટ ટેબલમાં ભારતથી આગળ નીકળ્યું : પાકિસ્તાનને હરાવીને પાંચમા સ્થાને આવ્યું

7



સેન્સેક્સ 118 અંક વધીને 75,318 પર બંધ થયો : નિફ્ટીમાં પણ 41 અંકનો ઉછાળો રહ્યો; રૂપિયો 96.89ના રેકોર્ડ નીચા સ્તરે

### શેર ₹5.25 પર પહોંચ્યો, રોકાણકારોએ કરી સટ્ટાકીય ખરીદી

# મોદીની 'મેલોડી' મોમેન્ટ્સથી રોકાણકારો મૂંઝવણમાં મૂકાયા

## ભૂલથી બીજી પારલેના શેર ખરીદી લીધા, રિયલ એસ્ટેટ કંપની થઈ માલામાલ; ટોફી બનાવતી પારલે માર્કેટમાં લિસ્ટેડ નથી

**નવી દિલ્હી,તા.20**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોનીને પારલે કંપનીની મેલોડી ટોફીનું પેકેટ ગિફ્ટ કર્યું. આનો વીડિયો ખુદ મેલોનીએ શેર કર્યો. વીડિયો વાયરલ થતાં જ રોકાણકારોએ નામના કન્ફ્યુઝનમાં પારલે ઈન્ડસ્ટ્રીઝના શેર ખરીદી લીધા, જેના કારણે મંગળવારે તેમાં 5%ની અપર સર્કિટ લાગી ગઈ. ખાસ વાત એ છે કે મેલોડી ટોફી બનાવતી કંપની પારલે પ્રોડક્ટ્સ છે, જે શેરબજારમાં લિસ્ટેડ જ નથી. રોકાણકારોએ ભૂલથી રિયલ એસ્ટેટ કંપની પારલે ઈન્ડસ્ટ્રીઝને મેલોડી બનાવતી કંપની સમજીને તેમાં રોકાણ કરી દીધું. પીએમ મોદીએ મેલોનીને મેલોડી ટોફી ગિફ્ટ કરી. આ ટોફી ભારતમાં 1983થી વેચાઈ રહી છે. તેને પારલે કંપની બનાવે છે.





**શેર 5.25 પર પહોંચ્યો, રોકાણકારોએ કરી સટ્ટાકીય ખરીદી**

મંગળવારે ઈન્ટ્રાડે ટ્રેડિંગ દરમિયાન BSE પર પારલે ઈન્ડસ્ટ્રીઝનો શેર 5% વધીને 5.25 પર પહોંચી ગયો અને ઉપલા સ્તરે લોક થઈ ગયો. ઈન્ટરનેટ પર PM મોદી અને મેલોનીની 'મેલોડી' મોમેન્ટ વાયરલ થયા પછી રોકાણકારોએ સંપૂર્ણ તપાસ કર્યા વિના આ પેની સ્ટોકમાં ખરીદી શરૂ કરી. સોશિયલ મીડિયા પર મેલોડી બ્રાન્ડની ભારે ચર્ચાને કારણે શેરબજારમાં આ ગેરસમજ થઈ. મેલોડી ટોફી પારલે પ્રોડક્ટ્સ કંપની દ્વારા બનાવવામાં આવે છે, જે પારલે-જી (Parle-G) બિસ્કિટ અને અન્ય ઘણી કન્ફેક્શનરી વસ્તુઓ માટે જાણીતી છે. બીજી તરફ, જે પારલે ઈન્ડસ્ટ્રીઝના શેર વધ્યા, તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ અને પેપર વેસ્ટ રિસાયક્લિંગના વ્યવસાયમાં કામ કરે છે. શેરબજારમાં આવેલા આ ઉછાળા પર પારલે ઈન્ડસ્ટ્રીઝ તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

ઈન્ટરનેટ પર 'મેલોડી' હિટ છે પીએમ મોદીની રોમ યાત્રા દરમિયાન તેમણે જ્યોર્જિયા મેલોની સાથે મુલાકાત કરી અને સાથે ડિનર કર્યું. ત્યારબાદ બંને નેતાઓએ પ્રખ્યાત ઐતિહાસિક ઈમારત 'કોલોસિયમ'ની મુલાકાત પણ લીધી. મેલોનીએ બાદમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (પહેલાં ટ્વિટર) પર પીએમ મોદીનો આભાર માનતા મેલોડી ટોફીની ઈમેજ શેર કરી. છેલ્લા એક વર્ષથી ઈન્ટરનેટ પર બંને નેતાઓની મિત્રતાને લઈને 'મેલોડી' (મેલોની + મોદીના નામોને ભેળવીને બનેલો શબ્દ) ઘણી ચર્ચામાં છે. લોકો સોશિયલ મીડિયા પર તેને લઈને મીમ્સ પણ બનાવે છે. આ જ કારણ છે કે જ્યારે પીએમ મોદીએ ખરેખર મેલોનીને 'મેલોડી' ટોફી ગિફ્ટ કરી, ત્યારે તે તરત જ વાયરલ થઈ ગઈ.

# 24 કલાક ખુલ્લા રહેતા મેડિકલ સ્ટોર્સે બંધ પાળ્યો

## અમદાવાદમાં દીકરાના ઓપરેશન માટે દવા લેવા નીકળેલા પિતા નિઃસહાય

**નવી દિલ્હી,તા.20**

ઓનલાઈન દવા વેચાણ સહિતના મુદ્દે અનેક રજૂઆતો બાદ પણ મેડિકલ સ્ટોર્સ સંચાલકોની માગણીનો ઉકેલ ન આવતા હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. દેશવ્યાપી હડતાળમાં આજે(20 મે) ગુજરાતના 35,000થી વધુ મેડિકલ સ્ટોર્સ બંધ પાળી વિરોધ કરી રહ્યા છે. જો કે, ઈમરજન્સી સમયે દર્દીઓ પરેશાન ન થાય તે માટે એસોસિયેશન દ્વારા તમામ જિલ્લા અને શહેરોમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ફૂડ એન્ડ ડ્રગ વિભાગે પણ હડતાળ વચ્ચે રાજ્યમાં ખુલ્લા રહેનારા 832 મેડિકલ સ્ટોર્સનું લિસ્ટ જાહેર કર્યું છે. જ્યાંથી દર્દીઓને હડતાળ સમયે પણ દવા મળી રહેશે. તમે પણ લિસ્ટમાં તમારા શહેરનું નામ લખી ખુલ્લા રહેનારા મેડિકલ સ્ટોર્સનું નામ જાણી શકશો. ઓલ ઈન્ડિયાના 12.40 લાખ, ગુજરાતના 35 હજાર અને અમદાવાદના 3 હજાર જેટલા કેમિસ્ટો એક દિવસ બંધ રાખી વિરોધ કરી રહ્યા છે. અનેક વખત રજૂઆત કરવા છતાં સરકાર દ્વારા ઓનલાઈન વેપાર કરનાર કેમિસ્ટોને બંધ કરવામાં ન આવતા હવે કેમિસ્ટ





એસોસિયેશન લડી લેવાના મૂડમાં આવી ગયું છે. મેડિકલ સ્ટોર્સ બંધ થઈ જતા લોકો ભારે પરેશાન થઈ રહ્યા છે. અમદાવાદમાં દીકરાના ઓપરેશન માટે દવા લેવા નીકળેલા પિતા નિઃસહાય જોવા મળ્યા હતા, તો સુરતમાં 5 કિમી ફર્યા બાદ પણ મમ્મીની હાઈ પ્રેશરની દવા ના મળતા પુત્ર ટેન્શનમાં જોવા મળ્યો હતો. અમદાવાદના પ્રશાંતે જણાવ્યું હતું કે મારો દીકરો બીમાર છે. ઓપરેશન કરાવવાનું છે જેના માટે સવારથી દવા લેવા ફરું છું, પરંતુ ક્યાંય દવા મળી રહી નથી. તમામ મેડિકલ સ્ટોર બંધ છે મારે દવા લેવી જ પડશે. સુરતમાં દવા લેવા આવનાર કેતન પટેલે જણાવ્યું હતું કે, હું વરાછાથી આવું છું, અહીંથી 5 કિલોમીટર દૂર છે. બધા મેડિકલ રસ્તામાં જોયા બંધ હતા. મમ્મી માટે બ્લડ પ્રેશરની દવા લેવા આવ્યો છું. વડોદરા કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિયેશનમાં બે ફાંટા પડી ગયા છે. જેને લઈને વડોદરા શહેરમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. કેટલાક મેડિકલ સ્ટોર બંધ છે, તો કેટલાક મેડિકલ સ્ટોર ખુલ્લા જોવા મળ્યા હતા. વડોદરામાં મેડિકલ સ્ટોરના માલિક શૈલેષ પટેલે જણાવ્યું હતું કે, અમારા પ્રમુખ તરફથી અમને દુકાનો ખુલ્લી રાખવા માટે કહેવામાં આવ્યું હતું. મારી પાસે તેનો વીડિયો પણ છે. અમારા એસોસિયેશન તરફથી અમને બંધ રાખવા માટે કંઈ જ કહેવામાં આવ્યું નથી. અમારી આ સેવા તો ઈમરજન્સી સેવા ગણાય છે. જો અમે દુકાનો બંધ રાખીએ તો દર્દીઓ અને સામાન્ય પબ્લિકને બહુ મોટી તકલીફ પડે. પબ્લિકને આવી તકલીફો ન પડે તે માટે જ અમે દુકાન ચાલુ રાખી છે. ગુજરાત કેમિસ્ટ એસોસિયેશનના પ્રમુખ જશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે દેશભરમાં એક દિવસનું ટોકન બંધ રાખવામાં આવ્યું છે. ઓનલાઈન દવાઓનો જે વેપાર કરવામાં આવે છે તે ગેરકાયદેસર છે તેને બંધ કરવામાં આવે તે માટે અનેક વખત રજૂઆત કરવામાં આવી છે.

# ભુવાએ વિધિના નામે કારખાનેદારની પત્ની પર વારંવાર દુષ્કર્મ આચર્યું : 'મને માતાજીએ કહ્યું છે, હું જ તારો ઘરવાળો છું'

**રાજકોટ,તા.20**

રાજકોટમાં વધુ એક દુષ્કર્મનો મામલો સામે આવ્યો છે. શહેરમાં સબમર્શીબલ પંપનું કારખાનું ધરાવતા એક કારખાનેદારના કારખાનામાં અને ઘરમાં વિધિ કરવાના નામે ભુવાએ કારખાનેદારની પત્ની પર વારંવાર દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. આરોપી ભુવાએ પરિણીતાને કહ્યું હતું કે, મને માતાજીએ કહ્યુ છે કે હું જ તારો પતિ છું. કારખાનામાલિકના ઘરમાંથી મેલુ કાઢવાનું કહી રાત્રિના 12 વાગ્યે વિધિ શરૂ કરી હતી. વિધિ માટે પતિ અને પુત્રને અન્ય રૂમમાં મોકલી ભુવાએ કુકર્મ આચર્યું હતું. ત્યારબાદ પરિણીતાના પુત્રને મારી નાખવાની



ધમકી આપી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. કારખાનેદાર પરિવારે આબરુ બચાવવા બે વાર ઘર બદલ્યા છતા ભુવાએ પીછો ન છોડતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મૂળ જામનગર પંથકના વતની અને હાલ રાજકોટમાં 150 ફૂટ રીંગ રોડ પર રહેતી 40 વર્ષીય મહિલાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કોટડા સાંગાણીના ખેરડા ગામે રહેતા તુષાર રણછોડ સિંધવનું નામ આપી જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં છ વર્ષનો પુત્ર છે, પતિને ગોંડલ ચોકડી પાસે સબમર્શીબલનું કારખાનું છે. આરોપી તુષાર સિંધવ કારખાનેદારના સંપર્કમાં આવ્યો હતો. 3 વર્ષ પૂર્વે આરોપી તુષારે કહ્યુ હતું કે, તે મેલડી માંનો ભુવો છે અને કારખાનામાં મેલડીમાના પાઠ કરતો બાદમાં તેણે મહિલાના પતિને એવું કહ્યુ હતું કે, તમારા ઘરે મેલુ છે કાઢવું પડશે. દરમિયાન તે પાઠ પુરાવાનો સામાન લઈને રાત્રે ઘરે આવ્યો હતો અને રાત્રે 12 વાગ્યે વિધિ શરૂ કરી હતી દરમિયાન તુષારએ મહિલાના પતિ અને દીકરા બંનેને બહાર જવાનું કહ્યુ હતું.


# 'ધુરંધર-2' પર સેનાની ગુપ્ત માહિતી લીક કરવાનો આરોપ

## દિલ્હી હાઈકોર્ટે કહ્યું, 'સુરક્ષા સંબંધિત ચિંતાને અવગણી ન શકાય', કેન્દ્ર સરકાર-CBFCને તપાસનો નિર્દેશ

**નવી દિલ્હી,તા.20**

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' કાનૂની વિવાદમાં ફસાઈ ગઈ છે. દિલ્હી હાઈકોર્ટે બુધવારે કેન્દ્ર સરકાર અને સેન્સર બોર્ડ (CBFC-સેન્ટર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન)ને ફિલ્મ વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીની તપાસ કરવા નિર્દેશ આપ્યા છે.

વાસ્તવમાં, સશસ્ત્ર સીમા બળ (SSB)ના એક જવાન દ્વારા જનહિત અરજી દાખલ કરીને આરોપ લગાવવામાં આવ્યો છે કે, 'ફિલ્મમાં સેનાના ઓપરેશન સંબંધિત ગુપ્ત જાણકારીઓ દર્શાવવામાં આવી છે.' કોર્ટે કહ્યુ કે, 'ભલે ફિલ્મ કાલ્પનિક હોય, પરંતુ



### 'ફિલ્મ કાલ્પનિક હોય પણ સુરક્ષા સંબંધિત ચિંતાને અવગણી ન શકાય'

વાસ્તવમાં, સશસ્ત્ર સીમા બળ (SSB)ના એક જવાન દ્વારા જનહિત અરજી દાખલ કરીને આરોપ લગાવવામાં આવ્યો છે કે, 'ફિલ્મમાં સેનાના ઓપરેશન સંબંધિત ગુપ્ત જાણકારીઓ દર્શાવવામાં આવી છે.' કોર્ટે કહ્યુ કે, 'ભલે ફિલ્મ કાલ્પનિક હોય, પરંતુ સુરક્ષા સંબંધિત ચિંતાઓને અવગણી શકાય નહીં.

સુરક્ષા સંબંધિત ચિંતાઓને અવગણી શકાય નહીં.' સેન્સર બોર્ડ તપાસ કરશે ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે આ મામલાની સુનાવણી કરી. કોર્ટે સૂચના અને પ્રસારણ મંત્રાલય અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ને આ અરજી પર વિચાર કરીને નિર્ણય લેવા જણાવ્યું છે. કોર્ટે ટિપ્પણી કરી કે, 'ભલે આ ફિલ્મ મનોરંજન માટે બનાવેલી એક કાલ્પનિક વાર્તા છે, પરંતુ તેની અસરને નકારી શકાય નહીં.' એસએસબી જવાને સુરક્ષા પર પ્રશ્ન ઉઠાવ્યા આ અરજી એસએસબીમાં હેડ કોન્સ્ટેબલ દીપક કુમારે દાખલ કરી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, 'ફિલ્મમાં સેનાના ઓપરેશન્સની ઝિણવટભરેલી જાણકારીઓ બતાવવામાં આવી છે, જેનાથી દેશની સુરક્ષા અને અખંડિતતાને ખતરો થઈ શકે છે.' અરજદારના મતે, 'ફિલ્મમાં કેટલીક ખાસ જગ્યાઓ અને પાત્રોને એવી રીતે દર્શાવવામાં આવ્યા છે, જે મોટા અધિકારીઓ અને શહીદ સૈનિકો સાથે મળતા આવે છે.

# રાહુલ ગાંધીએ કહ્યું - તમારા વડાપ્રધાન, ગૃહમંત્રી ગદ્દાર છે: દેશમાં આર્થિક સંકટ મંડરાઈ રહ્યું છે ને વડાપ્રધાન મેલોનીને મેલોડી આપી રહ્યા છે

**રાયબરેલી, તા.20**

રાહુલ ગાંધીએ રાયબરેલીમાં બુધવારે કહ્યું કે જ્યારે RSS ના કાર્યકર્તાઓ તમારી સામે આવશે તો તેમને ખુલીને કહેજો કે તમારા વડાપ્રધાન, ગૃહમંત્રી અને સંગઠન ગદ્દાર છે. તમે હિન્દુસ્તાનને વેચવાનું કામ કર્યું છે. કોંગ્રેસ સાંસદે કહ્યું, "હવે આર્થિક તોફાન આવી રહ્યું છે. મોદી તમને બચાવી નહીં શકે. યાદ રાખજો, જેવી રીતે કોવિડ અને નોટબંધીના સમયે રડ્યા હતા, કહ્યું હતું- મને ફાંસી પર લટકાવી દેજો. તેવી જ રીતે ટીવી પર ફરી આવશે. હાથ જોડશે. રડશે. કહેશે- મારી ભૂલ નથી." આ પછી રાહુલ અમેઠી પહોંચ્યા. અહીં તેમણે કાર્યકર્તા સંમેલનમાં કહ્યું- ઈટાલીના પીએમ મેલોનીને નરેન્દ્ર મોદી ટોફી ખવડાવી રહ્યા છે. રીલ બનાવવામાં આવી રહી છે. આ ભાજપવાળા મારી મજાક ઉડાવે છે. જે આર્થિક દિવાલ તેમને ઊભી કરવાની હતી, તે તેમણે ન કરી. હવે મેલોની સાથે



વીડિયો બનાવી રહ્યા છે. મજાક ચાલી રહ્યો છે. રાહુલ બે દિવસના પ્રવાસે 19 મે (મંગળવાર) ના રોજ રાયબરેલી પહોંચ્યા હતા. બુધવારે બપોરે 2 વાગ્યે રાયબરેલીથી અમેઠી પહોંચી ગયા છે. અહીં તેઓ સંજય ગાંધી હોસ્પિટલમાં દર્દીઓની મુલાકાત લેશે. લોકસભા ચૂંટણી 2024 પછી રાહુલ 6 વખત રાયબરેલી આવી ચૂક્યા છે. આ તેમનો 7મો પ્રવાસ છે. આ પહેલા, તેઓ 19 જાન્યુઆરી 2026 ના રોજ રાયબરેલી આવ્યા હતા. રાહુલે લખ્યું- આર્થિક તોફાન માથા પર છે અને આપણા વડાપ્રધાન ઈટાલીમાં ટોફી વહેંચી રહ્યા છે. ખેડૂત, યુવાનો, મહિલાઓ, મજૂરો અને નાના વેપારીઓ બધા રડી રહ્યા છે. PM હસીને રીલ બનાવી રહ્યા છે અને BJP વાળા તાળીઓ પાડી રહ્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબીને રાહુલ ગાંધીના ગદ્દારવાળા નિવેદન પર કહ્યું, 'રાહુલ ગાંધીનું આજનું નિવેદન ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. ક્યાંક ને ક્યાંક તે તેમની અરાજકતાવાદી માનસિકતા દર્શાવે છે. હું માનું છું કે ભારતીય રાજનીતિમાં જ્યાં શુચિતા, સામાજિકતા અને એકબીજાને સન્માન આપવાની પ્રક્રિયા છે, તેમાં તેમનું આ નિવેદન ખુબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. હું માનું છું કે સતત થઈ રહેલી હાર અને નિરાશા ક્યાંક ને ક્યાંક તેમના સ્વભાવ અને ચરિત્રમાં દેખાઈ રહી છે. આજે આપણે ભ્રષ્ટાચાર પર ઝીરો ટોલરન્સની નીતિ પર કામ કરીએ છીએ. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં આતંકવાદ પર પૂર્ણ રીતે લગામ લગાવવાનું કામ કરવામાં આવ્યું છે. શું નક્સલવાદને ખતમ કરવો એ ગદ્દારી છે?

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# અમદાવાદનું ગ્રીન કવર 12.5 ટકાએ પહોંચ્યું: બોપલ, ચાંદખેડા સહિત 9 વિસ્તારમાં સૌથી વધુ હવા પ્રદુષણ

■ **કન્સ્ટ્રક્શન સાઈટ પર એર સેન્સર અને સીસીટીવી ફરજિયાત**



**અમદાવાદ, તા.20**

દિન પ્રતિદિન હવા પ્રદુષણમાં વધારો થઈ રહ્યો છે. ચાલુ વર્ષે શહેરમાં હવા પ્રદુષણ ખૂબ વધ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર અમદાવાદ આવ્યા ત્યારે પણ અમદાવાદમાં હવા પ્રદુષણની સ્થિતિ ગંભીર બની હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં પ્રદૂષણના સ્થાનિક સ્ત્રોતોને ઓળખી સૌથી વધારે હવા પ્રદુષણ ફેલાતાં કુલ 9 હોટસ્પોટ વિસ્તારો ઓળખી કાઢવામાં આવ્યા છે. પિરાણા, રખિયાલ, રાયખડ, બોપલ, વટવા, એસ.પી.સ્ટેડિયમ, ચાંદખેડા, મણિનગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 16 C&D વેસ્ટ કલેક્શન સેન્ટરો પણ છે. આ વિસ્તારોમાં વિશેષ મોનિટરિંગ સાથે ટાર્ગેટેડ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. આ તમામ જગ્યા ઉપર એર ક્વોલિટી સુધારવા માટેના પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

કન્સ્ટ્રક્શન સાઈટો પરથી ઉત્પન્ન થતા પ્રદૂષણને નિયંત્રિત કરવા "Good Construction Practices Policy" અમલમાં મૂકાઈ છે. જેમાં 20,000 ચોરસ મીટરથી વધુ બિલ્ટ-અપ એરિયા ધરાવતી સાઈટ્સ પર ડસ્ટ સેન્સર, એર ક્વોલિટી ડિસ્પ્લે અને CCTV ફરજિયાત બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત મિસ્ટ મશીનનો ઉપયોગ કરવો તથા ખોદકામ દરમિયાન નીકળતી માટીને અથવા રેતી સંપૂર્ણ રીતે હાંકવી, સાઈટની આજુબાજુ બેરીકેટ અને ગ્રીટનેટની વ્યવસ્થા કરવી, સાઈટની અંદર આવવા જતા માર્ગોને યોગ્ય રીતે પેવ કરવા અને એન્ટ્રી એક્ઝિટ પર ટાયર વોશર સિસ્ટમ લગાવવાની રહેશે.

આ પોલિસી અંતર્ગત અત્યાર સુધીમાં આશરે 140 કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર ડસ્ટ સેન્સર લગાવવામાં આવ્યા છે અને નિયમિત મોનિટરિંગ કરીને આવવામાં પ્રદૂષણનું પ્રમાણ ઓછું કરવામાં આવે છે. એટલું જ નહીં વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પર ગ્રીન નેટ લગાવવાનું પ્રમાણ પણ વધ્યું છે જેથી પેનલ્ટી કલેક્શન લઘુતમ થયું છે. આ પોલીસી અંતર્ગત 2024-25 દરમિયાન વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પરથી રૂ. 1.71 કરોડ અને 2025-26માં આજદિન સુધી રૂ. 1.16 કરોડની પેનલ્ટી વસૂલ કરવામાં આવી છે.

C&D વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે 25 C&D કલેક્શન સેન્ટરો વિકસાવવામાં આવ્યા છે અને ગ્યાસપુર ખાતે 1000 TPD ક્ષમતાવાળો પ્રોસેસિંગ પ્લાન્ટ કાર્યરત છે. ડિસેમ્બર 2026 સુધીમાં વધુ 1000 TPD ક્ષમતાવાળો બીજો પ્લાન્ટ કાર્યરત થશે. આથી બાંધકામ કચરાના વૈજ્ઞાનિક નિકાલથી હવામાં ઉડતા ધૂળકણોમાં વધુ ઘટાડો થશે. નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) અને 15મા નાણાપંચ હેઠળ મળેલી ગ્રાન્ટના સદુપયોગથી શહેરમાં 16 ટ્રક-માઉન્ટેડ મીસ્ટ મશીનો કાર્યરત છે. તેમાંથી 6 મીસ્ટ મશીનો પિરાણા ડમ્પસાઈટ અને આસપાસના વિસ્તારોમાં સતત કાર્યરત છે, જ્યારે 10 મીસ્ટ મશીનો પ્રદૂષિત માર્ગોના રૂટ નિશ્ચિત કરી નિયમિત રીતે મિસ્ટિંગ કામગીરી કરે છે. આ ઉપરાંત પીએમ મીટિંગેશન માટે કુલ 62 મિકેનિકલ રોડ સ્વીપર મશીનો કાર્યરત છે.

અમદાવાદમાં જાહેર પરિવહન ક્ષેત્રે શહેરે ગ્રીન મોડલ અપનાવ્યો છે. AMTS અને BRTS મળી કુલ 1250 બસો ક્લીન ફ્યુઅલ પર કાર્યરત છે. જેમાં 1052 CNG અને 207 ઈલેક્ટ્રિક બસોનો સમાવેશ થાય છે. શહેરમાં 128 ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનો કાર્યરત છે અને સોલાર પાવર્ડ ચાર્જિંગ સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ પહેલો વાહન ઉત્સર્જનમાં ઘટાડો કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

પર્યાવરણ સંતુલન માટે શહેરમાં 303 ગાર્ડન્સ અને 118 અર્બન ફોરેસ્ટ વિકસાવવામાં આવ્યા છે. શહેરનું ગ્રીન કવર આશરે 12.5 ટકા સુધી પહોંચ્યું છે. "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ 2024-25માં 40 લાખથી વધુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. NCAP હેઠળ મળેલી રૂ. 652.22 કરોડની ગ્રાન્ટમાંથી 95.69 ટકા એટલે કે રૂ. 624.14 કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે,જે દર્શાવે છે કે આયોજન અને અમલ વચ્ચે સુમેળ છે અને પ્રદૂષણ નિયંત્રણ માટેના પ્રયાસો જમીન પર અસરકારક રીતે સાબિત થઈ રહ્યા છે.

વર્ષ 2030માં અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને પણ અમદાવાદ શહેરે સ્વચ્છ હવા અને સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટ માટે વ્યાપક તૈયારીઓ પણ શરૂ કરી છે. અમદાવાદમાં આગામી સમયમાં મિસ્ટિંગ ક્ષમતા વધારવા, ગ્રીન ટ્રાન્સપોર્ટનો વિસ્તાર, C&D પ્રોસેસિંગ સુવિધાઓમાં વધારો અને ગ્રીન કવર વધારવાના પગલાંઓ દ્વારા શહેર "સ્વચ્છ હવા, સ્વસ્થ નાગરિક અને સસ્ટેનેબલ શહેરીકરણ"ના લક્ષ્ય તરફ આગળ વધશે.

# ચાર મહાનગરોમાં હવાની ગુણવત્તા ચિંતાજનક સ્તરે

## સુરતમાં સૌથી વધુ 225 AQI નોંધાયો, સવાર અને સાંજના સમયે પ્રદૂષણનું પ્રમાણ વધ્યું

**ગાંધીનગર, તા.20**

રાજ્યના ચાર મોટા શહેરોમાં હવાની ગુણવત્તા ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. તાજેતરમાં નોંધાયેલા એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI)ના આંકડાઓ અનુસાર રાજ્યના મુખ્ય મહાનગરોમાં હવા સ્વચ્છતા માપદંડથી ઘણી નીચે પહોંચી ગઈ છે, અને સવાર અને સાંજના સમયે પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. જે સામાન્ય જનતા માટે ચિંતાજનક સ્થિતિ સર્જે છે.



અમદાવાદમાં AQI 186 નોંધાયો છે, જે 'મધ્યમથી ખરાબ' શ્રેણીમાં આવે છે. આ સ્તરની હવા લાંબા સમય સુધી શ્વાસમાં લેતાં શ્વાસનળી સંબંધિત તકલીફો, આંખોમાં બળતરા અને એલર્જી જેવી સમસ્યાઓ ઊભી કરી શકે છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને શ્વાસના રોગોથી પીડાતા લોકો માટે આ પરિસ્થિતિ જોખમરૂપ બની શકે છે.

સુરત શહેરમાં સ્થિતિ વધુ ગંભીર જોવા મળી છે, જ્યાં AQI 225 નોંધાયો છે. આ આંકડો સ્પષ્ટ રીતે 'ખરાબ' શ્રેણીમાં આવે છે. નિષ્ણાતો મુજબ, આ સ્તરની હવા સ્વસ્થ વ્યક્તિઓ માટે પણ અસ્વસ્થતા પેદા કરી શકે છે, જ્યારે અસ્થમા અને હૃદયરોગના દર્દીઓ માટે ગંભીર અસર થવાની શક્યતા રહે છે. ઉદ્યોગો, વાહન વ્યવહાર અને બાંધકામ પ્રવૃત્તિઓને હવાના પ્રદૂષણનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

રાજકોટમાં AQI 156 નોંધાયો છે. જો કે આ આંકડો અન્ય શહેરોની સરખામણીમાં થોડો ઓછો છે, તેમ છતાં તે પણ 'મધ્યમ' શ્રેણીમાં આવે છે. સતત વધી રહેલા વાહનોની સંખ્યા અને ધૂળકણના કારણે રાજકોટમાં પણ હવાની ગુણવત્તા પર અસર પડી રહી છે.

વડોદરા શહેરમાં AQI 181 નોંધાયો છે, જે ફરી એકવાર હવાના પ્રદૂષણ તરફ ઈશારો કરે છે. નિષ્ણાતો જણાવે છે કે શહેરમાં ટ્રાફિક, ઉદ્યોગો અને ઋતુગત પરિબળો હવાની ગુણવત્તા બગાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

પર્યાવરણ નિષ્ણાતો અને આરોગ્ય વિભાગે લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે. ખાસ કરીને સવાર અને સાંજના સમયે બહાર ફરવાનું ટાળવું, માસ્કનો ઉપયોગ કરવો અને શક્ય હોય ત્યાં સુધી ઘરની અંદર રહેવું એવી સલાહ આપવામાં આવી છે. સાથે જ સરકાર અને સ્થાનિક તંત્રને પ્રદૂષણ નિયંત્રણ માટે કડક પગલાં લેવાની જરૂર હોવાનું પણ નિષ્ણાતો જણાવી રહ્યા છે. એકંદરે જોવામાં આવે તો રાજ્યના ચાર મોટા શહેરોમાં હવાની ગુણવત્તા હાલ ચિંતાજનક સ્તરે છે.

# 14 વર્ષની સગીરાના 19 સપ્તાહના ગર્ભના ગર્ભપાતની મંજૂરી

**દાહોદ, તા.20**

દાહોદની દુષ્કર્મ પીડિત સગીરાના 19 સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે ગુજરાત હાઈકોર્ટે મંજૂરી આપી છે. સગીરાએ તેના પિતા મારફતે અરજી દાખલ કરી હતી. જે મુજબ સગીરા દુષ્કર્મનો ભોગ બનતા ગર્ભવતી બની હતી. આરોપી સામે દાહોદના એક પોલીસ મથકે ગુન્હો નોંધાયો છે. સગીરાના ગર્ભના ગર્ભપાત માટે પરવાનગી મેળવવા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. વર્તમાનમાં સગીર પીડિતાની ઉંમર 14 વર્ષ અને 25 દિવસની છે. હાઈકોર્ટે સગીરાની અરજી ઉપર દાહોદની ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલની તેના મેડિકલ તપાસના નિર્દેશ આપ્યા હતા.



દાહોદના ડૉક્ટરોની પેનલના રિપોર્ટ અનુસાર પીડિતા 19 સપ્તાહ અને 05 દિવસનો ગર્ભ ધરાવે છે અને તે શારીરિક રીતે ગર્ભપાત માટે સક્ષમ છે. કોર્ટે પીડિતા સાથે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા સીધો સંવાદ કર્યો હતો, જેમાં તેણે કોઈપણ દબાણ વગર સ્વેચ્છાએ ગર્ભ રાખવાની ના પાડી હતી અને ગર્ભપાત કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ ટાંક્યા હતા, જેમાં જણાવવામાં આવ્યું છે કે દુષ્કર્મ પીડિતાને ગર્ભ રાખવા માટે મજબૂર કરવી એ તેના સન્માનપૂર્વક જીવવાના અને શારીરિક અખંડિતતાના અધિકારનું ઉલ્લંઘન છે.

# ભાજપના 24માંથી 18 મંત્રીઓએ પીએમ મોદીની અપીલનો ઉલાળિયો કર્યો

## રીવાબા, મોઢવાડિયા અને ઋષિકેશ પટેલ એકલા જ કારમાં આવ્યા, નેતાઓને સરકારી કારનો મોહ છૂટતો નથી

**ગાંધીનગર, તા.20**

મીડલ ઈસ્ટમાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિના કારણે ક્રુડની સપ્લાય ચેનને ભારે અસર પડી છે. ક્રુડના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. ત્યારે પીએમ મોદીએ દેશવાસીઓને કરકસરપૂર્વક પેટ્રોલ-ડીઝલનો ઉપયોગ કરવા અપીલ કરી છે. પબ્લિક ટ્રાન્સપોર્ટ અને કારપુલિંગનો ઉપયોગ કરવા અપીલ કરી છે. પીએમની અપીલની ગુજરાતના મત્રીઓ પર કેવી અસર થઈ છે તેનું ભાસ્કરે રિયાલિટી ચેક કરતા કારપુલિંગની અપીલનો ઉલાળિયો થતો જોવા મળ્યો હતો. આજે ગાંધીનગરમાં મળેલી કેબિનેટ બેઠકમાં રીવાબા જાડેજા, અર્જુન મોઢવાડીયા, કુવંરજી બાવળિયા, ઋષિકેશ પટેલ સહિતના 18 નેતાઓ કારમાં એકલા જ આવ્યા હતા. વડોદરામાં



સરદાર ધામ-3ના લોકાર્પણ કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા પીએમ મોદીએ કહ્યું હતં કે,પહેલા કોરોનાનું સંકટ, પછી વૈશ્વિક આર્થિક પડકારો અને હવે પશ્ચિમ એશિયામાં વધતો તણાવની અસર દુનિયા પર પડી છે. તેમાંથી ભારત પણ બાકાત નથી. કોરોના મહામારી આ સદીનું સૌથી મોટુ સંકટ હતું. તો પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિ આ દશકની સૌથી મોટા સંકટમાંની એક છે. જ્યારે આપણે મળીને કોરોનાનો સામનો કરી લીધો તો આ સંકટને પણ પાર પાડી દઈશું. આ તમામ વિપરિત પરિસ્થિતિની સામાન્ય લોકો પર ઓછામાં ઓછી અસર થાય તે માટે સરકાર પ્રયાસ કરી રહી છે. અત્યારે દેશને જનભાગીદારીની શક્તિની જરુર છે. આપણે ભારતના નાગરિક તરીકે આપણા કર્તવ્યને પ્રાથમિકતા આપવી પડશે. ભૂતકાળમાં જ્યારે જ્યારે પણ દેશ યુદ્ધની કે અન્ય સંકટમાંથી પસાર થયો છે ત્યારે સરકારની અપીલ પર દરેક નાગરિકે પોતાની જવાબદારી નિભાવી છે. આજે પણ જરુર છે કે આપણે સૌ સાથે મળીને આપણી જવાબદારી નિભાવીએ.દેશના સંશાધનો પર પડી રહેલા બોજને ઓછો કરીએ. પીએમની આ અપીલ બાદ થોડા દિવસ જાણા ફોટો સેશન ચાલ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. PM મોદીની અપીલની ગુજરાતના મંત્રીઓ અને નેતાઓ પર કેવી અસર થઈ છે તેનું દિવ્ય ભાસ્કરે રિયાલિટી ચેક કરતા પીએમની અપીલનો ઉલાળિયો થતો જોવા મળ્યો. ગાધીનગરમાં મળેલી કેબીનેટ બેઠક દરમિયાન મુખ્યમંત્રી ઘટાડી દેવાયેલા કાફલા સાથે આવ્યા હતા. જ્યારે હર્ષ સંઘવી અને કૌશિક વેકરિયા પુલિંગ કારમાં આવ્યા હતા. ઉપરાંત પ્રવીણ માળી, પ્રદ્યુમન વાજા અને સંજયસિંહ મહિડા ઈલેક્ટ્રિક કારમાં પહોંચ્યા હતા. જો કે, 18 મંત્રીઓ સિંગલ સિંગલ એક જ કારમાં આવ્યા હતા. ગાંધીનગરમાં મંત્રી નિવાસથી સ્વર્ણિમ સંકુલ વચ્ચે અંદાજે માત્ર 3 કિલોમીટરનું અંતર હોવા છતાં મોટા ભાગના મંત્રીઓએ કાર પુલિંગનો વિકલ્પ અપનાવ્યો નહોતો.

# બોયફ્રેન્ડનો સાથ ને 1.66 કરોડના ચોરેલા દાગીના : રાજસ્થાન-દિલ્હીમાં ફરતા ગયા ને પૈસાની જરૂર પડતી ગઈ તેમ તેમ દાગીના વેચતા ગયા

**અમદાવાદ, તા.20**

અમદાવાદના નિકોલમાં 11 મે 2026ના રોજ જ્વેલર્સ શો રૂમમાં કામ કરતી હર્ષિદા શેટ્ટીએ 1.2 કિલો જેટલા 1.66 કરોડના દાગીનાની ચોરી કરી હતી. આ ચોરી તેણીએ બોયફ્રેન્ડ સાથે રહેવા માટે કરી હતી. ત્યાર બાદ બંને ભાગીને ઉત્તર ભારતના અલગ અલગ રાજ્યોમાં સાથે રહ્યા હતા. જોકે, હર્ષિદા નાહવા ગઈ તે સમયે બોયફ્રેન્ડ દાગીના લઈને ફરાર થઈ ગયો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે હર્ષિદાને માણેકચોકમાં દાગીના વેચવા આવી ત્યારે ઝડપી લીધી હતી. આરોપી યુવતી હર્ષિદા



સોનાના દાગીના ચોરીને પોતાના બોયફ્રેન્ડ મયુર માળી સાથે ભાગી ગઈ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે આરોપીઓ પહેલા ગાંધીનગર ગયા હતા. ત્યારબાદ ત્યાંથી રાજસ્થાન અને દિલ્હી ગયા હતા. જ્યાં જુદી જુદી હોટલોમાં રોકાયા હતા. આ દરમિયાન જેમ જેમ પૈસાની પૈસાની જરૂર પડતી ગઈ તેમ તેમ અમુક દાગીના વેચતા ગયા હતા. જો કે બોયફ્રેન્ડ દગો આપીને મોટાભાગના દાગીના લઈને ફરાર થઈ ગયો હતો. ત્યાર બાદ હર્ષિદા પોતાની પાસેના કેટલાક દાગીના વેચવા માણેકચોક ખાતે આવી હતી, જ્યાં ક્રાઈમ બ્રાન્ચે તેને ઝડપી પાડી હતી. ત્યાર બાદ પોલીસે સાત દિવસના રિમાન્ડની માંગ સાથે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરી હતી.અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટમાં સરકારી વકીલ તુષાર. એલ.બારોટે યુવતીના રિમાન્ડ માંગતા રજૂઆત કરી હતી કે, આરોપીઓ પાસેથી મુદ્દામાલની રિકવરી બાકી છે. મહિલાનો પુરુષ મિત્ર એવો સહ આરોપી હજી ઝડપાયો નથી. આરોપીઓ ગાંધીનગરથી, રાજસ્થાન થઈ દિલ્હી પહોંચ્યા હતા. જ્યાં રાજસ્થાન અને દિલ્હીમાં હોટલોમાં રોકાયા હતા. તેઓએ કેટલાક દાગીના પણ વેચ્યા હતા, તે દાગીના કોને વેચ્યા છે તે પણ જાણવાનું છે. આરોપી ઉપર અન્ય ગુના છે કે કેમ તે પણ જાણવાનું છે. કોર્ટે સરકારી વકીલની દલીલોને આધારે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. હર્ષિદાએ તેના બોયફ્રેન્ડ સાથે રહેવા માટે ચોરી કરી હતી. ત્યાર બાદ બંને ભાગીને ઉત્તર ભારતના અલગ અલગ રાજ્યોમાં સાથે રહ્યા હતા.

# ABVPનું તોફાન, GCASની ઓફિસનો દરવાજો ઉખેડી નાખ્યો : પોલીસ સાથે પણ ઘર્ષણ

**અમદાવાદ, તા.20**

ગુજરાત કોમન એડમિશન પોર્ટલ (GCAS)ની એડમિશન પ્રક્રિયામાં સર્જાયેલી વિવિધ તકનીકી ખામીઓ અને વિસંગતતાઓના વિરોધમાં આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં આવેલી નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG)ની કચેરી ખાતે વિદ્યાર્થી નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન વિરોધ પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કરતાં કાર્યકરોએ GCASની ઓફિસનો મુખ્ય દરવાજો તોડી પાડ્યો હતો, જેને પગલે ભારે અફરાતફરી મચી ગઈ હતી.

વિદ્યાર્થીઓને પડતી મુખ્ય મુશ્કેલીઓ

ફોર્મ એડિટિંગ અને ઓટીપીની સમસ્યાGCAS પોર્ટલમાં ફોર્મ ફાઈનલ સબમિટ કર્યા બાદ 'એડિટ' (સુધારો) કરવાનો કોઈ વિકલ્પ નથી. નાની ભૂલ માટે પણ નવું ફોર્મ ભરવું પડે છે. આ ઉપરાંત, ફોર્મ ભરતી વખતે રજિસ્ટ્રેશન માટેનો OTP સમયસર આવતો નથી.

2. હેલ્પલાઈન અને હેલ્પડેસ્કનો અભાવGCAS પોર્ટલમાં ફોર્મ દીઠ 300 જેટલી મોટી ફી લેવા છતાં યુનિવર્સિટી કે કોલેજ કક્ષાએ કોઈ 'હેલ્પડેસ્ક' શરૂ કરાયું નથી. પોર્ટલના સત્તાવાર હેલ્પલાઈન નંબર પર ફોન કરવા છતાં વિદ્યાર્થીઓને કોઈ યોગ્ય જવાબ મળતો નથી.

3. CBSE અને પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓ અંગે અસ્પષ્ટતાCBSEના વિદ્યાર્થીઓને માત્ર 10% બેઠકો પર જ પ્રવેશ મળશે તેવી ચર્ચાઓથી વિદ્યાર્થીઓ મૂંઝવણમાં છે. આ ઉપરાંત, પૂરક પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે પોર્ટલ પર કોઈ સ્પષ્ટ જોગવાઈ રાખવામાં આવી નથી.

# 'આપ કેવલ હમારી કહાની જાનતે હો હમે નહીં' : નકલી ક્રાઈમ બ્રાંચ સાયબર સિક્યુરિટી ઓફિસર બની યુવતીને ફસાવી

**અમદાવાદ, તા.20**

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રહેતી એક યુવતીને ડેટિંગ એપ પર લગ્ન માટે લલચાવી, ક્રાઈમ બ્રાંચના સાયબર સેલના નકલી પીએસઆઈની ઓળખ આપીને 80,000 પડાવી લેવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. નકલી પોલીસ બનેલો આ ઠગ યુવતી પાસે અવારનવાર વધુ પૈસાની માંગણી કરતો હતો, જેથી યુવતીને શંકા ગઈ હતી. યોગ્ય તપાસ કરાવતા યુવકની પોલ ખુલી ગઈ હતી અને તે પોલીસ નહીં પણ રીઢો ઠગ હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે ભોગ બનનાર યુવતીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ,નવરંગપુરા વિસ્તારમાં રહેતી 35 વર્ષીય યુવતી એક પ્રતિષ્ઠિત ઈન્સ્યોરન્સ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. લગ્ન માટે યોગ્ય પાત્રની શોધમાં હોવાથી તેણે એક ડેટિંગ એપ પર એકાઉન્ટ બનાવ્યું હતું. આ દરમિયાન તેની પ્રોફાઈલ 'રોકી પંચાલ' નામના યુવક સાથે મેચ થઈ હતી અને રોકીએ તેને લગ્નનો પ્રસ્તાવ મૂકતો મેસેજ કર્યો હતો. યુવતીએ રોકીની પ્રોફાઈલ ચેક કરી તો તેમાં તેણે પોલીસ યુનિફોર્મ પહેરેલા ફોટા મૂક્યા હતા, જેથી યુવતી તેના પર વિશ્વાસ કરી બેઠી. ત્યારબાદ બંનેએ એકબીજાના ઈન્સ્ટાગ્રામ આઈડી અને ફોન નંબરની આપ-લે કરી હતી. રોકીના સોશિયલ મીડિયા આઈડી પર પણ 'ક્રાઈમ બ્રાંચ સાયબર સેલ ઓફિસર' લખેલું હતું. બંને વચ્ચે ત્રણ-ચાર દિવસ સુધી ફોન, વીડિયો કોલ અને મેસેજ પર વાતચીત થઈ હતી. રોકીએ પોતાની ઓળખ ગુજરાત પોલીસના પીએસઆઈ તરીકે આપી હતી. 16 મેના રોજ રોકી યુવતીને મળવા તેના ઘરે ગયો હતો. ત્યાં જઈને તે ભાવુક થઈને રડવા લાગ્યો હતો.

# માતાને અડપલાં કરતા મસિયાઈ ભાઈને પુત્રએ ચપ્પાથી રહેંસી નાંખ્યો

**આણંદ, તા.20**

પેટલાદ તાલુકાના ખડાણા ગામે હત્યાની એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં માસીના ઘરે રહેતો દિવ્યાંગ યુવક તેની વિધવા માસી સાથે બિભત્સ હરકત-અડપલાં કરતો હોઈ ઉશ્કેરાયેલા યુવકે મસિયાઈ ભાઈની ગળાના ભાગે ચપ્પાના ઘા મારી તથા ગુપ્તાંગ કાપી નાંખી હત્યા કરી નાંખી હતી. આ બનાવને લઈને સમગ્ર પંથકમાં આ ઘટના ચર્ચાનો વિષય બની હતી. મોડી સાંજે પેટલાદ ગ્રામ્ય પોલીસે યુવકની અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધરી હતી.

સમગ્ર બનાવની હકીકત એવી છે કે, મૂળ ખંભાતના કાણીસા ગામનો દિવ્યાંગ બાબુ આશા પરમારના માતા-પિતા નાનપણમાં જ મરી ગયા હોય તે છેલ્લાં કેટલાંય



વર્ષોથી ખડાણા ગામ સ્થિત રામદેવપીરવાળા ફળીયામાં રહેતા તેની માસીના ઘરે રહેતો હતો. તે રખડતું જીવન જીવતો હતો. ક્યારેક જ તે તેના માસીના ઘરે અવર-જવર કરતો હતો. ગામના બસ સ્ટેન્ડ તેમજ સ્મશાન જેવી જગ્યાઓએ તે રહેતો અને મજૂરીકામ કરી જીવન જીવતો હતો.

છેલ્લાં કેટલાંય સમયથી તે તેની માસી સાથે બિભત્સ હરકત-અડપલાં કરતો હતો જે પુત્ર રામાભાઈ મયજીભાઈ પરમારના ધ્યાને આવ્યું હતું. જે બાબતે રામાભાઈએ બાબુ પરમારને ટોક્યો પણ હતો. પરંતુ તે માનતો નહોતો. દરમિયાન, રવિવારે રાત્રિના સમયે રામા પરમારની માતા રયબેન પરમાર ખાટલામાં સુઈ રહ્યા હતા ત્યારે બાબુ પરમારે બિભત્સ હરકત કરવાનું શરૂ કર્યું હતું. જે રામા પરમાર જોઈ ગયો હતો. તે ગુસ્સામાં આવી ગયો હતો અને ઘરમાં પડેલું ચપ્પુ લઈ આવ્યો હતો અને બાબુ પરમારના ગળા પર જ ઘા મારી દીધા હતા. જેને પગલે તે ઘર પાસે જ ઢળી પડ્યો હતો. રામાએ તેનું ગુપ્તાંગ પણ કાપી નાંખ્યું હતું. હાલમાં પોલીસે આરોપી રામા મયજી પરમારની અટકાયત કરી તેની સઘન પૂછપરછ હાથ ધરી છે.

બનાવની ફરિયાદ સરપંચ ભરતકુમાર પરમારે પેટલાદ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જોકે, ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગામમાં રહેતા રામા મયજી પરમાર સવારે સવા છ વાગ્યાની આસપાસ તેમના ઘરે ગયા હતા. જ્યાં તેમણે ભરતકુમારને તેમના મસિયાઈ ભાઈ બાબુ પરમારની કોઈએ હત્યા કરી નાંખી હોવાનું અને લાશ તેમના ઘરના દરવાજા પાસે પડી હોવાનું જણાવ્યું હતું. જેથી સરપંચ ભરતકુમાર અને રામાભાઈ બંને જણાં તેમના ઘરે ગયા હતા. જ્યાં સ્થળ પર લોહીલુહાણ હાલતમાં બાબુ પરમાર પડ્યો હતો અને તેની પેન્ટની ચેન ખુલ્લી હાલતમાં હતી. દરવાજાથી થોડે દૂર યુવકનું ગુપ્તાંગ કપાયેલી હાલતમાં પડ્યું હતું. સરપંચે સમગ્ર બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસને યુવકે કહેલી વાત અંગે શંકા ગઈ હતી. જેને પગલે તેમણે રામાભાઈ પરમારની સઘન પૂછપરછ હાથ ધરી હતી, જેમાં તે ભાંગી પડ્યો હતો અને સમગ્ર ગુનાની કબુલાત કરી હતી. ખડાણાના રામદેવપીરવાળા ફળીયામાં રયબેન મયજીભાઈ પરમાર બે પુત્ર સાથે રહે છે. તેમના મોટા પુત્ર અલ્પેશના લગ્ન થયેલા છે અને તેની પત્ની સાથે તેમની સાથે જ રહે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# 'આધાર-ડિજિટલ પેમેન્ટથી ભ્રષ્ટાચાર અટક્યો, પાકિસ્તાન પણ શીખે': વર્લ્ડ બેંકના ચેરમેન અજય બંગા પાકિસ્તાનના PMને કહ્યું- લોન મફતમાં નથી મળતી

જલંધર, તા.20

વર્લ્ડ બેંકના ચેરમેન અજય પાલ સિંહ બંગા 4 દિવસના પાકિસ્તાન પ્રવાસે છે. ઈસ્લામાબાદમાં તેમણે વડાપ્રધાન શાહબાઝ શરીફ અને નાણા મંત્રી મુહમ્મદ ઔરંગઝેબ સાથે મુલાકાત કરી. જેમાં પાકિસ્તાનને 10 વર્ષમાં 20 અબજ ડોલર આપવાનો રોડમેપ તૈયાર કર્યો. બંગાએ મંત્રીઓને કહ્યું કે પાકિસ્તાન દેવું તો કરી રહ્યું છે, પરંતુ એવું ન સમજે કે મદદ મફતમાં કરવામાં આવી રહી છે. તમે તમારા દેશમાં ભ્રષ્ટાચાર અને ટેક્સ ચોરી રોકો. જો સુધારા નહીં કરવામાં આવે તો આવનારા વર્ષોમાં કોઈ દેવું નહીં મળે.

આ ઉપરાંત, બંગાએ આધાર અને ડિજિટલ પેમેન્ટનો પણ ઉલ્લેખ કર્યો. જોકે તેમણે ભારતનું નામ લીધું ન હતું. એવું માનવામાં આવી રહ્યું છે કે તેમણે પાકિસ્તાનને ભારત પાસેથી શીખવાની સલાહ આપી.

બંગા આજે પંજાબના ખુશાબ જિલ્લામાં આવેલા તેમના પૈતૃક ગામ જશે. 1947ના ભાગલા પછી બંગા પરિવારનો પ્રથમ સભ્ય પોતાના પૈતૃક ગામ જઈ રહ્યો છે. આ પહેલા તેમણે ગુરુદ્વારા પંજા સાહિબમાં માથું ટેકવ્યું હતું.



વર્લ્ડ બેંક તૈયાર છે, પરંતુ પૈસા ત્યારે જ મળશે જ્યારે પરિણામો દેખાશે: વર્લ્ડ બેંક પાકિસ્તાનને મદદ કરવા તૈયાર છે. પરંતુ પૈસા ત્યારે જ આવશે જ્યારે જમીન પર પરિણામો દેખાશે. પાકિસ્તાન ફક્ત દેવાના ભરોસે ચાલી શકે નહીં. તેણે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ એટલે કે FDI માટે પોતાના દેશનું વાતાવરણ સુધારવું પડશે. આર્થિક સુધારા કરવા પડશે.

પાકિસ્તાનને 10 વર્ષમાં 20 અબજ ડોલર મળશે: નાણા મંત્રી મુહમ્મદ ઔરંગઝેબ સાથેની ચર્ચામાં બંગાએ દેવાના ટેકનિકલ પાસાઓ અને ભવિષ્યના પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરી. બંગાએ કન્ટ્રી પાર્ટનરશિપ ફ્રેમવર્કની પુષ્ટિ કરી, જેના હેઠળ પાકિસ્તાનને 10 વર્ષમાં 20 અબજ ડોલર મળશે.

આખી દુનિયાએ ડિજિટલ પેમેન્ટ અપનાવ્યું: એક દેશે પોતાના દેશમાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને આધારથી ટેક્સ ચોરી રોકી છે. તેના ડિજિટલ પેમેન્ટના ફોર્મ્યુલાને આખી દુનિયા અપનાવી રહી છે. તેમણે પાકિસ્તાનને પોતાનું ટેક્સ નેટવર્ક ડિજિટલ કરવાની પણ સલાહ આપી.

વીજળી ચોરી રોકો, બિલ વસૂલો: 3 મુદ્દાઓ પર પાકિસ્તાની મંત્રીઓ સાથે વાત કરી. બંગાએ કહ્યું કે પાકિસ્તાનનો એનર્જી સેક્ટર સંકટમાં છે. વિશ્વ બેંકના પૈસા તે નુકસાન કરતી કંપનીઓને બચાવવા માટે નથી જે વીજળી ચોરી રોકી શકતી નથી. વીજળી બિલની વસૂલાત કરો અને સબસિડી ખતમ કરો. પૈસા આપીશું, પરંતુ પરિણામ દેખાવું જોઈએ: જો પાકિસ્તાને જળવાયુ પરિવર્તન અનુસાર પોતાનું માળખાગત સુવિધા સુધારી નહીં તો ભવિષ્યમાં મળનારી લોનનો રસ્તો મુશ્કેલ બની જશે. વર્લ્ડ બેંક પાકિસ્તાનનો ભાગીદાર છે, ન કે શાહુકાર. ભાગીદારીનો અર્થ છે કે અમે પૈસા આપીશું. પરંતુ તે પૈસાનું પરિણામ દેખાવું જોઈએ.

સ્વાગતમાં રેડ કાર્પેટ પાથરવામાં આવ્યું: અજય બંગા પાકિસ્તાન પહોંચ્યા ત્યારે તેમનું રેડ કાર્પેટ પાથરીને સ્વાગત કરવામાં આવ્યું. ગુરુદ્વારા પંજા સાહિબ પહોંચતા તેમને સરોપા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું. બંગાએ ગુરુદ્વારા સાહિબમાં માથું ટેકવ્યું અને લંગર પણ ખાધું. જ્યારે મેનેજમેન્ટે તેમને અંદર બોલવા વિનંતી કરી, ત્યારે તેમણે એમ કહીને ના પાડી દીધી કે મારા પિતાએ શીખવ્યું છે કે ગુરુદ્વારાની અંદર બોલવાનો અધિકાર ફક્ત ગ્રંથી સિંહનો છે.

પોતાના પર્યટન સ્થળો બતાવ્યા: અજય બંગાને પાકિસ્તાની મંત્રીઓએ પર્યટન સ્થળો બતાવ્યા. તક્ષશિલાના બૌદ્ધ મઠોની મુલાકાત દરમિયાન પણ બંગાએ પાકિસ્તાની અધિકારીઓ અને મંત્રીઓને સૂચનો આપ્યા. કહ્યું કે પોતાની સંસ્કૃતિને સાચવીને પર્યટન દ્વારા રોજગાર પેદા કરવો જોઈએ.

આજે પૈતૃક ગામ જશે બંગા: બંગા આજે પંજાબના ખુશાબમાં જશે. આ બંગાના માતા-પિતાનું ગામ છે. અહીં તેઓ પૈતૃક ઘરે જશે. જિલ્લા પ્રશાસને આ માટે વિશેષ તૈયારીઓ કરી છે. રેલ બજાર અને ગલી સિખોં વાળીમાં આવેલા તેમના જૂના ઘરને શણગારવામાં આવ્યું છે. 1947ના ભાગલા સમયે બંગા પરિવાર જલંધર આવી ગયો હતો. અહીંની મિઠ્ઠુ બસ્તીમાં પરિવારે થોડો સમય વિતાવ્યો.

ડોને લખ્યું- પૈસા આપશે પણ હિસાબ પણ માંગશે: બંગાનું પંજા સાહિબ જવું અને ત્યાંની મર્યાદાનું સન્માન કરવું એ દર્શાવે છે કે તેઓ તેમના મૂળિયાં સાથે કેટલા જોડાયેલા છે. તેમની મેજ પર રાખેલા આર્થિક આંકડા પાકિસ્તાન માટે ડરામણા છે. તેઓ એક કડક શાહુકારની જેમ આવ્યા છે જે મદદ તો આપશે, પણ હિસાબ પણ માંગશે. હમ ન્યૂઝે કહ્યું- પાકિસ્તાનની છબીને પ્રોત્સાહન: વિશ્વ બેંક પ્રમુખનું તેમની પત્ની રીતુ બંગા સાથે ટેક્સિલા અને પંજા સાહિબમાં સામાન્ય પર્યટકોની જેમ ફરવું પાકિસ્તાનની સોફ્ટ ઈમેજને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપનારું છે. ધ એક્સપ્રેસ ટ્રિબ્યુને પાકિસ્તાની આશાઓને ઝટકો ગણાવ્યો: ભારતીય મૂળના અમેરિકનનું પાકિસ્તાનની ધરતી પર સ્વાગત થવું એ રાજદ્વારી જીત છે. જોકે, બંગાએ સિંધુ જળ સંધિ પર જે વલણ અપનાવ્યું છે, તેણે પાકિસ્તાનની આશાઓને ઝટકો આપ્યો છે.

# પતિ-પત્નીની ઉંમરના અંતર પર છેડાયો વિવાદ: વયમાં મોટા તફાવત વાળા દંપતિઓના લગ્નજીવનમાં ખુશહાલી

## પરસ્પર સંતોષ હોવાથી આ પ્રકારનું દામ્પત્યજીવન લાંબું ચાલે છે

વૉશિંગ્ટન, તા.20

રીયાલિટી ટીવી સ્ટાર નિક વાયલ પોતાની પત્ની નતાલી જૉયથી 18 વર્ષ મોટા છે. જૉય કહે છે કે 2024માં લગ્ન બાદ લોકોએ તેમને બાળવધુ અને અનેક પ્રકારના મેણાટોણા માર્યા હતા. બંને હવે નેટફ્લિક્સ પર ડેટિંગ શો 'એજ ઑફ અટ્રેક્શન' લાવી રહ્યા છે. 22 થી 59 વર્ષ સુધીના સિંગલ્સને સાથે લાવીને પારખવામાં આવશે કે સંબંધોના નિર્ણય પર ઉંમરમાં તફાવત શું અસર કરે છે.

પતિ-પત્નીની વયમાં દાયકાનું અંતર સામાજિક ટીકા સહન કરે છે. પરંતુ, આંકડાઓ દર્શાવે છે કે આ તફાવત નુકસાનકારક નથી, જેટલું અનેકવાર લાગે છે. અમેરિકામાં અંદાજે બે તૃતીયાંશ યુગલોમાં પતિ મોટા અને પત્ની નાની હોય છે. સમગ્ર દુનિયામાં આ પરિણામ છે.

પ્યૂ રિસર્ચ અનુસાર, વૈશ્વિક સ્તર પર વિવાહિત યુગલમાં વયનું સરેરાશ અંતર 4.2 વર્ષ છે. અમેરિકામાં પતિ સરેરાશ 2.2, યુરોપમાં 2.7 અને એશિયા-પેસિફિકમાં 4 વર્ષ મોટા હોય છે. ભારતમાં આ તફાવત 4 થી 5 વર્ષ સુધી છે. વયના આ તફાવતની સામાજિક સ્વીકાર્યતા સમયની સાથે બદલાતી રહે છે.

1920 માં અમેરિકામાં પતિ સરેરાશ 4.5 અને ભારતમાં 7-8 વર્ષ મોટા હતા. 10 વર્ષ કે તેથી વધુ ઉંમરના તફાવતવાળા યુગલો અસ્વીકૃતિ વધુ સહન કરે છે. લોકો ઉંમરનો તફાવત એટલા માટે નાપસંદ કરે છે, કારણ કે તેમને લાગે છે કે નાની ઉંમરનો વ્યક્તિ વાલી શોધી રહ્યો છે. જોકે આવા સંબંધો પ્રમાણમાં ખુશહાલ હોય છે અને લાંબા સમય સુધી ટકે છે.



1920માં અમેરિકામાં પતિ સરેરાશ 4.5 અને ભારતમાં 7-8 વર્ષ મોટા હોય છે. 10 વર્ષ અથવા તેનાથી વધુ અંતર વાળા યુગલો અસ્વીકૃતિ વધુ સહન કરે છે. લોકો ઉંમરના તફાવતને એટલે નાપસંદ કરે છે, કારણ કે તેમને લાગે છે કે નાની વયનો વ્યક્તિ વાલી શોધી રહ્યા છે. જો કે, આવું લગ્નજીવન ખુશહાલ લાંબા ચાલે છે. નેધરલેન્ડ્સની માસ્ટ્રિખ્ટ યુનિવર્સિટીના સ્ટડી અનુસાર, વયમાં મોટા અંતર વાળા લગ્ન દંપતી માટે જીવનના સંતોષ સાથે જોડાયેલું હોય છે. વયના અંતરથી કેટલાક જોખમો પણ છે. જ્યારે પુરુષ 16 વર્ષ મોટા અથવા મહિલા 10 વર્ષ મોટી હોય ત્યારે હત્યાની ઘટના પણ ઘટી શકે છે. પરંતુ, આ પ્રકારના કેસ દુર્લભ છે. કેલિફોર્નિયા યુનિવર્સિટીના પ્રોફેસર પૉલ ઈસ્ટવિક અનુસાર તફાવત 10 વર્ષનો હોય અથવા 2નો. સંબંધોની સફળતા ઉંમરથી વધુ પસંદ-નાપસંદથી વધુ નક્કી થાય છે. જેમ કે ટીવી પર શું જોવું છે. શું ભોજન લેવું છે અથવા ક્યાં ફરવા જવું છે. રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર (CDC) અનુસાર, ઉંમરના મોટા તફાવતવાળા યુગલો સમવયસ્ક યુગલોની સરખામણીમાં વધુ સમય સાથે રહે છે. લાંબા સમયથી લિવ-ઈનમાં રહેતા લગભગ 5 હજાર યુગલોના નમૂનાના આધારે 'ધ ઈકોનોમિસ્ટ'નો અંદાજ છે.

# નોર્વેની ક્રાઉન પ્રિન્સેસે જાતીય અપરાધીને સ્વીટહાર્ટ કહ્યું: એપસ્ટીન ફાઈલોમાં 1000 વખત નામ આવ્યું

ઓસ્લો, તા.20

નોર્વેના ક્રાઉન પ્રિન્સેસ મેટે-મેરિટ યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથેના સંબંધો સામે આવ્યા બાદ વિવાદોમાં ઘેરાઈ ગયા છે. અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા 30 જાન્યુઆરીએ જાહેર કરાયેલી એપસ્ટીન ફાઈલોમાં તેમનું નામ 1 હજારથી વધુ વખત આવ્યું છે.

નોર્વેના અખબાર VGના અહેવાલ મુજબ, આ ફાઈલોમાં મેટે-મેરિટ અને યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન વચ્ચે 2011 થી 2014 દરમિયાન થયેલા ઘણા ઈમેઈલ્સ શામેલ છે. બંને વચ્ચે લાંબા સમય સુધી સંપર્ક રહ્યો. નોર્વેના મીડિયાના અહેવાલ મુજબ, ખાનગી ઈમેઈલમાં મેટે-મેરિટે એપસ્ટીનને કહ્યું હતું કે, 'તારી વાતો મને ગલીપચી કરાવે છે.'

કેટલાક ઈમેઈલમાં તેમણે તેમને 'સોફ્ટ હાર્ટેડ' અને 'સ્વીટહાર્ટ' પણ લખ્યું હતું. મિત્રતા સામે આવ્યા બાદ શનિવારે મેટે-મેરિટે એપસ્ટીન સાથેના પોતાના સંબંધોને લઈને માફી માંગી. બીજી તરફ મેટે-મેરિટના પુત્ર પર બળાત્કાર સહિત 38 કેસોમાં મુકદ્દમો ચાલી રહ્યો છે.

એક ઈમેલમાં મેટેએ એપસ્ટીનને પૂછ્યું હતું કે શું તેના 15 વર્ષના પુત્રના વોલપેપર માટે બે નગ્ન મહિલાઓનો સર્ફબોર્ડ લઈને ચાલતો ફોટો સૂચવવામાં કંઈ ખોટું છે. અન્ય એકમાં તેણે એપસ્ટીનને આકર્ષક ગણાવ્યા હતા.

એક મેલમાં એપસ્ટીને મેટે-મેરિટને જણાવ્યું કે તે લગ્ન કરવા માંગે છે અને પત્નીની શોધમાં



પેરિસ આવ્યા છે. તેમણે કહ્યું કે પેરિસ અફેર કે ગેરકાયદેસર સંબંધો બાંધવા માટે સારું છે, પરંતુ જો પત્ની શોધવી હોય તો સ્કેન્ડિનેવિયન (નોર્વે, સ્વીડન અને ડેનમાર્ક) મહિલાઓ વધુ સારી અને વફાદાર પત્નીઓ હોય છે.

આના પર મેટે-મેરિટ જવાબ આપ્યો, 'મને હજી પણ વિશ્વાસ નથી થતો કે તમે ખરેખર પત્ની શોધી રહ્યા છો.' મેટે-મેરિટનો જન્મ નોર્વેમાં થયો હતો. એટલે કે તેઓ પોતે સ્કેન્ડિનેવિયન મહિલા છે.

ફાઈલોમાં ઘણા ઈમેલ દર્શાવે છે કે બંને ખૂબ નજીક હતા. એક ઈમેલ દ્વારા જાણવા મળ્યું કે જ્યારે મેટે-મેરિટ બીમાર હતી, ત્યારે એપસ્ટીને તેના માટે ફૂલો મોકલ્યા હતા. મેટે-મેરિટે ફૂલો માટે આભાર માન્યો અને 'લવ, MM (મેટે-મેરિટ)' ના નામથી સહી કરી.

ઈમેલમાં ઘણી જગ્યાએ મળવાની યોજનાનો ઉલ્લેખ હતો. દસ્તાવેજો દર્શાવે છે કે મેટ-મેરિટ 2011 થી 2013 દરમિયાન ઓસ્લો, ન્યુ યોર્ક અને કેરેબિયનમાં એપસ્ટીનને ત્રણ વખત મળી હતી અને 2013માં ફ્લોરિડામાં તેના ઘરે ચાર દિવસ રોકાઈ હતી. જોકે, ત્યારે એપસ્ટીન ત્યાં નહોતો.

આ ઘટનાઓ એપસ્ટીનને 2008માં સગીર સાથે વેશ્યાવૃત્તિના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યા પછીની છે. 2011ના એક ઈમેલમાં મેટે-મેરિટે એપસ્ટીનને જણાવ્યું કે તેણે એપસ્ટીન પર ચાલી રહેલા કેસને ગૂગલ કર્યો હતો અને કહ્યું હતું કે તે સારું નથી લાગી રહ્યું, પરંતુ તેણે સંપર્ક ચાલુ રાખ્યો.

શનિવારે રાજવી પરિવાર દ્વારા જારી કરાયેલા નિવેદનમાં મેટે-મેરિટે જણાવ્યું કે 2014માં તેણે સંપર્ક તોડી નાખ્યો હતો કારણ કે એપસ્ટીન તેનો ફાયદો પોતાના સ્વાર્થ માટે ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

તેમણે એપસ્ટીનના પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના અને એકતા વ્યક્ત કરી. મેટે-મારિટએ કહ્યું કે તેઓ આ બધા માટે પોતે જવાબદાર છે કારણ કે તેમણે એપસ્ટીનની પૃષ્ઠભૂમિની બરાબર તપાસ કરી ન હતી અને ઝડપથી સમજી શક્યા ન હતા કે તે કેવો વ્યક્તિ છે.

આ ખુલાસા એવા સમયે થયા છે જ્યારે રોયલ ફેમિલી માટે મુશ્કેલ સમય ચાલી રહ્યો છે. મેટે-મારિટના પુત્ર મારિયસ બોર્ગ હોઈબી પર બળાત્કારનો કેસ જિલ્લા અદાલતમાં મંગળવાર એટલે કે આજથી શરૂ થવાનો છે.

મારિયસ હોઈબી, ક્રાઉન પ્રિન્સેસ મેટે-મેરિટ અને ક્રાઉન પ્રિન્સ હાકોનના લગ્ન પહેલાના સંબંધથી જન્મ્યા હતા. તેથી મારિયસને ક્યારેય રોયલ ટાઈટલ આપવામાં આવ્યું ન હતું. એનો અર્થ એ છે કે તે ઉત્તરાધિકારની લાઈનમાં નથી, એટલે કે તે નોર્વેના સિંહાસન પર ક્યારેય બેસી શકશે નહીં.

# જિનપિંગે કહ્યું- દુનિયા ફરી જંગલરાજ તરફ વધી રહી છે : બીજિંગમાં પુતિન સાથે બેઠક કરી, કહ્યું- ઈરાન યુદ્ધ રોકવું જરૂરી

બેઈજિંગ, તા.20

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ અંગે ચેતવણી આપી છે. રોયટર્સ અનુસાર, બીજિંગમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની બેઠકમાં તેમણે કહ્યું કે દુનિયા ફરી જંગલરાજ તરફ આગળ વધી રહી છે. જિનપિંગે ચેતવણી આપી કે જો લડાઈ નહીં અટકે તો આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને વૈશ્વિક સ્થિરતા પર મોટી અસર પડશે. તેમણે કહ્યું કે એકતરફી સૈન્ય કાર્યવાહી અને લાંબા સમય સુધી ચાલતું યુદ્ધ દુનિયાને એવા સમયગાળામાં લઈ જઈ શકે છે, જ્યાં આંતરરાષ્ટ્રીય નિયમો નબળા પડી જાય. તેમણે કહ્યું કે યુદ્ધ રોકવું અત્યંત જરૂરી છે. જિનપિંગે આ નિવેદન બુધવારે બીજિંગમાં પુતિનના ઔપચારિક સ્વાગત બાદ આપ્યું. બીજિંગના ગ્રેટ હોલ ઓફ ધ પીપલની બહાર બંને નેતાઓ રેડ કાર્પેટ પર સાથે ચાલ્યા અને સૈન્ય બેન્ડે રશિયા અને ચીનના રાષ્ટ્રગાન વગાડ્યા.

પુતિન અને જિનપિંગે કહ્યું - દુનિયામાં પ્રભુત્વની રાજનીતિ ખતમ થાય

પુતિન અને જિનપિંગે બેઈજિંગમાં મુલાકાત દરમિયાન દુનિયામાં પ્રભુત્વની રાજનીતિ ખતમ કરવાની વાત કરી. બંને નેતાઓએ કહ્યું કે રશિયા અને ચીન મળીને વધુ ન્યાયપૂર્ણ અને સંતુલિત વૈશ્વિક વ્યવસ્થા બનાવવાની દિશામાં કામ કરશે. બેઈજિંગમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં બંને નેતાઓએ વૈશ્વિક રાજનીતિ, મધ્ય



પૂર્વ યુદ્ધ, ઊર્જા સુરક્ષા અને BRICS જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી. પુતિને કહ્યું કે છેલ્લા 25 વર્ષમાં રશિયા-ચીન સંબંધો ઝડપથી મજબૂત થયા છે અને બંને દેશો સતત સંયુક્ત પરિયોજનાઓ પર સાથે કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે બંને દેશોની ભાગીદારીનો હેતુ બંને દેશોના લોકોની સમૃદ્ધિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે. જ્યારે શી જિનપિંગે કહ્યું કે ચીન અને રશિયાએ મળીને વધુ સંતુલિત અને ન્યાયપૂર્ણ વૈશ્વિક શાસન વ્યવસ્થા બનાવવા માટે કામ કરવું જોઈએ.

ચીન અને રશિયા વચ્ચે 40 કરારો પર હસ્તાક્ષર થશે

અલ જઝીરાના અહેવાલ મુજબ, પુતિન આ પ્રવાસમાં મોટા વેપારી અને સરકારી પ્રતિનિધિમંડળ સાથે પહોંચ્યા છે. ક્રેમલિને કહ્યું છે કે બંને દેશો લગભગ 40 કરારો પર હસ્તાક્ષર કરશે. આમાં અર્થતંત્ર, પર્યટન, શિક્ષણ અને ઊર્જા સંબંધિત કરારોનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ, યુક્રેન યુદ્ધ પછી યુરોપમાં રશિયાનું ગેસ વેચાણ લગભગ બંધ થઈ ગયું છે. આવી સ્થિતિમાં, રશિયા માટે ચીન સાથે ઊર્જા સહયોગ અત્યંત મહત્વપૂર્ણ બની ગયો છે. બેઠક પહેલાં જારી કરાયેલા વીડિયો સંદેશમાં પુતિને કહ્યું કે રશિયા અને ચીન સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય એકતા જેવા 'મુખ્ય હિતો' ના રક્ષણ માટે સાથે મળીને કામ કરશે. તેમણે કહ્યું કે મોસ્કો અને બેઈજિંગ વચ્ચેના ગાઢ વ્યૂહાત્મક સંબંધો વૈશ્વિક સ્થિરતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે

પુતિન બોલ્યા- સંબંધો અભૂતપૂર્વ સ્તરે

ચીન પહોંચતા પહેલાં જારી કરાયેલા વીડિયો સંદેશમાં પુતિને કહ્યું કે રશિયા અને ચીનના સંબંધો અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગયા છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચે વિશ્વાસ, પરસ્પર સમજણ અને સમાન સહયોગનો સંબંધ છે. પુતિને કહ્યું કે બંને દેશો સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય એકતા જેવા મુદ્દાઓ પર એકબીજાને સમર્થન આપે છે. તેમના મતે, રશિયા અને ચીન રાજકારણ, અર્થતંત્ર અને ઊર્જા સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારી રહ્યા છે.

અમેરિકા-રશિયા વચ્ચે સંતુલન જાળવી રહ્યું ચીન

ટ્રમ્પ પછી હવે પુતિનની મુલાકાતને લઈને જાણકારોનું કહેવું છે કે સતત થઈ રહેલી આ મોટી મુલાકાતો દર્શાવે છે કે ચીન એકસાથે અમેરિકા અને રશિયા બંને સાથે સંબંધો સંતુલિત રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે, ખાસ કરીને એવા સમયે જ્યારે યુક્રેન અને ઈરાન સંબંધિત મુદ્દાઓ પર વૈશ્વિક તણાવ પ્રવર્તી રહ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે ચીન પાસે આ તક છે કે તે એકસાથે અમેરિકા અને રશિયા બંને સાથે વાતચીત કરીને પોતાની વૈશ્વિક ભૂમિકાને મજબૂત દર્શાવે.

પુતિન 40થી વધુ વખત જિનપિંગને મળી ચૂક્યા છે

પુતિન અને શી જિનપિંગ અત્યાર સુધીમાં 40 થી વધુ વખત મુલાકાત કરી ચૂક્યા છે.

પુતિન અને જિનપિંગની મિત્રતા વિશ્વની સૌથી મજબૂત રાજકીય ભાગીદારીઓમાંની એક માનવામાં આવે છે. 2013 માં રાષ્ટ્રપતિ બન્યા પછી, શી જિનપિંગે તેમની પ્રથમ વિદેશ યાત્રા રશિયાની કરી હતી.

જ્યારે પુતિન પણ ઘણી વખત ચીનને તેમની શરૂઆતની વિદેશ યાત્રાઓમાં પ્રાધાન્ય આપતા રહ્યા છે. બંને નેતાઓ સાર્વજનિક મંચો પર એકબીજાને નજીકના મિત્ર અને વ્યૂહાત્મક ભાગીદાર ગણાવી ચૂક્યા છે.

ક્રેમલિન અનુસાર, બંને નેતાઓ વચ્ચે માત્ર ઔપચારિક રાજદ્વારી જ નહીં, પરંતુ સતત અંગત સંવાદ પણ થતો રહ્યો છે. ફેબ્રુઆરી 2026 માં યોજાયેલી વીડિયો બેઠકમાં શી જિનપિંગે પુતિનને ચીન આવવાનું આમંત્રણ આપ્યું હતું, જેને પુતિને તરત જ સ્વીકારી લીધું હતું.

બંને નેતાઓ BRICS, શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) અને એશિયા-પ્રશાંત મંચો પર પણ અવારનવાર સાથે જોવા મળે છે. આંતરરાષ્ટ્રીય મામલાઓમાં અમેરિકા અને પશ્ચિમી દેશોના દબાણ સામે રશિયા અને ચીન પોતાને મલ્ટિપોલર વર્લ્ડ ઓર્ડરના સમર્થક તરીકે રજૂ કરતા રહ્યા છે. મલ્ટિપોલર વર્લ્ડ ઓર્ડર એટલે એવી દુનિયા, જ્યાં સત્તા માત્ર એક દેશમાં નહીં પરંતુ ઘણા મોટા દેશોમાં વહેંચાયેલી હોય.

પુતિન અને જિનપિંગ બંને નેતાઓ જાહેર મંચો પર એકબીજાને નજીકના મિત્રો અને વ્યૂહાત્મક ભાગીદારો ગણાવી ચૂક્યા છે.

પુતિન અને જિનપિંગ બંને નેતાઓ જાહેર મંચો પર એકબીજાને નજીકના મિત્રો અને વ્યૂહાત્મક ભાગીદારો ગણાવી ચૂક્યા છે.

ચીન-રશિયાના આર્થિક સંબંધો સતત મજબૂત થયા છે

અમેરિકી પ્રભાવને લઈને વહેંચાયેલી ચિંતાને કારણે ચીન અને રશિયાએ છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાના સંબંધો ઘણા મજબૂત કર્યા છે.

# બાંગ્લાદેશમાં ભારતીય દૂતાવાસના સુરક્ષાકર્મીનું મૃત્યુ

## ફ્લોર પર મૃતદેહ મળ્યો, ડ્યુટી કરીને પાછો ફર્યો હતો; હરિયાણાનો રહેવાસી હતો

ઢાકા, તા.20

બાંગ્લાદેશના ચિત્તાગોંગ શહેરમાં આવેલા ભારતીય દૂતાવાસ પરિસરની અંદર મંગળવારે એક ભારતીય સુરક્ષાકર્મી મૃત હાલતમાં મળી આવ્યો. મૃતકની ઓળખ 35 વર્ષીય નરેન્દ્ર તરીકે થઈ છે. તે હરિયાણાનો રહેવાસી હતો અને દૂતાવાસમાં સુરક્ષા ગાર્ડના પદ પર તૈનાત હતો. નરેન્દ્ર સોમવારે રાત્રે પોતાની ડ્યુટી પૂરી કર્યા બાદ પોતાના રૂમમાં પાછો ફર્યો હતો. મંગળવારે સવારે જ્યારે તે ડ્યુટી પર ન પહોંચ્યો, ત્યારે તેમના સાથીઓએ તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો. ઘણી વાર ફોન કરવા અને અવાજ લગાવવા છતાં કોઈ જવાબ મળ્યો નહીં. ત્યારબાદ અધિકારીઓએ તેમના રૂમનો દરવાજો ખોલ્યો. અંદર રૂમના ફ્લોર પર નરેન્દ્રનો મૃતદેહ મળ્યો. તેઓ કેમ્પસની અંદર બનેલી સ્ટાફ ડોર્મિટરીમાં રહેતા હતા. હજુ સુધી મૃત સુરક્ષાકર્મીના મોતનું કારણ સામે આવ્યું નથી.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો

માહિતી મળ્યા બાદ પોલીસ ટીમે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને કબજે લીધો. તપાસ અધિકારી નઝરુલ ઈસ્લામે જણાવ્યું કે, મૃત્યુનું સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ જાણી શકાશે. તેમણે કહ્યું, અમને માહિતી મળ્યા બાદ અમારી ટીમ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહ શોધી કાઢ્યો. પોસ્ટમોર્ટમ બાદ જ મૃત્યુના કારણની પુષ્ટિ થઈ શકશે. રિપોર્ટના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

મૃતદેહ પર ઈજા, ઘા કે સંઘર્ષના નિશાન મળ્યા નથી

પોલીસ અધિકારી આરિફુલ ઈસ્લામે જણાવ્યું કે મૃતદેહ પર કોઈપણ પ્રકારની ઈજા, ઘા કે સંઘર્ષના નિશાન મળ્યા નથી. પ્રાથમિક રીતે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે નરેન્દ્રનું મૃત્યુ હાર્ટ એટેક કે સ્ટ્રોકના કારણે થયું છે. તેમણે કહ્યું કે શક્ય છે કે રાત્રિ દરમિયાન અથવા સવારે બાથરૂમમાંથી બહાર નીકળ્યા પછી તેમને હાર્ટ એટેક કે સ્ટ્રોક આવ્યો હોય. સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી જ સ્પષ્ટ થશે." પોલીસના જણાવ્યા અનુસાર,




ભારતીય અધિકારીઓની હાજરીમાં મૃતદેહને ચિત્તાગોંગ મેડિકલ કોલેજ હોસ્પિટલના મોર્ચરીમાં મોકલવામાં આવ્યો હતો.પોલીસ અધિકારી આરિફુલ ઈસ્લામે જણાવ્યું કે મૃતદેહ પર કોઈપણ પ્રકારની ઈજા, ઘા કે સંઘર્ષના નિશાન મળ્યા નથી. પ્રાથમિક રીતે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે નરેન્દ્રનું મૃત્યુ હાર્ટ એટેક કે સ્ટ્રોકના કારણે થયું છે. તેમણે કહ્યું કે શક્ય છે કે રાત્રિ દરમિયાન અથવા સવારે બાથરૂમમાંથી બહાર નીકળ્યા પછી તેમને હાર્ટ એટેક કે સ્ટ્રોક આવ્યો હોય. સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી જ સ્પષ્ટ થશે." પોલીસના જણાવ્યા અનુસાર, ભારતીય અધિકારીઓની હાજરીમાં મૃતદેહને ચિત્તાગોંગ મેડિકલ કોલેજ હોસ્પિટલના મોર્ચરીમાં મોકલવામાં આવ્યો હતો.

ભારતીય દૂતાવાસે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી

ભારતીય દૂતાવાસ દ્વારા હાલમાં આ ઘટના અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતીય અધિકારીઓ બાંગ્લાદેશ પ્રશાસન અને પોલીસના સતત સંપર્કમાં છે જેથી મૃત્યુના કારણોની સંપૂર્ણ તપાસ થઈ શકે. ઘટના બાદ સાવચેતીના ભાગરૂપે ભારતીય દૂતાવાસની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. તપાસ એજન્સીઓ સ્ટાફ ડોર્મિટરી અને આસપાસના વિસ્તારમાંથી પુરાવા એકત્ર કરવામાં વ્યસ્ત છે. ચિત્તાગોંગ મેટ્રોપોલિટન પોલીસના ડેપ્યુટી કમિશનર આમિરુલ ઈસ્લામે જણાવ્યું હતું કે આ મામલો વિદેશી દૂતાવાસ સાથે સંબંધિત છે, તેથી પોલીસ મર્યાદિત માહિતી જ શેર કરી રહી છે. તેમણે કહ્યું કે વધુ માહિતી માટે ભારતીય મિશનનો સંપર્ક કરી શકાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતીય અધિકારીઓ બાંગ્લાદેશ પ્રશાસન અને પોલીસના સતત સંપર્કમાં છે જેથી મૃત્યુના કારણોની સંપૂર્ણ તપાસ થઈ શકે. ઘટના બાદ સાવચેતીના ભાગરૂપે ભારતીય દૂતાવાસની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. તપાસ એજન્સીઓ સ્ટાફ ડોર્મિટરી અને આસપાસના વિસ્તારમાંથી પુરાવા એકત્ર કરવામાં વ્યસ્ત છે. ચિત્તાગોંગ મેટ્રોપોલિટન પોલીસના ડેપ્યુટી કમિશનર આમિરુલ ઈસ્લામે જણાવ્યું હતું કે આ મામલો વિદેશી દૂતાવાસ સાથે સંબંધિત છે, તેથી પોલીસ મર્યાદિત માહિતી જ શેર કરી રહી છે. તેમણે કહ્યું કે વધુ માહિતી માટે ભારતીય મિશનનો સંપર્ક કરી શકાય છે.

## તંત્રી લેખ

# બજેટ પર ચૂંટણીલક્ષી લેબલ ના વાગે તેનું ખાસ ધ્યાન રખાયું

ગયા રવિવારે નાણાંપ્રધાન સીતારામને રજૂ કરેલા બજેટમાં અમેરિકી ટેરિફનો ડર ના વર્તાય તેની તકેદારી રાખવાની સાથે બજેટ ચૂંટણીલક્ષી છે એવો સંકેત પણ ના જાય તેવા પ્રયાસો કર્યા હતાં. આ વર્ષે ચાર રાજ્યો વત્તા એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાનો જંગ છે. જ્યાં ચૂંટણી યોજાવાની હોય તે રાજ્યોના મતદારોને ખુશ કરવાનો રિવાજ છે. નવ વાર બજેટ રજૂ કરનારાં નિર્મલા સીતારામન પણ આ રિવાજ અથવા તો પરંપરા પાળવામાંથી બાકાત નથી રહ્યાં. તેમણે બહુ સાવચેતીપૂર્વક ચૂંટણી થવાની છે તે રાજ્યોમાં નવી સ્કીમો મારફતે રાહત પહોંચાડી છે.

અલબત્ત, નાણાંપ્રધાને કોઇ નવી વેલફેર સ્કીમ ચૂંટણીવાળાં રાજ્યો માટે નથી આપી. અમેરિકાની ટેરિફથી જે રાજ્યોને સૌથી વધુ અસર થઇ છે તેવા મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ અને તમિળનાડુનું બજેટમાં ખાસ ધ્યાન રખાયું છે. જે પાંચ પંથકમાં વિધાનસભાનો જંગ છે તેમાં આસામ, પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, કેરળ અને પુડીચેરીનો સમાવેશ થાય છે. એનડીએ આસામ રાજ્યમાં ફરી સરકાર રચાય તેમ ઈચ્છે છે, તો અન્ય રાજ્યોમાં પોતાની પકડને વધુ મજબૂત બનાવવા માંગે છે. અમેરિકી ટેરિફના કારણે તમિળનાડુના ટેક્સટાઈલ ઉદ્યોગને મોટો ફટકો પડયો છે. તમિળનાડુના મુખ્યપ્રધાન એમ.કે. સ્ટાલીને કેન્દ્ર સરકારને પત્ર લખીને મોકલ્યો છે કે ટેરિફના કારણે લાખો લોકોની જોબ પર જોખમ ઊભું થયું છે. તાજેતરમાં ભારત અને યુરોપ વચ્ચે થયેલા એફટીએ કરારના પગલે રોજગારી વધશે એમ નિષ્ણાતોનું માનવું છે.

તમિળનાડુમાં આડકતરી રીતે નોકરીઓ ઊભી થાય તે માટે નાણાંપ્રધાને મેગા ટેક્સટાઈલ પાર્ક ઊભા કરવાની જાહેરાત કરી છે. અન્ય જાહેરાતોમાં નેશનલ ફાઈબર સ્કીમ ગેમ ચેન્જર બની શકે છે. તેના કારણ સિલ્ક, વૂલ,અને જ્યૂટ જેવા નેચરલ ફાઈબર બાબતે આત્મનિર્ભર બની શકાશે. માણસે બનાવેલા ફાઈબર અને ટેકોનોલોજીના આધારે બનાવેલા ફાઈબરમાં બહુ ફર્ક જોવા નથી મળતો. ટેક્સટાઈલ ગાર્મેન્ટ, લેધર ગાર્મેન્ટ,લેધર કે સિન્થેટીક ફૂટવેર વગેરેની નિકાસ માટેની સ્કીમનો લાભ લેવાનો સમય છ મહિના પરથી ૧૨ મહિનાનો કરાયો છે. જેના કારણે ટેક્સટાઈલ અને લેધર નિકાસકારોને સીધો લાભ થઇ શકે છે. લેધરના માલસામાન માટે પશ્ચિમ બંગાળ બહુ પ્રખ્યાત છે.

જર્મન અને સ્વીડન જેવા દેશો યુરોપિયન યુનિયનના સભ્યો છે, જે ભારતના એસએમઇ સેક્ટરને બહુ ઉપયોગી બની શકે છે. એટલેજ સરકારે ૧૦,૦૦૦ કરોડ એસએમઇ ગ્રોથ ફંડની રચના કરી છે. હાઈસ્પીડ ટ્રેનની સવલતોની જાહેરાતોમાં હૈદ્રાબાદ-ચેન્નાઇ, ચેન્નાઇ -બેંગલુરૂ રૂટનો સમાવેશ થાય છે. ઓડિસા, કેરળ,આન્ધ્રપ્રદેશ અને તમિળનાડુમાંથી મળી આવતાં અપ્રાપ્ય ખનીજ તત્ત્વોને ધ્યાનમાં રાખીને નાણાપ્રધાને રેર અર્થ કોરીડોરની જાહેરાત કરીને કંઈક નવું આપવાનો પ્રયાસ કર્યો છે. તમિળનાડુની પુરાતત્વ સાથે સંકળાયેલી સાઈટ આદિચન્નલુર, પુલકીત લેક સાથે બર્ડ વોચીંગ સાઈટ વગેરે માટે સરકારી સહાય અને તેના વિકાસ માટે જોઈતી મદદની ખાત્રી આપી હતી. તમિળનાડુ, પ.બંગાળ, આસામ અને કેરળનાં ધાર્મિક સ્થળો ખાતે આધુનિક સવલતો ઊભી કરવા બજેટમાં ૫,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવમાં આવ્યા છે.

ટાયર -ટુ અને ટાયર-થ્રી શહેરો તેમજ જે શહેરોમાં મંદિરો છે ત્યાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભાં કરવા બજેટમાં ૭,૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. અહીં યાદ રહે કે સૌથી વધુ મંદિરો તમિળનાડુમાં છે કે જ્યાં વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે. રાજ્યનાં ૧૦૦ જેટલાં જૂનાં ઔદ્યોગિક સ્થળો અને એસ્ટેટોમાં વિશેષ સવલતો આપવાની બજેટમાં દરખાસ્ત છે.

**આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ક્રુડ અને જીવાશ્મ આધારિત ઈંધણ મેળવતી યોજનાઓની મદદમાં 80 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તેના કારણે આ રકમ 9.5 અબજ ડોલર પહોંચી ગઈ છે. બીજી તરફ સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી માટે આપવામાં આવતી સહાયમાં મોટાપાયે ઘટાડાતા આ રકમ માત્ર 3.7 અબજ ડોલર વધી છે : 2023માં બાંગ્લાદેશ, ફિલિપાઈન્સ અને ચીનને પ્રદુષણ સામે લડવા માટે અને વાયુ ગુણવત્તા સુધારવા માટે 65 ટકા મદદ બહારથી મળી હતી**

# વિશ્વમાં વાયુ પ્રદુષણથી વર્ષે 57 લાખ લોકોનાં મોત થાય છે

## સતત વધી રહેલું પ્રદુષણ અને વૈશ્વિક ધોરણે પ્રદુષણ રોકવા કામ કરતી સંસ્થાઓની આર્થિક મદદમાં કરાતો ઘટાડો મોટી જાનહાની નોંતરશે તેવા સંકેત



દુનિયામાં એક તરફ પ્રદુષણ વધી રહ્યું છે, લોકો માટે જીવવું મુશ્કેલ બની રહ્યું છે. હવા, પાણી, જમીન, ભોજન બધે જ પ્રદુષણ સતત વધી રહ્યું છે. હવે સ્થિતિ એવી બની રહી છે કે, વધતા પ્રદુષણને રોકવા માટે વાતો થાય છે, મિટિંગો થાય છે પણ તેના ઉપર કામ થઈ રહ્યું નથી. તેના માટે જે ભંડોળ ફાળવવામાં આવી રહ્યું છે તેમાં વ્યાપક ઘટાડો થઈ ગયો છે. કેટલાક જાણકારોનો આક્ષેપ છે કે, વિવિધ મોટા દેશ અને એજન્સીઓ દ્વારા એવી યોજનાઓમાં રોકાણ કરવામાં આવી રહ્યું છે અથવા તો ભંડોળ આપવામાં આવી રહ્યું છે જેના દ્વારા પ્રદુષણ વધારે ફેલાય છે. હાલમાં મોટા દેશોનું જે રીતે વલણ બદલાયું છે અને વૈશ્વિક સંસ્થાઓ દ્વારા નીતિગત નિર્ણયો લઈને જે રીતે કામ કરવામાં આવી રહ્યું છે તેના પગલે વિકાસશિલ દેશોને નુકસાન થઈ રહ્યું છે. આ સ્થિતિમાં સુધારો નહીં કરવામાં આવ્યો તો આગામી વર્ષોમાં લાખો લોકોનાં મોત વાયુ પ્રદુષણના કારણે થશે.

થોડા સમય પહેલાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે, વાયુ પ્રદુષણને કારણે વિશ્વમાં વર્ષે ૫૭ લાખ લોકોનાં મોત થાય છે. અહેવાલો જણાવે છે કે, ૨૦૨૩-૨૪માં ઘણા દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા એજન્સીઓ દ્વારા ક્રૂડ અને જીવાશ્મ આધારિત ઈંધણ મેળવતી યોજનાઓ પાછળ રોકાણ અને મદદમાં ૮૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તેના કારણે આ રકમ ૯.૫ અબજ ડોલર પહોંચી ગઈ છે. બીજી તરફ એજન્સીઓ દ્વારા સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી અને ગુણવત્તાસભર વાતાવરણ માટે આપવામાં આવતી સહાયમાં મોટાપાયે ઘટાડો કરવામાં આવ્યો છે. તેના કારણે આ રકમ માત્ર ૩.૭ અબજ ડોલર વધી છે. જાણકારો કહે છે કે, વૈશ્વિક ધોરણે વિવિધ દેશો અને એજન્સીઓ દ્વારા માનવતા માટે જે સહાય કરવામાં આવે છે તેની માત્ર ૧ ટકા રકમ વાયુ ગુણવત્તા માટે આપવામાં આવી છે. તેના કારણે આ કાર્યોના વિકાસમાં મોટાપાયે બ્રેક લાગી છે અને માણસોના સ્વાસ્થ્ય ઉપર ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે.

પ્રદુષણને અટકાવવા માટેની આર્થિક સહાય ઓછી થઈ રહી છે. ચિંતાજનક વાત એ છે કે, દર વર્ષે યોજાતા શિખર સંમેલનમાં પણ જળવાયુ પરિવર્તન અને પલટાતા હવામાન વિશે વાતો કરવામાં આવે છે, સ્વચ્છ હવા,પાણીની વાત કરવામાં આવે છે પણ તેના ઉપર કામ કરવામાં આવતું નથી. તેના વિશે ભંડોળ આપવાનું આવે ત્યારે સરકારો અને એજન્સીઓ હાથ પાછા ખેંચી લેતી હોય છે.

જાણકારો માને છે કે, વૈશ્વિક સ્વાસ્થ્ય અને વૈશ્વિક કલ્યાણ અંગે કામ કરતી સંસ્થાઓ દ્વારા પ્રદુષણથી થતાં વૈશ્વિક મોત અંગે ફેરવિચાર કરવો જોઈએ. માત્ર આર્થિક અને જિયોપોલિટિક્સના હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણય કરીને લોકોને મરવા માટે ન છોડી શકાય.

ઘણા દેશોમાં પ્રદુષણનું સ્તર સખત વધી રહ્યું છે અને તેની નકારાત્મક અસરો પણ જોઈ શકાય છે. વિશ્વની સૌથી મોટી વિકાસ એજન્સી યુએસએડ બંધ થવાના કારણ વર્લ્ડ બેન્ક જેવી સંસ્થાઓ ઉપર દબાણ વધ્યું છે. આ સ્થિતિનો ઉકેલ નહીં લાવવામાં આવે તો આગામી સમયમાં કરોડો લોકો પ્રદુષણના કારણે જીવ ગુમાવશે. અહેવાલ પ્રમાણે હાલમાં દર વર્ષે ૫૭ લાખ લોકો પ્રદુષણના કારણે જીવ ગુમાવે છે. ૨૦૪૦ સુધીમાં લોકોનાં મોતનો આ આંકડો ૬૨ લાખને પાર કરી જશે. જાણકારો માને છે કે, આ કોઈ ભયસ્થાન કે ચેતવણી નથી પણ હવે પ્રદુષણ અને તેના કારણે થતાં મોત મહામારીની જેમ વધી રહ્યા છે. વિશ્વના નબળા અને ગરીબ વર્ગો તથા છેવાડાના વર્ગો તેના કારણે ઘણી પીડા ભોગવી રહ્યા છે. આગામી સમયમાં પણ તેમને જ ભોગવવાનું આવશે.

ચિંતાજનક બાબત એવી છે કે, વૈશ્વિક સ્તરે પ્રદુષણ સામે લડવા માટે ફળવાતા ભંડોળમાં પણ ભયાનક સ્તરે અસમાનતા જોવા મળી રહી છે. ૨૦૨૩માં બાંગ્લાદેશ, ફિલિપાઈન્સ અને ચીનને પ્રદુષણ સામે લડવા માટે અને વાયુ ગુણવત્તા સુધારવા માટે ૬૫ ટકા મદદ બહારથી મળી હતી. બીજી તરફ સબ સહારન સેક્ટર અને સબ સહારન આફ્રિકાના વિસ્તારોને બહારથી મળતી મદદ આશ્ચર્યજનક રીતે ૯૧ ટકા ઘટી ગઈ હતી. તેના કારણે તેમને માત્ર ૧.૧૮ કરોડ ડોલર જ મળ્યા હતા. વિચારવા જેવી બાબત એ છે કે, જે વિસ્તારમાં સ્થિતિ સુધારવાની વધારે જરૂર છે, જ્યાં સ્વાસ્થ્ય માળખું સૌથી નબળું છે ત્યાં મદદ ઓછી પહોંચી છે. મોટા દેશ અને વૈશ્વિક એજન્સીઓ દ્વારા કેવી રીતે બેદરકારી દાખવવામાં આવે છે તેનું આ ઉદાહરણ છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૨૦૪૦ સુધીમાં પ્રદુષણના કારણે થતાં માનવ મોતનો આંકડો અડધો કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. બીજી તરફ વૈશ્વિક સંસ્થાઓ અને એજન્સીઓ દ્વારા જે રીતે ફંડ આપવામાં આવે છે અને કામગીરી થઈ રહી છે તે જોતાં મોતનો આંકડો ઘટશે નહીં પણ વધશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

જી-૨૦ દ્વારા પ્રદુષણ ઘટાડવાના મુદ્દાને પોતાના સૌથી મોટા એજન્ડામાં સ્થાન આપવામાં આવ્યું છે. બીજી તરફ વૈશ્વિક રાજકારણને પગલે અને બદલાતી રાજકીય સ્થિતિ અને અમેરિકાની આડોડાઈને કારણે હાલમાં વૈશ્વિક સંસ્થાઓ અટવાઈ ગઈ છે.

બજેટ અને નીતિઓ વચ્ચે વિશાળ અંતર છે અને બધું જ માત્ર કાગળ ઉપર જ રહ્યું છે. તેને વાસ્તવિકતા તરફ નહીં લઈ જવામાં આવે તો કોઈ ફાયદો થવાનો નથી.

જાણકારો માને છે કે, આર્થિક સહાયની જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ઉદ્યોગો, ઈંધણ અને પુન:અપ્રાપ્ય સ્રોત માટે ખર્ચવાના બદલે થોડા વધારે પ્રમાણમાં સ્વચ્છ હવા, પ્રદુષણમુક્તિ, સ્વચ્છ પાણી માટે પણ ખર્ચાવા જોઈએ. તે ઉપરાંત વૈશ્વિક સંસ્થાઓના નીતિગત મૂલ્યોમાં પણ પરિવર્તન આવવું જોઈએ. વાયુ પ્રદુષણ કોઈ કુદરતી આપત્તી નથી આ એક માનવ સર્જીત સમસ્યા છે જેનો ઉકેલ માણસોએ જ પોતાની રીતે લાવવો પડશે.

રાજકીય અસમાનતાઓ, રાજકીય નીતિઓ, આર્થિક પ્રાથમિકતાઓનો અભાવ, ઈચ્છાશક્તિનો અભાવ અને વૈશ્વિક અસમાનતાના કારણે માણસોએ જ કરેલા કર્મોનું ફળ મળી રહ્યું છે. વિશ્વ બેન્ક અને વૈશ્વિક સંસ્થાઓ પોતાના વલણમાં ફેરફાર નહીં કરે, વિશ્વ આરોગ્ય સંસ્થા અને જી-૨૦ જેવા સંગઠનો દ્વારા પોતાની કામગીરીની દિશામાં અને નીતિઓમાં સુધારો નહીં કરવામાં આવે તો સમયાંતરે થતી જાહેરાતો માત્ર કાગળ ઉપર જ રહી જશે. હવે ધીમે ધીમે આ લડાઈ માત્ર પ્રદુષણની વિરુદ્ધ નથી રહી. હવે આ લડાઈ ન્યાય, સમાનતા, દરેક વ્યક્તિને સ્વચ્છ હવામાં શ્વાસ લેવાના અધિકાર અને સ્વચ્છ વાતારવણમાં જીવન જીવવાના અધિકાર સુધી પહોંચી ગઈ છે. આપણા કરેલા પાપને કારણે ભાવી પેઢીની જિંદગી જોખમમાં મુકી શકાય નહીં.

પ્રદુષણ અને વૈશ્વિક સમસ્યાઓના નિવારણની કામગીરીની વાત આવે ત્યારે અનેક દેશો અને એજન્સીઓ દ્વારા ભારતને કાયમ અન્યાય કરવામાં આવ્યો છે. એશિયામાં જ અન્ય દેશોને મદદ વધારે મળે છે પણ ભારતની તરફ યોગ્ય સમર્થનનો હાથ લંબાવાતો નથી. દુનિયાના સૌથી વધારે પ્રદુષિત શહેરો પણ ભારતમાં વધી રહ્યા છે. દિલ્હી, પટના, લખનઉ, કાનપુર, ધનબાદ, ગાઝિયાબાદ જેવા શહેરોમાં પ્રદુષણ ભયાનક સ્તરે વધી રહ્યું છે.

શિયાળા દરમિયાન મોટાભાગનું ઉત્તર ભારત ગેસ ચેમ્બરમાં ફેરવાઈ જાય છે અને લોકોને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી સર્જાય છે છતાં પ્રદુષણને ડામવા માટે યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. અહેવાલો જણાવે છે કે, ભારતને ક્યારેય આ દિશામાં પ્રાથમિકતા આપવામાં આવતી નથી. તેને વાયુ પ્રદુષણ અટકાવવા માટે ભંડોળમાં અન્યાય કરવામાં આવે છે અને બીજી તરફ પ્રદુષણ રોકવા માટે થતા સંશોધનો કરવા માટે પણ ભારતને યોગ્ય સહાય કરવામાં આવતી નથી. ભારતમાં પ્રદુષણનો સ્થાનિક અને દિર્ઘકાલીન ઉકેલ લાવવા માટે યોગ્ય રોકાણ થતું નથી. એક અહેવાલ પ્રમાણે ભારતને વાયુ પ્રદુષણને કારણે ૯૫ અબજ ડોલરનું વાર્ષિક નુકસાન થાય છે. લોકોના કામકાજના દિવસોમાં ઘટાડો થાય છે, બાળકો સ્કુલે જઈ શકતા નથી, લોકોની ઉત્પાદકતા ઘટી જાય છે, હોસ્પિટલના ખર્ચ થઈ શકતા નથી, જીવનની ગુણવત્તામાં ઘટાડો થાય છે. આ સમસ્યા ધીમે ધીમે એટલી મોટી થઈ રહી છે કે આગામી પેઢીને તેનું ભયાનક પરિણામ ભોગવવાનું આવશે. ગરીબી, અસમાનતા, જાહેર સ્વાસ્થ્ય જોખમ સાથે જોડાયેલો આ સૌથી મોટો મુદ્દો છે.

ભારતમાં ગરીબ વસતી, અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા મજૂરો, ફૂટપાથ ઉપર અને જાહેર રસ્તાની સાઈડમાં રહેતા લોકો આ બધા જ પ્રદુષણનો સૌથી વધારે ભોગ બની રહ્યા છે. ચિંતાજનક બાબત એ છે કે, જ્યારે નીતિગત નિર્ણયો લેવામાં આવે છે ત્યારે આ તમામ લોકોની ઉપેક્ષા કરવામાં આવે છે.

સાઉથ એશિયામાં માત્ર ભારતને જ અન્યાય કરવામાં આવે છે જે અયોગ્ય છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળ એક જ વાયુક્ષેત્ર હેઠળ આવે છે. તેની અસર દરેક દેશ ઉપર સમાન પડવાની છે. તેથી પ્રદુષણ મુદ્દે એક દેશને મદદ અને બીજાને અન્યાય કરવાથી દેખીતો કોઈ લાભ થવાનો નથી.

# આપણે હંમેશા આપણી પ્રતિબદ્ધતાઓ અને વચનોનું પાલન કરવું જોઈએ પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા આપણા ચારિત્ર્યના મુખ્ય ગુણો છે

આજે આપણે ચિંતનાત્મક લેખમાં એક ગરીબ પ્રામાણિક માણસ, લાલચુ વેપારી અને ન્યાયી રાજની વાતથી કંઈક જાણવા પ્રયત્ન કરીએ તો ઘણા સમય પહેલાની વાત છે.એક ગરીબ માણસ પોતાના રાજ્યમાં ફરતો હતો,ત્યારે તેને કાપડનું પોટલું મળ્યું.તેને ખોલતાં જ તેમાંથી ૫૦ સોનાના સિક્કા અને એક પત્ર મળ્યો.પત્રમાં લખ્યું હતું:'જો આ પોટલું કોઈ કારણ સર ખોવાઈ જાય અને જે કોઈ તેને પાછું શોધી કાઢે,તો તેને ૧૦ સોનાનાસિક્કા આપવામાં આવશે પત્રમાં તે વેપારીનું નામ અને સરનામું પણ હતું જેની પાસે આ પોટલું હતું.ગરીબ માણસ પ્રામાણિક હતો.તેણે તરત જ વેપારીને શોધી કાઢ્યો અને તેના ઘરે ગયો.વેપારી જે પહેલાથી જ તેના સિક્કા ખોવાઈ જવાથી પરેશાન હતો,તે પોટલું મળી જતાં ખૂબ ખુશ થયો.પરંતુલોભજાગતાં તેણે ચાલાકીનો આશરો લીધો. પોટલું ગણ્યા પછી,વેપારીએ કહ્યું,'પોટલામાં ૬૦સિક્કા હતા. તમે પહેલાથી જ ૧૦ સિક્કાકાઢી લીધા છે.સારું,હું તમને તે આપવાનો હતો.હવે તમે જઈ શકો છો.'

ગરીબ માણસ ચોંકી ગયો.તેણે વેપારીને સમજાવવાનો પ્રયાસ કર્યો કે તેણે એક પણ સિક્કો લીધો નથી,પરંતુ વેપારી અડગ રહ્યો. કારણ કે મામલો પણ સામે આવ્યો હતો,મામલો વધુ વકર્યો અને રાજા સુધી પહોંચ્યો.રાજાએ બંનેની વાત સાંભળી.ગરીબ માણસે બધું પ્રામાણિકપણે કહ્યું. વેપારીએ કહ્યું,મહારાજ!પોટલી માંથી ૬૦ સિક્કા હતા,અને આ માણસે૧૦ સિક્કા કાઢી લીધા છે.

રાજા સમજદાર અને ન્યાયી હતા તેમણે તરત જ વેપારીના લોભને સમજી લીધો અને ચુકાદો આપ્યો 'વેપારી દાવો કરે છેકે તેના પોટલી માંથી ૬૦ સિક્કા હતા તેથી આ પોટલી તેની ન હોઈ શકે.આ પોટલી બીજા કોઈની હોવી જોઈએ જેમાં ૫૦ સિક્કા છે.તેથી આ પોટલી તે ગરીબ માણસપાસે રહેશે જ્યાં સુધી તેનો સાચો માલિક ન મળે.'આ સાંભળીને વેપારી સ્તબ્ધ થઈ ગયો તેણે રાજાને પૂછ્યું,'તો મારા સિક્કા ઓનું શું થશે?' રાજાએ હસીને કહ્યું,'જ્યારે કોઈ પ્રામાણિક વ્યક્તિને તમારા ૬૦ સિક્કાનું પોટલું મળશે,ત્યારે તે તમને પાછું આપશે.'આજે જોઈએ તો ગર્ગાચાર્ય નામકરણ સંસ્કારની વિધિ કરવા આવે છે.સંસ્કારથી મન શુદ્ધ થાય છે. વસ્તુમાં રહેલો દોષ સંસ્કાર કરવાથી દૂર થાય છે શાસ્ત્રમાં સોળસંસ્કાર બતાવ્યાછે આજકાલ તો બધા સંસ્કાર ભુલાઈ ગયા છે. સંસ્કાર લોપ થતો જાય છે.એટલે દેશ દુ:ખી છે અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ,જનોઈ વગેરેસોળ સંસ્કાર છે.જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે. આજ કાલ ધાર્મિકવિધિને મહત્વઆપવામાં આવતું નથી,કેવળ લૌક્કિને મહત્ત્વ આપવામાં આવે છે

ગર્ગાચાર્યની પરીક્ષા કરવારોહિણી ની ગોદમાં શ્રીકૃષ્ણ અને યશોદા ની ગોદમાં બલરામને રાખ્યા છે.

ગર્ગાચાર્યે નંદબાબાને કહ્યું :બાબા રોહિણીની ગોદમાં છે તે તમારો પુત્ર છે, તે તો સ બદલતો આવ્યો છે. આ વખતે તેણે શ્યામ વર્ણ ધારણ કર્યો છે.તે સર્વના મન ને આકર્ષી લેશે. તે સર્વને આનંદ આપશે. તેથી તેનું નામ શ્રીકૃષ્ણ રાખો. તેના જન્માક્ષર બહુ સારા છે. એ મહાજ્ઞાની થશે, મહાયોગી થશે.પાંચ ગ્રહો ઉચ્ચ માં પડયા છે. જન્મકુંડળીમાં આઠ ગ્રહો ખૂબ સારા છે,પણ એક ગ્રહ રાહુ ખરાબ પડયો છે.

નંદબાબા ગભરાય છે.રાહુ ખરાબ પડયો છે, એટલે શું થશે?

ગર્ગાચાર્ય કહે છે:તેમાં કાંઈ બીવા જેવું નથી. જેના સપ્તમ્ સ્થાનમાં નીચ ક્ષેત્રમાં રાહુ હોય તે અનેક સ્ત્રીઓનો ધણી થાય છે.નંદ બાબા કહે છે:મને એક બ્રાહ્મણે એવો આશીર્વાદ આપ્યો છે કે, તમારા લાલાને સોળ હજાર રાણી ઓ થશે.ગર્ગાચાર્ય :બાબા,વધારે શું કહું? કનૈયો નારાયણ જેવો છે,નારાયણ સમાન છે. સનાતન ગોસ્વામી અર્થ કરે છે કે નારાયણ જેવો શ્રીકૃષ્ણ છે એમ કહો તો નારાયણ શ્રેષ્ઠ ઠરે છે. માટે નારાયણ સમાન શ્રીકૃષ્ણ નહીં, પણ શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે એમ કહેવું જોઈએ. વૃંદાવનના સાધુઓએ નારાયણ સમાન નહીં,પણ નારાયણ શ્રી કૃષ્ણ જેવા છે એવો અર્થ કર્યો છે નારાયણ સમાન શ્રીકૃષ્ણ છે,તેમાં નારાયણ મુખ્ય અનેશ્રીકૃષ્ણગૌણ છે.શ્રીકૃષ્ણ સમાનનારાયણ છે તેમાં શ્રીકૃષ્ણ મુખ્યઅને નારાયણ ગૌણ છે.શ્રી કૃષ્ણ અને નારાયણ માં કાંઈ ફેર નથી.આ કેવળ પ્રેમ નો મધુરકલહ છે.શ્રી કૃષ્ણ સમાન નારાયણ છે,આવો અર્થ કરીએ તો શ્રીકૃષ્ણ પ્રધાન અને નારાયણ ગૌણ બને છે. નારાયણમાં સાઠ ગુણો છે,જ્યારે મુરલી મનોહર શ્રીકૃષ્ણમાં ચોસઠ ગુણો છે. નારા યણ કરતાં ચાર ગુણો વધારે છે ૧.રૂપમાધુરી,૨. લીલામાધુરી, ૩.વેણુમાધુરી,૪. પ્રિયામાધુરીઆ ચાર ગુણો શ્રીકૃષ્ણમાં વધારે છે. નારાયણમાં આ ચાર ગુણો નથી. નારાયણને ચાર હાથ છે તેથી તેઓ થોડા બેડોળ લાગે છે, તેથી આ બે હાથ વાળો કનૈયો શ્રેષ્ઠ છે. વૈકુંઠના નારાયણ તો અક્કડ ઊભા રહે છે.અમારી સાથે બોલતા પણ નથી જ્યારે અમારો કનૈયો અમારી સાથે બોલે છે, અમારી સાથે રમે છે,અમારીસાથે ફરે છે.તેથી અમારો કનૈયો શ્રેષ્ઠછે કૃષ્ણનાં દર્શન માટે જે આતુર બને છે તેની પાછળ કનૈયો આવે છેજ ગોકુળમાં એક નવી વહુ આવી હતી તે કનૈયાનાં દર્શન કરવા માટે આતુર હતી.તેની સાસુ તેને શ્રી કૃષ્ણનાં દર્શન કરવા જવા દેતી ન હતી.આજે તે જળભરવા જાય છે. શ્રીકૃષ્ણનું ચિંતન કરતાં દેહનું ભાન ભૂલી જાય છે.લાલા ના કેશ વાંકડિયા છે, મસ્કત ઉપર મોરપીંછ છે, હોઠ ઉપર મોરલી ધારણ કરી છે, કાનમાં મકરાકૃતિ કુંડળ અને કેડ ઉપર પિતાંબર ધારણ કર્યું છે. ત્યાં તો છુમછુમ કરતો કનૈયો પાછળથી આવે છે. આવીને સાડીનો છેડો પકડે છે. ગોપી જુએ છે તો કનૈયાએ આવીને સાડી પકડી છે.ત્રણ વર્ષનો કનૈયો છે.ગોપી કનૈયાને ઊઠાવી છાતી સરસો ચાંપે છે. કનૈયો સર્વનો પિતા છે,સર્વનો પતિ છે અને સર્વનો બાળક છે. વૈકુંઠના નારાયણ મર્યાદા પુરુષોત્તમ છે,ત્યારે આ કનૈયો પુષ્ટિ પુરુષોત્તમ છે.કનૈયો કરે છે તેવી લીલા મનુષ્ય તો શું,દેવોપણ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ દેવોનાપણ દેવ છે.એકસખી દહીં,દૂધ,માખણ વેચવા નીકળે છે.શ્રીકૃષ્ણ પ્રેમમાં એવું દેહભાન ભૂલી છે કે બોલવું જોઈએ દહીં,લો,માખણ લો!પણ માખણ શબ્દ યાદ આવે જ નહીં. તેની બુદ્ધિમાં માધવ હતા,એટલે બોલવા લાગી, કોઈ માધવ લ્યો, કોઈ ગોવિંદ લ્યો.ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી. ચૌદ ભુવનનાં નાથને મટુકીમાં ઘાલી!ગોપની આ હાલત છે. શ્રી કૃષ્ણ પ્રેમમાં એવી તન્મય થઈ છે કે,એ શું બોલે છે તેનું એને ભાન નથી.લાલાને કાને આ શબ્દપડયા લાલો કહે,આ તો જબરી છે.મને વેચવા નીકળી છે.રસ્તામાં જ શ્રી કૃષ્ણ પ્રગટથયા સખીને કહે,અલી ગોપી!હું ગોકુળનો રાજા છું તુંમને માખણ આપ.વાચક ચાહક મિત્રો

ગરીબ પ્રામાણિક માણસ અને લાલચુ વેપારી પાસેથી એક શીખ મળે છે કે આપણે હંમેશા આપણી પ્રતિબદ્ધતાઓ અને વચનોનું પાલન કરવું જોઈએ. પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા આપણા ચારિત્યના મુખ્ય ગુણો છે. જે લોકો પોતાના વચનો તોડે છે તેઓ સમાજમાં માન ગુમાવે છે. બીજી બાજુ,પ્રામાણિકતા આપણને ફક્ત આત્મસંતોષ જ નહીં આપે પણ બીજાઓની નજરમાં પણ ઉંચા સ્થાન આપે છે.આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# જુવાનીને દહાડે રે હરિને જાણ્યાં નહીં રે.. એ રચનામાં નરસિંહ પરદારા કોને કહે છે?



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં હમણાં અમારી જ્ઞાતિમાં નાની ઉંમરનાં મરણ થયાં, અને એ પણ હૃદય દ્રાવક! કર્મ ધર્મનું કેટલુંય લખાય છે, પણ એવે સમયે એમ થાય કે, ઈશ્વરે આ શું કર્યું? પણ જન્મ મૃત્યુની ડોર એણે સ્વયંનાં હાથમા રાખી છે, એટલે વલોપાત કરવાં સિવાય જીવ પાસે કંઈ હોતું નથી! જન્મ તો હજી પણ નવ મહિનાનો સમય આપે છે, પણ મૃત્યુ તો જરાય સમય આપતું નથી! પલભર પહેલાં હસતો પરિવાર, બીજી ક્ષણે રોકકળ કરતો જોવાં મળે! જોકે મૃત્યુનાં બે પ્રકાર છે, અકાળ મૃત્યુ એટલે કે મરવાની ઉંમર થઈ ન્હોય અને આવે એ, જ્યારે કાળ મૃત્યુમાં માનવી ઉંમરનાં વધવા સાથે તબક્કાવાર મૃત્યુ સમીપે પહોંચે છે! પરંતુ જીવ મોહ માયા કે વિષયી બની જાણવાં છતાં અજાણ બની સંસારમાં રચ્યો પચ્યો રહે છે, અને આ વાત ફક્ત કળિયુગની નથી! ભોગ પ્રત્યેની લાલચ માનવીય જીવનની સૌથી મોટી નબળાઈ છે! હાં લાલચ માં ફેર હોય! જેમ કે કોઈ કામી હોય, કોઈ લોભી હોય, કોઈ સ્વાદિયા હોય, કોઈ રાગી હોય, કોઈ ઢોંગી હોય! કોઈ વ્યસની હોય, આમ તૃષ્ણા જુદી જુદી, નાગરી ભાષામાં કહીએ તો, રસિક બહુ! નરસિંહ પણ નાગર ! એટલે રસિક જનની નબળાઈને એણે પોતાની રચનામાં વણીને, સમય રહેતાં ઈશ્વરને સાધી લેવાની વાત કરી, આજે આપણે એને વિશે ચિંતનમાં વાત કરીશું.

* નરસિંહ મહેતા*

**જુવાનીને દહાડે રે હરિને જાણ્યાં નહીં રે,  
મોહ્યું પરદારા સાથે મંન..  
કાંઈક ગયા રે કામિની તલપતાં રે,  
પછે જોડવાં લાગ્યો ધંન..(૧)

આદિ કવિ ભોગી અને સંસારી જીવ ની માનસિકતાને વર્ણવતા કહે છે કે, જુવાનીનાં દિવસોમાં હરિને યાદ કર્યા નહીં! પોતાની પત્ની સાથે કામવશ થાય એ તો સમજાય! પણ એનું મન હજી પરદારા એટલે કે પારકી અન્ય સ્ત્રીમાં મોહ્યું છે, એટલે કે એની પ્રત્યે આસક્તિ ભાવ થાય છે, અને એમ કેટલાંયે વિષય, રાગ, વાંસના, આલાપતા કામિની પાછળ વર્ષો વેડફી નાંખ્યાં! અને પછીના વર્ષોમાં ધન એકઠું કરવામાં પરોવાઈ ગયાં

**પચીસ ને પચાસ રે ગયાં પરપંચમાં રે,  
દોહેલા આવ્યા સાઠી નાં દંન,  
સીત્તેરને સુધી કાંઈ સમજ્યો નહીં,  
પછે સાધવા ચાલ્યો વંન.. (૨)

આમ કામવશ કે ધનવશ થઈને પચીસ થી પચાસ વર્ષ હું કંઈક છું! અથવા હું કંઈક જાણું છું! એવાં પ્રપંચમાં ચાલ્યા ગયાં! પણ ધીરેધીરે શરીરની વય વધવાની ખબર પડી હોય, એમ સાઠ એ પહોંચ્યાં ત્યાં તો શરીરે જવાબ દઈ દીધો! પણ હજી સીત્તેર સુધી હરિ સ્મરણ કરવાનું સુઝ્યું નહીં, અને પછી વૈરાગ્ય આવ્યો હોય એમ વનમાં ચાલ્યો!

**કે નયણે ન સુઝે રે, ગળે બહુ નાસિકા રે,  
બોલ્યું સંભળાય નહીં કરણ,  
આશા તો મૂકે નહીં રે, ટળે નહીં તૃષ્ણા રે,  
ઓળખાયા નહીં અશરણ શરણ.. (૩)

પણ ત્યાંય શરીર અવસ્થા બહુ કફોડી થઈ ગઈ! આંખે દેખાતું નથી, નાકમાંથી નિરંતર પાણી નીકળે છે, કાને પણ બોલ્યું સંભળાતું નથી! પણ છતાં હજી આમ કરવું છે! અને આમ થાય તો બહુ સારું! એવી મનની આશા કે તનની તૃષ્ણા ટળતી નથી, અને તોય અનાથના નાથ કે અસમર્થ ને સમર્થ કરનારાં હરિને ઓળખ્યો નહીં!

**કે કરમાં લાકડી રે, ચરણ ચાલે નહીં રે,  
થર થર ધ્રુજવા લાગ્યું તંન,  
મુખ માંહે દંત રે એકે દિસે નહીં રે,  
તો યે ભૂંડું ઉદર માંગે અન્ન..(૪)

કવિ શરીરની સાવ અંતિમ અવસ્થાનું વર્ણન કરતાં કહે છે કે, હાથમાં લાકડી આવી ગઈ, અને તોય પગ ચાલતાં નથી! એટલું શરીર થરથર ધ્રુજવા લાગ્યું છે, મોઢામાં એકપણ દાંત દેખાતો નથી, તોય આ પેટ અન્ન માંગે છે!

**ભાગ્ય જેનું ભલું રે અવસરને ઓળખે રે,  
બાંધ્યું રહે શ્યામ સંઘાથે મંન,  
નરસૈયાનો સ્વામી રે, શીતળ દ્રષ્ટે જુવે રે,  
જો હોય પૂરવ જનમનું પુન્ય..(૫)

આ જન્મ ભક્તિ મુક્તિ માટે મળ્યો છે, એવું જે મનુષ્યને સમયસર ભાન થઈ જાય, અને જેનું મન સંસારમાં નહીં પણ શ્યામ સંગાથે બંધાઈ ગયું છે, જેનાં પૂર્વ જન્મનાં પુન્ય હોય એની પર નરસૈયાનાં સ્વામીની શીતળ દ્રષ્ટિ રહે છે.

ચોર્યાસી લાખ યોનિ માંથી પસાર થાય ત્યારે માંડ મનુષ્ય જન્મ મળે છે, પણ જન્મ થતાં જ મનુષ્ય આ ફેરાની વિટંબણા ભૂલી જાય છે, અને જાણે ભોગ ભોગવવાં માટે જ જન્મ મળ્યો હોય, એમ ઉંમરના એક પછી એક મુકામ પસાર કરે છે. કવિ કહે છે કે પચીસ થી પચાસ વર્ષ તો ભોગીની માનસિકતામાં, એટલે કે સંસારનાં વ્યવહારમાં, પરિવારની મમતામાં કે પછી ભોગ પ્રેરક વિષયો માં રચ્યો પચ્યો રહે છે! અને શરીર જ્યારે નબળું પડે અને અન્ય દુન્યવી કાર્ય થઈ શકે એમ ન્હોય ત્યારે એ હરિનું સ્મરણ કે ભજન કરવા વિચારે છે! પરંતુ આંખે દેખાતું નથી, કાન સાંભળી શકતાં નથી, શરીર અવસ્થાને કારણે ધ્રુજવા લાગ્યું છે, હાથમાં લાકડી હોવા છતાં પગ સ્થિર ચાલી શકતાં નથી, મોઢામાં દાંત નથી, ગમે તેટલી શારિરીક અસ્વસ્થતા હોય તોય એને ખાવાનું ભૂલાતું નથી! સુક્ષ્મ અર્થે કવિ કહે છે કે પારંપરિક રીતે માનવીની જે માન્યતા છે કે, ભક્તિ તો પાછલી ઉંમરે જ થાય! એ વાતનો છેદ ઉડાડી દે છે, અને કહે છે કે ભક્તિ માટે કોઈ નિશ્ચિત ઉંમર નથી હોતી! બસ જાગવાની જરૂર હોય છે, અને ભાગ્યનાં પાસાને પ્રબળ બનાવતાં કહે છે કે જેણે પૂર્વ જન્મમાં ભક્તિ કરી હશે, એ જ આ અવસરને ઓળખી જાય છે, અને સમયસર ભગવાનને શરણે જાય છે, એમનો જન્મ સફળ થાય છે. કવિ માનવીનાં ઘડપણનું આબેહૂબ ચિત્રાંકન કરી, લાલ બત્તી ધરી સૌને ચેતવે છે કે જ્યારે તમારું કહ્યું તમારું તન કરી શકે નહીં, ત્યારે પણ તમે તૃષ્ણા છોડી શકતાં નથી! આમ તો આ આખી રચના ઘડપણ વર્ણવે છે. પણ બે શબ્દ પરદારા અને અશરણ નાં શરણ એ નવા અને આધ્યાત્મિક રીતે કંઈક વિશેષ અર્થ પ્રદાન કરે છે. પરદારા શબ્દનો સ્થૂળ અર્થ તો પારકી સ્ત્રી એવો થાય છે, પણ કવિ અહીં પ્રત્યેક મનુષ્યને પુરુષ અને ભક્તિને જ નારી કહી છે, જ્યારે વાંસના એવંમ કામના વૃત્તિને પરદારા એટલે કે પારકી સ્ત્રી કહીને કહે છે કે, એણે ભક્તિ આસપાસ જ પોતાનું જીવન પુરું કરવું જોઈએ! જાગૃત ન રહેનાર કેટલાંયનું અડધું જીવન તો આમ જ વિતી જાય છે. અશરણ નાં શરણ, એ શબ્દ ભગવાન માટે છે. સમયસર હું કંઈક છું! નામની વૃત્તિ છોડીને અનાથ નાં નાથ એવા શ્રીકૃષ્ણનું શરણું ગ્રહી લઈ, આત્મ નિવેદન રુપે શારિરીક અસમર્થતા સમર્થ નાં શરણે રાખીને હરિ સ્મરણ કરવાથી જ ઘડપણ દૂર રહે, અથવા ગોપી જેમ સંસારમાં રહેવા છતાં સાંસારિક ભાવોથી અલિપ્ત થઈને જીવવું, એ હાર્દને પકડી આપણે સૌ મનુષ્ય દેહનું મુલ્યાંકન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારાં આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# અમદાવાદની 'સૌદાગરી પ્રિન્ટ'ને જી.આઈ. ટેગ બાદ વૈશ્વિક કલાકારો અને ડિઝાઈનર્સ માટે આ કળા બની આકર્ષણનું કેન્દ્ર

**ગાંધીનગર, તા.20**

ગુજરાતનું ઐતિહાસિક શહેર અમદાવાદ માત્ર તેની આધુનિક કાપડ મિલો માટે જ નહીં, પરંતુ તેના ભવ્ય અને સમૃદ્ધ હસ્તકલાના વારસા માટે પણ જગવિખ્યાત છે. 'માન્ચેસ્ટર ઓફ ધ ઈસ્ટ' તરીકે ઓળખાતા આ શહેરની સાંકડી ગલીઓમાં છેલ્લા કેટલાય દાયકાઓથી વિસરાઈ ગયેલી 300 વર્ષ જૂની 'સૌદાગરી બ્લોક પ્રિન્ટિંગ' કળાને હવે એક નવું સત્તાવાર જીવન મળ્યું છે.

વર્ષ 2023માં ભારત સરકારના ભૌગોલિક સંકેત રજિસ્ટ્રી દ્વારા આ અદ્ભુત હસ્તકલાને સત્તાવાર રીતે જી.આઈ. ટેગ (Geographical Indication Tag) એનાયત કરવામાં આવ્યો છે. અમદાવાદના જમાલપુર ખાતે કાર્યરત 'બંગલાવાલા મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી'ના નામે આ જી. આઈ. ટેગ મળ્યો છે. GI ટેગ થકી આ વૈશ્વિક ઓળખ મળ્યા બાદ, વર્ષોથી હાંસિયામાં ધકેલાઈ ગયેલી અને લુપ્ત થવાના આરે પહોંચેલી આ ઐતિહાસિક કળા ફરી એકવાર દેશ-વિદેશના ફેશન જગતમાં ભારે ચર્ચાના કેન્દ્રમાં આવી ગઈ છે.

જોકે, સમયના બદલાતા પ્રવાહ સાથે જે કળાનો વૈશ્વિક સ્તરે ડંકો વાગતો હતો, તેને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વૈશ્વિક અર્થતંત્ર ખોરવાઈ જતાં મોટો આંચકો લાગ્યો હતો. ત્યારબાદ કાપડ ઉદ્યોગમાં આધુનિક મશીનરી, સ્ક્રીન પ્રિન્ટિંગ અને મોટા લાકડાના બ્લોક્સની એન્ટ્રી થતાં, સૌદાગરીની સમય માંગી લેતી આ અતિ ઝીણી અને પરંપરાગત ડિઝાઈનો સ્પર્ધામાં પાછળ ધકેલાઈ ગઈ. પરિણામે, 20 મી સદીના અંત સુધી આ કળા સાવ વિખરાઈ ગઈ અને જાણે સંપૂર્ણપણે નાબૂદ થઈ ગઈ હતી. છીપા સમુદાયના જ શાકીર બંગલાવાલા અને ઈરીના



બંગલાવાલા જેવા ગણ્યાગાંઠ્યા પરિવારોએ આ લુપ્ત થતી પરંપરાના મૂળિયાંને ગમે તેવા કપરા સંજોગોમાં પણ મજબૂતાઈથી સાચવી રાખ્યા હતા.આજના આધુનિક યુગમાં મહિલા સશક્તીકરણની વાતો બહુ સામાન્ય બની છે, પરંતુ અમદાવાદની છીપા કોમ્યુનિટીની મહિલાઓ તો વર્ષો પહેલાંથી જ મહિલા સશક્તિકરણનું જીવંત ઉદાહરણ પૂરું પાડી રહી છે.

આ સમુદાયની મહિલાઓ પેઢીઓથી કોઈ પણ આડંબર વિના આ અઘરી પ્રિન્ટિંગ કળા સાથે જોડાઈને આત્મનિર્ભર બની છે અને પોતાના ઘરના આર્થિક સ્તંભ તરીકે યોગદાન આપતી આવી છે.

આ વિસરાઈ ગયેલા વારસાને ખરા અર્થમાં પુનર્જીવિત કરવાની સાથે, પોતાના પૂર્વજોના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખતી આ સંસ્થા દ્વારા અમદાવાદના સ્થાનિક વિસ્તારની 25 જેટલી જરૂરિયાતમંદ મહિલાઓને આ અઘરી બ્લોક પ્રિન્ટિંગ કળાની મફત તાલીમ આપીને આત્મનિર્ભર બનાવી છે. આજે આ મહિલાઓ ગૌરવપૂર્ણ આજીવિકા કમાઈને પોતાના પરિવારને આર્થિક ટેકો આપી રહી છે. આ ભગીરથ અને સરાહનીય પ્રયાસોને કારણે જ આ સંસ્થાને ગુજરાત સરકાર તરફથી પણ સન્માનિત પણ કરવામાં આવી છે. ટેકનિકલ દ્રષ્ટિએ સૌદાગરી બ્લોક પ્રિન્ટિંગની સૌથી મોટી ખાસિયત તેની અતિ જટિલ ડિઝાઈન છે જે તેને સામાન્ય પ્રિન્ટિંગથી તદ્દન અલગ પાડે છે. સામાન્ય બ્લોક પ્રિન્ટિંગમાં મોટા લાકડાના બ્લોક્સ વાપરીને કાપડ ઝડપથી છાપી દેવાય છે, જ્યારે સૌદાગરીમાં શ્રી માણેકલાલ ગજ્જર જેવા પરંપરાગત બ્લોક મેકર્સ દ્વારા તૈયાર કરાતા માત્ર અઢી થી ત્રણ ઈંચના અત્યંત નાના અને ઝીણી નકશીવાળા લાકડાના બ્લોક્સનો જ ઉપયોગ થાય છે. આ પ્રિન્ટિંગમાં મોર્ડન્ટ ડાઈંગ, રેઝિસ્ટ ડાઈંગ અને હેન્ડ પેઈન્ટિંગ જેવી અટપટી પ્રક્રિયાઓ થાય છે. આ કળામાં કાપડ પર પાકા અને આકર્ષક રંગો લાવવા માટે આમલીના બીજની પેસ્ટ, ગોળ, લોખંડનો કાટ, હળદર, દાડમની છાલ અને ફૂલો જેવા શુદ્ધ કુદરતી સ્ત્રોતોની પરંપરાગત પદ્ધતિ પણ અપનાવાય છે.

# પ્રાકૃતિક કૃષિ અભિયાન-2026 : પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતીપદ્ધતિ નહી પણ જીવનની જડીબુટ્ટી

**નડિયાદ, તા.20**

પ્રાચીન સમયથી 'ખોરાક એ જ ઔષધ' મનાતુ હતુ પરંતુ આપણે આજે જે ખોરાક લઈ રહ્યા છીએ તે ધીમું ઝેર સાબિત થઈ રહ્યો છે.દેશ સહિત રાજ્યમાં જોવા મળતા કેન્સરના કેસ પાછળ ખેતી પદ્ધતિમાં રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોનો ઉપયોગ એક મુખ્ય કારણ તરીકે સામે આવ્યું છે. આ પરિસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ માત્ર પર્યાવરણ માટે જ નહીં, પણ માનવજાતને કેન્સર જેવી જીવલેણ બીમારીઓથી બચાવવા માટે એક અનિવાર્ય વિકલ્પ બની રહી છે.

આધુનિક ગણાતી રાસાયણિક ખેતીમાં વધુ ઉત્પાદન મેળવવાની લાલચમાં યુરિયા, ડીએપી અને અનેક પ્રકારના પેસ્ટિસાઈડ્સનો ખુબ જ ઉપયોગ થાય છે. આ ઝેરી રસાયણો પાકના મૂળ દ્વારા ફળ, શાકભાજી અને અનાજમાં પ્રવેશે છે.અને આ રાસાયણિક ખાતરો જમીનમાં ઉતરીને પીવાના પાણીને પણ દૂષિત કરે છે.લાંબા ગાળે આ દૂષિત ખોરાક આપણા શરીરમાં કોષોના બંધારણને નુકસાન પહોંચાડે છે જે કેન્સર જેવી

## સ્વાસ્થ્યનું સુરક્ષા કવચ બની રહી છે પ્રાકૃતિક કૃષિ

બીમારીઓનું મૂળ બને છે.

સ્વાસ્થ્યનું સુરક્ષા કવચ બની રહી છે પ્રાકૃતિક કૃષિ... પ્રાકૃતિક ખેતી એટલે 'શૂન્ય બજેટ ખેતી', જેમાં કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર આધારિત જીવામૃત અને બીજામૃતનો ઉપયોગ થાય છે.

પ્રાકૃતિક કૃષિનો ઝેરમુક્ત આહાર એ તેની મૂળ ખાસિયત છે. કોઈ પણ પ્રકારના રાસાયણિક ખાતર કે જંતુનાશક વગર તૈયાર થયેલો ખોરાક શુદ્ધ અને સાત્વિક હોય છે.જેમાં પોષક તત્વોની વિપુલતા જોવા મળે છે.પ્રાકૃતિક રીતે ઉગાડેલા પાકમાં એન્ટી-ઓક્સિડન્ટ્સ, વિટામિન્સ અને મિનરલ્સનું પ્રમાણ વધુ હોય છે, જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. સ્વાદ અને સુગંધની વાત કરવામાં આવે તો,રાસાયણિક ખેતી કરતા પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોનો સ્વાદ વધુ સારો અને કુદરતી હોય છે.ઉપરાંત પ્રાકૃતિક કૃષિ થકી પર્યાવરણની જાળવણી થાય છે,જમીન, જળ અને વાયુ પ્રદૂષિત થતા અટકે છે, જે પરોક્ષ રીતે લાંબા ગાળાના સ્વાસ્થ્ય લાભો આપે છે.

દર વર્ષે ૦૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં 'વિશ્વ કેન્સર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણીનો મુખ્ય હેતુ નાગરિકોમાં કેન્સર વિશે જાગૃતિ વધારવાનો અને આ રોગ સામે લડવા માટે વૈશ્વિક સ્તરે પ્રયાસોને વધુ મજબૂત બનાવવાનો છે.

# નડિયાદમાં સહકારી શિક્ષણ પરિષદ યોજાઈ: અગ્રણીઓએ ગ્રામીણ વિકાસ અને કુદરતી ખેતી પર ભાર મૂક્યો.....

**નડિયાદ, તા.20**

કૃષભ ભારતી કો-ઓપરેટીવ લિમિટેડ અને ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના સંયુક્ત ઉપક્રમે નડિયાદ ખાતે 'સહકારી શિક્ષણ પરિષદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડા જિલ્લા બેંકના મીટિંગ હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને જિલ્લાના પદાધિકારીઓએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કૃભકો અને CWCના ડિરેક્ટર તેમજ ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બીપીન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું ઉદ્ઘાટન ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન અને ગુજકોમાસોલના ડિરેક્ટર તેજસ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

પરિષદમાં અતિથિ વિશેષ તરીકે અમૂલના પૂર્વ ચેરમેન વિપુલ



પટેલ, લુણાવાડા ખરીદ વેચાણ સંઘના ચેરમેન મનોજ પટેલ તથા નડિયાદ તાલુકા સંઘના ચેરમેન દિગવેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કૃભકોના સ્ટેટ માર્કેટિંગ મેનેજર સંદીપ પંડ્યા તેમજ ખેડા જિલ્લાની વિવિધ સહકારી સંસ્થાઓના પદાધિકારીઓએ હાજર રહી સહકારી માળખાને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સહકારી બંધુઓને ગ્રામીણ અને સહકારી ક્ષેત્રના વિકાસ માટેની સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને રાસાયણિક ખાતરોનો મર્યાદિત ઉપયોગ કરી કુદરતી ખેતી તરફ વળવા અને જમીનની ફળદ્રુપતા જાળવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આનાથી સરકારની સબસિડીનો સદુપયોગ થાય અને લોકોના સ્વાસ્થ્યમાં સુધારો આવે તેવા હેતુ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે એક સન્માન સમારોહ પણ યોજાયો હતો. સહકારી અગ્રણી બીપીન પટેલની તાજેતરમાં જ 'કૃભકો' અને 'CWC' ના ડિરેક્ટર પદે બિનહરીફ વરણી કરવામાં આવી છે. તેમની આ સિદ્ધિ અને સહકારી ક્ષેત્રમાં તેમના પ્રદાન બદલ મહાનુભાવો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાઈ રાજ્ય મંત્રી મંડળની બેઠક

## રાજ્યમાં કોમર્શિયલ અને PNG ગેસની ઉપલબ્ધતા તથા નવા જોડાણની સ્થિતિની મુખ્યમંત્રીશ્રીએ સમીક્ષા કરી: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

**ગાંધીનગર, તા.20**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગરમાં રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં કોમર્શિયલ અને PNG ગેસની ઉપલબ્ધતા તથા નવા જોડાણની સ્થિતિની સમીક્ષા કરી હતી. આ સંદર્ભે માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક કટોકટી વચ્ચે રાજ્યના સામાન્ય નાગરિકોને ઘરવપરાશ માટે D-PNG ગેસ સરળતાથી મળે તે માટે સરકારે ખૂબ જ ઝડપથી કામગીરી કરી છે. ગુજરાત એનર્જી લિ. (GEL) દ્વારા ગત તા. ૧ થી ૧૭ માર્ચના સમયગાળા દરમિયાન સામાન્ય નાગરિકોને ૪૦ હજાર નવા D-PNG ગેસ કનેક્શન અને ૧૩ હજાર પુનઃ જોડાણ આપ્યા છે. આ ઉપરાંત ૫૦૦ નવા વેપારી જોડાણ પણ આપ્યા છે. સમગ્ર ગુજરાતની વાત કરતા તેમણે કહ્યું કે, ગુજરાત એનર્જી લિ. સહિત રાજ્યની તમામ સીટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓએ મળીને આશરે ૮૫ હજાર D-PNG કનેક્શન અને ૧,૧૦૦ કોમર્શિયલ જોડાણ પૂરા પાડ્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે સામાન્ય જનતા સાથે જોડાયેલી સંસ્થાઓ જેવી કે હોસ્પિટલ, હોસ્ટેલ, સ્કૂલ-કોલેજ અને ફેક્ટરીઓની કેન્ટીનને પ્રાથમિકતાના ધોરણે ગેસ કનેક્શન આપ્યા છે. આ ટૂંકા ગાળામાં આવી સંસ્થાઓને GEL દ્વારા ૧૧૦ અને રાજ્યની અન્ય કંપનીઓ દ્વારા ૨૨૫ કનેક્શન આપવામાં આવ્યા છે.

મોરબીનો સિરામિક ઉદ્યોગ આખા દેશનું ગૌરવ છે, તેમ જણાવી મંત્રીશ્રીએ કહ્યું કે, આ વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે રાજ્ય સરકારે લીધેલા ત્વરિત નિર્ણયોને કારણે મોરબીના સિરામિક ઉદ્યોગોમાં ફરીથી તેજી આવી છે. અત્યારે મધ્ય પૂર્વના દેશોમાં યુદ્ધ જેવી પરિસ્થિતિ હોવા છતાં, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ GEL દ્વારા ગેસ વિતરણનું સુયોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગત માર્ચ મહિનાના બીજા પખવાડિયામાં કાચો માલ મોંઘો થવાને કારણે અને ટ્રાન્સપોર્ટેશનના ખર્ચ વધવાના કારણે મોરબીનો સિરામિક ઉદ્યોગ આખા દેશનું ગૌરવ છે, તેમ જણાવી મંત્રીશ્રીએ કહ્યું કે, આ વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે રાજ્ય સરકારે લીધેલા ત્વરિત નિર્ણયોને કારણે મોરબીના સિરામિક ઉદ્યોગોમાં ફરીથી તેજી આવી છે. અત્યારે મધ્ય પૂર્વના દેશોમાં યુદ્ધ જેવી પરિસ્થિતિ હોવા છતાં, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ GEL દ્વારા ગેસ વિતરણનું સુયોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગત માર્ચ મહિનાના બીજા પખવાડિયામાં કાચો માલ મોંઘો થવાને કારણે અને ટ્રાન્સપોર્ટેશનના ખર્ચ વધવાના કારણે મોરબીના ઘણા કારખાનાના માલિકોએ સ્વેચ્છાએ કારખાનામાં કામકાજ બંધ કર્યું હતું. પરિણામે તા. ૩૧ માર્ચની સ્થિતિએ મોરબીમાં માત્ર ૮૩ કારખાના ચાલુ હતા. રાજ્ય સરકાર અને GELના પ્રયાસોથી આજે માત્ર દોઢ જ મહિનાના સમયગાળા બાદ મોરબીમાં ફરી એકવાર ૬૭૦થી વધુ કારખાના ધમધમતા થયા છે. હાલમાં મોરબીના ૮૬૫ જેટલા ઔદ્યોગિક એકમો GELના ગેસ પાઈપલાઈન નેટવર્ક સાથે જોડાયેલા છે. મંત્રીશ્રીએ ખાસ ધ્યાન દોર્યું હતું કે, વૈશ્વિક કટોકટી વચ્ચે પણ ગેસ સપ્લાય ખોરવાય નહીં તે માટે GEL દ્વારા ભારત સરકારની સૂચના મુજબ મધ્ય પૂર્વ સિવાયના બીજા દેશોના બજારોમાંથી કુદરતી ગેસની ખરીદી કરવામાં આવી હતી. આટલું જ નહીં, GEL દ્વારા મોરબી સિરામિક એસોસિએશન સાથે બેઠક કરીને મે મહિના માટે ગેસના ભાવ પણ સ્થિર રાખવાની ખાતરી પણ આપવામાં આવી હતી. જેના પરિણામે આજે મોરબીના ઔદ્યોગિક એકમો ફરી ધમધમતા થયા છે.

# કલેકટર કચેરી નડિયાદ ખાતે જિલ્લા બાળ કલ્યાણ અને સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ



**નડિયાદ, તા.20**

કલેકટર કચેરી નડિયાદ ખાતે મિશન વાત્સલ્ય યોજના અંતર્ગત જિલ્લા બાળ કલ્યાણ અને સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ. બેઠકમાં ખેડા જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા કરવામાં આવેલ ત્રિમાસિક કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

જેમાં, પાલક માતા-પિતા યોજના, મુખ્યમંત્રી બાળ સેવા યોજના, પી.એમ.કેર ફોર ચિલ્ડ્રન, ચાઈલ્ડ હેલ્પ લાઈન ૧૦૯૮ની કામગીરી, એડોપ્શન, બાળ સંભાળ સંસ્થાઓની કામગીરી અને નિરીક્ષણ, બાળકોનું પુનઃસ્થાપન, યોજનાકીય અરજીઓ માટે કરવામાં આવતી ઘર તપાસ, પોક્સો હેઠળ કાર્યવાહી, બાળકો માટેના કાયદાઓ અને બાળ વિવાહ અટકાવ માટે સમજ આપતા જન જાગૃતિના કાર્યક્રમો સહિતની બાબતો પર કરવામાં આવેલ કામગીરી અંગે માહિતી આપવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફુલ ટાઈમ સેક્રેટરી ડી.બી. જોષી, નડિયાદ પ્રાંત અધિકારી નિર્ભય ગોંડલીયા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશભાઈ પટેલ સહિત સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# કાસોરમાં એક જ રાતમાં બે ઘરના તાળા તોડીને ₹3.44 લાખની મતાની ચોરી

**આણંદ, તા.20**

આણંદ પાસેના કાસોરમાં બે દિવસ અગાઉ રાત્રિના સમયે તસ્કરોએ બે બંધ મકાનને નિશાન બનાવી તેમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ મળી કુલ રૂપિયા 3.44 લાખની મતાની ચોરી કરી હતી. નોંધનીય છે કે, ભાલેજમાં દરગાહમાં થયેલી ચોરીના આરોપીઓ સુધી પોલીસ પહોંચી શકી નથી ત્યાં વળી વધુ એક ચોરી થતાં જ ભાલેજ પોલીસની કામગીરી પર સવાલ ઉભા થયા છે.

આ અંગેની પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કાસોર ગામે શ્રીકાંતકુમાર ઉર્ફે સીકો હર્ષદભાઈ પટેલ રહે છે. તે તેમજ તેમના પરિવારજનો, મિત્રો અને પડોશમાં રહેતા કલ્પનાબેન ઉર્ફે મીના દિપકભાઈ પટેલ સહિતના લોકો ગત 29મી જાન્યુઆરીના રોજ અંબાજી દર્શન માટે નીકળ્યા હતા. દરમિયાન, ગત 31મીના રોજ સવારે તેમના મિત્ર મનોજભાઈ ઉર્ફે શંભુભાઈએ તેમને ફોન કરીને તેમના ઘરમાં ચોરી થયાની જાણ કરી હતી. જેને પગલે તેઓ એ દિવસે જ અંબાજીથી કાસોર ઘરે આવવા માટે નીકળી ગયા હતા. તેઓએ ઘરે આવી તપાસ કરતા તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડી નાંખી ઘરમાં પ્રવેશી ઘરમાંનો તમામ માલ-સામાન અસ્તવ્યસ્ત કરી નાંખી ચોરી કરી હતી.

જોકે, તસ્કરોએ શ્રીકાંતકુમાર ઉપરાંત પડોશમાં રહેતા કલ્પનાબેન દિપકભાઈ પટેલના મકાનને પણ નિશાન બનાવ્યું હતું. બંને મકાનમાં મળી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા 3.44 લાખની મતાની ચોરી કરી હતી. નોંધનીય છે કે, ભાલેજ દરગાહમાં



થયેલી ચોરીમાં પણ આ જ ગેંગની સંડોવણીની શક્યતાઓ જોવાઈ રહી છે. હાલમાં વારંવાર બનતી ચોરીની ઘટનાઓને પગલે ભાલેજ પંથકમાં લોકો પોતાની માલ-મતાને લઈને ચિંતાતુર બન્યા છે.

સમગ્ર ઘટનામાં પોલીસે સ્થળ પર જઈને તપાસ શરૂ કરી હતી. મહત્વની વાત એ છે કે, સમગ્ર ઘટનામાં પોલીસ દ્વારા ગામમાં લગાવેલા કેમેરાના સીસીટીવી ફૂટેજ એકઠાં કરવાની કવાયત હાથ ધરી હતી. જેમાં જે સ્થળે ચોરી થઈ તેની સામે જ કેમેરો લગાવ્યો હોવાનું ખૂલ્યું હતું. પરંતુ જ્યાં કેમેરો લગાવ્યો હતો તે થાંભલો પડી ગયો હતો. થાંભલો પડી જતાં નવો થાંભલો પુનઃ બેસાડવામાં આવ્યો હતો, જે વાતને પણ દોઢેક મહિનાનો સમય થઈ ગયો હતો. પરંતુ પંચાયતે થાંભલા પરના બંધ કેમેરાને ચાલુ કરવાની તસ્દી ન લીધી. જેને કારણે તસ્કરોને ચોરી માટે બિન્દાસપણે મોકળું મેદાન મળી ગયું હતું. આમ, આ ઘટના બાદ કેમેરા લગાવવા પાછળ કરાયેલો લાખોનો ખર્ચો એળે ગયો હોય એવી ચર્ચાએ ગામમાં જોર પકડ્યું છે.

# કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈ ખેડૂતો એ સાવધાની રાખવી....

**નડિયાદ, તા.20**

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા. ૦૩-૦૨-૨૦૨૬ ના રોજ અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા અને ભરૂચ જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ હળવો વરસાદ/ગાજવીજ સાથે વરસાદની આગાહી થયેલ છે. આવા સમયે વાદળ છાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા રાજ્યના ખેડુતોને સંદેશ આપવામાં આવે છે. કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રી થી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલા ની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહી તે મુજબ સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી. એમ.સી.મા અનાજ અને ખેતપેદાશો ઢાંકીને અથવા શેડ નીચે સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવો એમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમદાવાદનાં સ્ટાર્ટઅપે બનાવેલી અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ દ્વારા માત્ર ૨૮ દિવસમાં દૂધાળા પશુઓનું ગર્ભ પરીક્ષણ કરી શકાશે

## પશુપાલકો માટે 'ગેમ ચેન્જર': ફક્ત ₹૨૫૦નો ખર્ચ, લોહીનું એક ટીપું અને માત્ર ૫-૧૦ મિનિટમાં પરિણામ, દરેક ગર્ભાવસ્થાએ હજારોની બચત

**ગાંધીનગર, તા.20**

ગાય-ભેંસ જેવાં દૂધાળા પશુઓમાં કૃત્રિમ ગર્ભાધાન માટે કૃત્રિમ બીજદાન બાદ ૯૦ થી ૧૨૦ દિવસે ગર્ભ પરીક્ષણ કરવામાં આવતું હોય છે. પરંતુ, આ તપાસ ખર્ચાળ હોવાની સાથે તેમાં પશુઓનાં રેક્ટમમાં હાથ નાખીને ચકાસણી કરવામાં આવતી હોવાના કારણે પશુ માટે ભારે તણાવ અને ક્યારેક ગર્ભપાતનું કારણ પણ બનતી હોય છે. ત્યારે અમદાવાદના બિગનેનો વેન્ચર્સનાં કોમલ કલંત્રીએ પશુઓમાં ગર્ભ પરીક્ષણ માટે એક એવી અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ તૈયાર કરી છે, જેની મદદથી માત્ર ૨૮ થી ૩૫ દિવસમાં જ પશુમાં સફળ ગર્ભધારણની જાણકારી મેળવી શકાય છે. જેનો ખર્ચ માત્ર ૨૫૦ થી ૩૦૦ જેટલો જ થાય છે. આ માટે રાજ્ય સરકારની SSIP 2.0 અંતર્ગત i-Hubની સૃજન સીડ સહાય હેઠળ બિગનેનો સ્ટાર્ટઅપને ૧૦ લાખની સહાય પણ મળી હોવાનું સુશ્રી કોમલ જણાવે છે. તેઓ ઉમેરે છે કે ગુજરાતમાં અમૂલ (Amul) સાથે બિગનેનો વેન્ચર્સ એમ્પેનલ્ડ છે, જ્યારે તાજેતરમાં જ હરિયાણામાં નવિન જિંદલ ગ્રૂપ દ્વારા પણ જોડાણ કરવામાં આવ્યું છે. આ સિવાય, દેશની અગ્રણી ડેરીઓ અને મિલ્ક યુનિયનો સાથે મળીને સતત ફિલ્ડ કેમ્પ્સ દ્વારા આ ટેક્નોલૉજી વિશે ખેડૂતોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને, ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તર પ્રદેશ, ઉત્તર-પૂર્વ અને દક્ષિણનાં રાજ્યોમાં પણ અનેક પશુપાલકો આ કિટનો ઉપયોગ કરી રહ્યા છે. જ્યારે નેપાળના ખેડૂતો અને પશુપાલકો પણ હવે આ કિટનો ઉપયોગ કરતાં થયા છે તેમ કો-ફાઉન્ડર કોમલ કલંત્રીએ ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, પશુપાલન અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત દેશનું અગ્રીમ હરોળનું રાજ્ય છે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિના વિકાસ અને વિસ્તાર માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા પણ ખેડૂતોને માર્ગદર્શન અને પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે પ્રાકૃતિક કૃષિ માટે અત્યંત ઉપયોગી એવાં ગાય-ભેંસ જેવાં દૂધાળા પશુઓમાં ગર્ભાધાન માટેની પ્રક્રિયા પણ એટલી જ અગત્યની છે.

પશુઓમાં ગર્ભાધાનની સીધી અસર દૂધ ઉત્પાદનને પણ થાય છે. પશુઓમાં કૃત્રિમ ગર્ભાધાન વિશે



વાત કરતાં કોમલ કલંત્રી જણાવે છે કે પશુઓમાં કૃત્રિમ બીજદાન બાદ ગર્ભ પરીક્ષણ માટેની વર્તમાન પદ્ધતિમાં ત્રણથી ચાર મહિના એટલે કે ગર્ભકાળનો લગભગ ૪૦ ટકા સમય વેડફાય છે, જેની સીધી અસર પશુના સ્વાસ્થ્ય અને ખેડૂતની આર્થિક સ્થિતિ પર પડે છે. ત્યારે આ અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ દ્વારા માત્ર ૨૮ થી ૩૫ દિવસમાં ૯૯ ટકા સુધીનું સચોટ નિદાન થઈ શકે છે. જેનાથી બાકીના ૬૦ થી ૯૦ દિવસના પ્રતિ દિન ખર્ચની ગણતરી કરવામાં આવે, તો પશુદીઠ કુલ ખર્ચમાં ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ સુધીનો ફાયદો થાય છે. પ્રકારની અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટના સંશોધન વિશે વાત કરતાં તેઓ જણાવે છે કે, 'બિગનેનોની શરૂઆત માત્ર એક વિચારથી નહીં, પણ એક હૃદયસ્પર્શી અનુભવથી થઈ હતી. એક વખત હું જ્યારે એક ગૌશાળાની મુલાકાતે ગઈ હતી, ત્યારે મેં પશુઓમાં ગર્ભાવસ્થા તપાસવાની પરંપરાગત અને અત્યંત પીડાદાયક પદ્ધતિ જોઈ. આ કરુણ દૃશ્ય જોઈને મારું હૃદય દ્રવી ઊઠ્યું.' 'બાયોટેકનો અભ્યાસ અને ત્યાર પછી એક દાયકાના ડાયગ્નોસ્ટિક્સ ક્ષેત્રના અનુભવે મારા મનમાં એક સવાલ જન્માવ્યો: 'જો મનુષ્યો માટે વહેલી અને Non-invasive તપાસ શક્ય છે, તો અબોલ પશુઓ માટે કેમ નહીં?' આ પ્રશ્ન જ એક નવા સંશોધનનો આરંભ હતો. આ રીતે 'બિગનેનો બોવાઈન અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ' તૈયાર કરવાના પ્રયાસો શરૂ થયા.' એક તરફ, જ્યારે વડાપ્રધાનશ્રી દ્વારા ખેડૂતોની આવક બમણી કરવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને રાજ્યપાલશ્રી દ્વારા પણ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, ત્યારે પશુઓનું સ્વાસ્થ્ય અને ખેડૂતની સમૃદ્ધિ બંનેના કલ્યાણ દ્વારા ડેરી ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવા અને એક એવી ઈકોસિસ્ટમનું નિર્માણ કરવામાં બિગનેનો અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ મહત્ત્વની સાબિત થશે તેવો વિશ્વાસ સુશ્રી કલંત્રીએ વ્યક્ત કર્યો હતો.

**કેવી રીતે કામ કરે છે આ કિટ?**

અત્યાર સુધી પશુઓમાં ગર્ભ પરીક્ષણ માટે તેમનાં રેક્ટમ(મળાશય)માં હાથ નાખીને ચકાસણી કરવામાં આવતી હતી. જેના બદલે આ પ્રેગ્નન્સી કિટ દ્વારા પરીક્ષણ માટે પશુનાં કાન, પૂંછડી કે ગળા પાસેની નસમાંથી લોહીનું એક ટીપું લઈને તેને પ્રેગ્નન્સી કિટ પર મૂકવામાં આવે છે. ત્યાર બાદ તેમાં બફર કેમિકલનાં બે ટીપાં ઉમેરવામાં આવે છે અને માત્ર દસ જ મિનિટમાં ખબર પડી જાય છે કે પશુએ ગર્ભ ધારણ કર્યો છે કે નહીં.

**સમય, ખર્ચ અને પશુઓના સ્વાસ્થ્ય માટે ગેમ-ચેન્જર અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ**

કોમલ કલંત્રી કહે છે કે આજે ડેરી ઉદ્યોગ માટે આ કિટ ગેમ-ચેન્જર સાબિત થઈ રહી છે. જે મુજબ, ઝડપી પરિણામ: માત્ર ૨૮ થી ૩૫ દિવસમાં સચોટ તપાસ.

સમયની બચત: પરંપરાગત પદ્ધતિ કરતાં લગભગ ૭૦ દિવસ વહેલી જાણકારી.

# બાંગ્લાદેશ WTC પોઈન્ટ ટેબલમાં ભારતથી આગળ નીકળ્યું : પાકિસ્તાનને હરાવીને પાંચમા સ્થાને આવ્યું, ટીમ ઈન્ડિયા છઠ્ઠા સ્થાને સરકી

દુબઈ, તા.20

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના પોઈન્ટ ટેબલમાં બાંગ્લાદેશે ભારતને પાછળ છોડી દીધું છે. પાકિસ્તાન સામે સતત બીજી જીત બાદ બાંગ્લાદેશ 58.33% અંકો સાથે પાંચમા સ્થાને પહોંચી ગયું છે. જ્યારે, ભારત 48.15% અંકો સાથે છઠ્ઠા સ્થાને સરકી ગયું છે. WTCની પ્રથમ બે સીઝનની ફાઈનલમાં પહોંચેલી ભારતીય ટીમ માટે આ રેન્કિંગ ચિંતાજનક માનવામાં આવી રહી છે. એશિયન ટીમોમાં શુભમન ગિલની કેપ્ટનશિપવાળી ટીમ હવે પાકિસ્તાન સહિત માત્ર 3 ટીમોથી ઉપર છે. ભારતે આ વર્ષે અત્યાર સુધી એક પણ ટેસ્ટ મેચ રમી નથી. ટીમની છેલ્લી ટેસ્ટ નવેમ્બર 2025માં ગુવાહાટીમાં સાઉથ આફ્રિકા સામે હતો, જેમાં ટીમ ઈન્ડિયાને 408 રનથી હાર મળી હતી.



ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ટોપ-2 પર યથાવત

લેટેસ્ટ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા 8 ટેસ્ટમાં 7 જીત અને 87.50% પોઈન્ટ્સ સાથે ટોચ પર યથાવત છે. ન્યુઝીલેન્ડ 3 ટેસ્ટમાં બે જીત અને એક ડ્રો સાથે 77.78% પોઈન્ટ્સ લઈને બીજા સ્થાને છે. સાઉથ આફ્રિકા ત્રીજા અને શ્રીલંકા ચોથા સ્થાને છે.

ભારતીય ટીમની રેન્કિંગ ઘટવાનું કારણ ઘરમાં 0-2થી સિરીઝ હાર

ભારતીય ટીમની રેન્કિંગ ઘટવાનું મોટું કારણ ખરાબ પ્રદર્શન રહ્યું છે. ટીમ ઈન્ડિયાને ઘરમાં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં 0-2થી હાર મળી હતી. જ્યારે, ઈંગ્લેન્ડ પ્રવાસ પર શુભમન ગિલની કેપ્ટનશિપમાં ટીમ પાંચ મેચની સિરીઝ 2-2થી ડ્રો કરાવી શકી હતી, જ્યાં તેને બે મેચમાં હાર મળી હતી. આ હારથી ભારતનો જીતનો ટકાવારી દર ઘણો નીચે આવી ગયો.

6 જૂને અફઘાનિસ્તાન સામે મુકાબલો, WTCનો ભાગ નથી

ભારતીય ટીમને આવનારા દિવસોમાં ઘણી ટેસ્ટ મેચ રમવાની છે. ભારત 6 જૂનથી અફઘાનિસ્તાન સામે એકમાત્ર ટેસ્ટ મેચ રમશે. જોકે, આ મુકાબલો વર્તમાન WTC સાયકલનો ભાગ નથી, તેથી તેના પરિણામોની રેન્કિંગ પર અસર નહીં થાય.

WTC સાયકલ હેઠળ ભારતે આ વર્ષના અંતમાં શ્રીલંકા અને ન્યુઝીલેન્ડના પ્રવાસે બે-બે ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે. ત્યારબાદ 2027માં ભારતીય ટીમ ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ શ્રેણી રમશે. ફાઈનલની રેસમાં ટકી રહેવા માટે ભારતે શ્રીલંકા અને ન્યુઝીલેન્ડના પ્રવાસો પર વધુ સારું પ્રદર્શન કરવું પડશે.

બાંગ્લાદેશે પાકિસ્તાનને હરાવી શ્રેણી જીતી

12 મેના રોજ મીરપુરમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં પાકિસ્તાનની છેલ્લી વિકેટ લીધા બાદ નાહિદ રાણા અને બાંગ્લાદેશના ખેલાડીઓ ઉજવણી કરતા.

# સચિન તેંડુલકરે અમદાવાદની 'SRT10 અલ્ટેવોલ સ્પોર્ટ્સ એકેડમી'ની મુલાકાત લીધી

નવી દિલ્હી, તા.20

અમદાવાદમાં આવેલી SRT-10 અલ્ટેવોલ સેન્ટર ઓફ એક્સીલન્સ સ્પોર્ટ્સ એકેડમીમાં આજે જોરદાર માહોલ જોવા મળ્યો હતો. ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરે એકેડમીની મુલાકાત લઈને ત્યાં ટ્રેનિંગ મેળવી રહેલા યુવા ખેલાડીઓ, તેમના માતા-પિતા અને ઉભરતા ક્રિકેટરો સાથે વાતચીત કરી હતી. મેદાન પર ક્રિકેટને લગતી વિવિધ પ્રવૃત્તિઓ અને અનૌપચારિક સત્રો દરમિયાન સચિન બાળકો સાથે પોતે જોડાયા હતા. તેમણે યુવા ખેલાડીઓને રમત દ્વારા શિસ્ત, ધીરજ અને શીખવાની ખુશીને સ્વીકારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ બાદ પોતાના અનુભવો શેર કરતા સચિન તેંડુલકરે જણાવ્યું હતું કે, "કોઈપણ નાના બાળક માટે સૌથી મહત્વપૂર્ણ બાબત એ નથી કે તે ક્યાંથી શરૂઆત કરે છે, પરંતુ તેને વિકાસ કરવાની તક મળે છે કે નહીં તે છે. ભારતનું રમતગમતનું ભવિષ્ય એ વાત પર નિર્ભર રહેશે કે આપણે પાયાના સ્તરે



કેટલું ગંભીરતાથી રોકાણ કરીએ છીએ અને બાળકોને કોઈપણ ભય કે દબાણ વગર રમતનો આનંદ માણવા માટે કેટલું પ્રોત્સાહન આપીએ છીએ." તેમણે વધુમાં ઉમેર્યું કે, જ્યારે બાળકો મેદાનમાં ઉતરે છે ત્યારે તેઓ માત્ર રમત જ નથી રમતા, પરંતુ શિસ્ત, ટીમવર્ક, સંઘર્ષશીલતા અને આત્મવિશ્વાસ જેવા ગુણો પણ શીખે છે. અમદાવાદના યુવા ખેલાડીઓની ઊર્જા અને જિજ્ઞાસા ખરેખર હૃદયસ્પર્શી હતી. એસજી રોડ પર વૈષ્ણોદેવી સર્કલ નજીક આવેલા શંકુસ ફાર્મ ખાતે કાર્યરત 'SRT10 અલ્ટેવોલ સ્પોર્ટ્સ એકેડમી'ની શરૂઆત આ વર્ષના પ્રારંભમાં કરવામાં આવી હતી. નવી મુંબઈની ડીવાય પાટીલ સ્પોર્ટ્સ એકેડમીમાં આવેલી ફ્લેગશિપ એકેડમી બાદ, સચિન તેંડુલકરના સમર્થનથી શરૂ થયેલી આ ભારતની બીજી એકેડમી છે. આ સંસ્થા પ્રોફેશનલ કોચિંગ, આધુનિક ફિટનેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વાંગી તાલીમ કાર્યક્રમો દ્વારા પાયાના સ્તરે રમતગમતના વિકાસને મજબૂત કરવાના ઉદ્દેશ સાથે કામ કરી રહી છે.

# કોહલી IPLમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી બન્યો : રોહિત બીજા અને ધોની ત્રીજા નંબરે, 10 મહિલા ક્રિકેટર્સની કુલ કમાણી ₹90 કરોડ

નવી દિલ્હી, તા.20




રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ના સ્ટાર બેટર વિરાટ કોહલી IPL ઈતિહાસમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી બની ગયા છે. તેઓ 230 કરોડની કમાણી કરી ચૂક્યા છે. IPL 2008થી શરૂ થઈ છે અને આ વખતે તેની 19મી સીઝન છે. આ દાવો ફેનેટિક સ્પોર્ટ્સ અને હુરુન ઈન્ડિયાના તાજેતરના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ વિશ્વના 53 દેશોના 504 શહેરોના 1,323 એલિટ એથ્લેટ્સ અને 6 સ્પોર્ટ્સ લીગના અભ્યાસ પર આધારિત છે. ફેનેટિક સ્પોર્ટ્સ એક ટિકિટિંગ અને હોસ્પિટાલિટી કંપની છે, જે રમતગમત સંબંધિત ટ્રાવેલ અને ઈવેન્ટ્સનું સંચાલન કરે છે. જ્યારે, હુરુન ઈન્ડિયા રિસર્ચ અને વેલ્યુએશન કંપની છે, જે ધનિકોની યાદી અને બિઝનેસ રિપોર્ટ્સ માટે જાણીતી છે. IPLના સૌથી ધનિક ખેલાડીઓની યાદીમાં વિરાટ કોહલી નંબર-1 પર છે. તેઓ 2008થી સતત રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) માટે રમી રહ્યા છે અને અત્યાર સુધી 230 કરોડનો પગાર લઈ ચૂક્યા છે. વિરાટ બ્રાન્ડ વેલ્યુના મામલે પણ લીગના સૌથી મોટા સ્ટાર છે. આ યાદીમાં મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા 227.2 કરોડની કમાણી સાથે બીજા નંબર પર છે. જ્યારે, ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)ના મહેન્દ્ર સિંહ ધોની 200 કરોડના પગાર સાથે ત્રીજા સ્થાને છે. ધોની આજે પણ ભારતીય ક્રિકેટ અને IPLના મોટા કોમર્શિયલ આઈકન છે. વિમેન્સ ક્રિકેટમાં સ્મૃતિ મંધાના 13.7 કરોડની કમાણી સાથે ટોચ પર છે. દેશની ટોપ 10 મહિલા ક્રિકેટરોની કુલ કમાણી 90 કરોડ છે, જે વિરાટ કોહલીની IPL કમાણી 230 કરોડના અડધાથી પણ ઓછી છે. અન્ય રમતોમાં આ અંતર વધુ છે.

# ફિલ સોલ્ટ આ અઠવાડિયે IPLમાં પરત ફરી શકે : RCBના ઓપનરને આંગળીમાં ઈજા થઈ હતી, સારવાર માટે ઈંગ્લેન્ડ ગયો હતો

બેંગલુરુ, તા.20

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના ઓપનર ફિલ સોલ્ટ આંગળીની ઈજા બાદ આ અઠવાડિયે ભારત પરત ફરી રહ્યો છે. 18 એપ્રિલે દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં ફિલ્ડિંગ દરમિયાન તેને ઈજા થઈ હતી. સોલ્ટના ડાબા હાથની આંગળીમાં ઈજા હતી. ત્યારબાદ તે સારવાર માટે પોતાના દેશ ઈંગ્લેન્ડ પરત ફર્યો હતો.

સોલ્ટની જગ્યાએ બેથેલે ઓપનિંગ કરી

સોલ્ટની ગેરહાજરીમાં જેકબ બેથેલે વિરાટ કોહલી સાથે ઓપનિંગ કરી. જોકે, બેથેલનું પ્રદર્શન ખરાબ રહ્યું. તે 7 ઈનિંગ્સમાં માત્ર 96 રન બનાવી શક્યો છે, જેમાં 27 રન તેની શ્રેષ્ઠ ઈનિંગ્સ રહી છે. તેમ છતાં, બેથેલ 22 મેના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે RCBની લીગની છેલ્લી મેચ રમી શકે છે.



ઈજા પહેલા સોલ્ટ શાનદાર ફોર્મમાં હતો

T20 વર્લ્ડ કપમાં નિરાશાજનક પ્રદર્શન બાદ સોલ્ટે IPLમાં ફોર્મમાં વાપસી કરી હતી. તેણે આ સીઝનમાં 6 ઈનિંગ્સમાં 168.33ના સ્ટ્રાઈક રેટથી 202 રન બનાવ્યા હતા. ગત સીઝનમાં ટીમની ટાઈટલ જીતમાં તેની મહત્વની ભૂમિકા હતી. તેણે 2025માં 175.98ના સ્ટ્રાઈક રેટથી 403 રન બનાવ્યા હતા.

RCBએ પ્લેઓફમાં સ્થાન મેળવ્યું

RCBએ પ્લેઓફમાં સ્થાન નિશ્ચિત કરી લીધું છે. ટીમે 17 મેના રોજ પંજાબ કિંગ્સને 23 રનથી હરાવીને ટૉપ-4માં સ્થાન બનાવ્યું. જો નેટ રન રેટમાં મોટો ઉલટફેર ન થયો, તો ટીમ 26 મેના રોજ ધર્મશાળામાં ક્વોલિફાયર-1 રમશે. નિયમિત કેપ્ટન રજત પાટીદાર હૈદરાબાદ સામેની મેચ માટે ઉપલબ્ધ રહેશે. તેને ગયા અઠવાડિયે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં હેલ્મેટ પર ઈજા થઈ હતી. ત્યારબાદ તેણે પછીની મેચ રમી નહોતી. તેની જગ્યાએ વિકેટકીપર બેટર જીતેશ શર્માએ કેપ્ટનશીપ કરી હતી. RCBએ પ્લેઓફમાં સ્થાન નિશ્ચિત કરી લીધું છે. ટીમે 17 મેના રોજ પંજાબ કિંગ્સને 23 રનથી હરાવીને ટૉપ-4માં સ્થાન બનાવ્યું. જો નેટ રન રેટમાં મોટો ઉલટફેર ન થયો, તો ટીમ 26 મેના રોજ ધર્મશાળામાં ક્વોલિફાયર-1 રમશે. નિયમિત કેપ્ટન રજત પાટીદાર હૈદરાબાદ સામેની મેચ માટે ઉપલબ્ધ રહેશે. તેને ગયા અઠવાડિયે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં હેલ્મેટ પર ઈજા થઈ હતી. ત્યારબાદ તેણે પછીની મેચ રમી નહોતી. તેની જગ્યાએ વિકેટકીપર બેટર જીતેશ શર્માએ કેપ્ટનશીપ કરી હતી.

# 'ગોલમાલ 5'માં બોલિવૂડના દિગ્ગજ એક્ટરની એન્ટ્રી, વિલનની ભૂમિકા નિભાવશે, કરિના કપૂરની પણ વાપસી

મુંબઈ, તા.20

ડાયરેક્ટર રોહિત શેટ્ટી તેની આગામી કોમેડી ફિલ્મ 'ગોલમાલ'ને આગળ વધારી રહ્યો છે. આમ, જલ્દી 'ગોલમાન 5' શૂટિંગ શરૂ કરવાની એંધાણ છે. 'ગોલમાલ 5'માં બોલિવૂડ સ્ટાર અજય દેવગન ફરી એકવાર ફિલ્મમાં જોવા મળશે. તાજેતરમાં જાણવા મળ્યું છે કે, અક્ષય કુમાર પણ આ ફિલ્મમાં દેખાશે. અક્ષય પછી ફિલ્મમાં વધુ એક કાસ્ટિંગ થઈ છે. જેમાં કરિના કપૂર પણ આ ફિલ્મમાં જોવા મળશે.

ઘણાં સમયથી ચર્ચા થઈ રહી હતી કે, કરિના 'ગોલમાલ 5'માં જોવા નહીં મળે. પરંતુ હવે તે આ ફિલ્મનો ભાગ છે. કરિનાનું કાસ્ટિંગ કરવામાં મોડું કેમ થયું, તેનું કારણ પણ સામે આવ્યું છે. બોલિવૂડ હંગામાની એક રિપોર્ટમાં સૂત્રના આધિન કહેવામાં આવ્યું છે કે, ડેટ્સ અને અન્ય કારણોસર કરિનાનું કાસ્ટિંગ કરવામાં વિલંબ થયો.

રોહિત શેટ્ટી ફિલ્મમાં કરિનાને લેવા માટે ઉત્સાહિત હતા. કરિનાએ પણ ફ્રેન્ચાઈઝમાં પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. રોહિતે તેની ટીમ સાથે મળીને



કરિના માટે ખાસ અને મનોરંજક રોલ લખ્યો છે. કરિના 2010માં રિલીઝ થયેલી 'ગોલમાલ 3'માં અજય દેવગણ સાથે જોવા મળી હતી. તેણે ડબ્બુનું પાત્ર ભજવ્યું હતું. જોકે, તે ચોથા પાર્ટનો ભાગ નહોતી, પરંતુ હવે તે ફ્રેન્ચાઈઝમાં પાછા ફરવા માટે તૈયાર છે.

કરિના કપૂરના રોલને લઈને વધુ જાણકારી સામે આવી નથી. પરંતુ અક્ષય કુમારના રોલ અંગે માહિતી મળી છે. એક રિપોર્ટમાં જણાવ્યું છે કે, અક્ષય આ ફિલ્મમાં વિલનના રોલમાં જોવા મળશે. આ સાથે ફિલ્માં તુષાર કપૂર, અરશદ વારસી, શ્રેયસ તલપડે, કુણાલ ખેમૂ, સંજય મિશ્રા પણ 'ગોલમાલ 5'માં ભૂમિકા નીભાવશે.

# રોહિત શેટ્ટીની ગોલમાલ ફાઈવના શૂટિંગ અંગે અનિશ્ચિતતા

## ફિલ્મના સેટ પર એકદમ કડક સિક્યોરિટી પ્રોટોકોલ જાળવવા પડશે



મુંબઇ, તા.20

રોહિત શેટ્ટીની 'ગોલમાલ ફાઈવ'નું શૂટિંગ આગામી ૧૫મી ફેબ્રુઆરીથી શરુ થવાનું હતું. જોકે, તેનાં જુહૂ ખાતેનાં નિવાસસ્થાન પર થયેલા ગોળીબાર બાદ હવે પોલીસ તેને આટલા જલ્દી શૂટિંગ શરુ કરવાની પરવાનગી આપે છે કે કેમ તેની રાહ જોવાઈ રહી છે. પોલીસ ક્લિયરન્સ ન મળે તો શૂટિંગ પાછળ ઠેલાઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસ પરવાનગી આપે તો પણ ફિલ્મના સેટ પર સજ્જડ સુરક્ષા બંદોબસ્ત ગોઠવવો પડશે. ક્રૂની એન્ટ્રી સહિત અનેક બાબતો પર સુરક્ષા નિયંત્રણો લાદવાં પડશે.

સેટ પર આવનાર દરેક વ્યક્તિને વિશેષ ઓળખ પત્રના પહેલાથી જ રજિસ્ટ્રેશન કરવામાં આવશે. સેટ પર આવનારા દૈનિક મજૂરો, જુનિયર કલાકારો, વિક્રેતા તેમજ અન્યોનું સંપૂર્ણ ચેકિંગ હાથ ધરાશે. વાહનોની અવર-જવર પર પણ નિયંત્રણ મુકવામાં આવશે. શૂટિંગે લગતા ઉપકરણો માટેની ટ્રક અને વેનનો પહેલાથી જ રેકોર્ડ રાખવામાં આવશે અને તેની પણ પ્રવેશ દ્વાર પર તપાસ કરવામાં આવશે.એટલું જ નહીં શૂટિંગના સમય અને સ્થાન વિશેની જાણકારી પણ આવશ્તયાને અનુસાર જ આપવામાં આવશે. કોલ-શીટનું વિતરણ સીમીત રાકવામાં આવશે અન તમામ લોકેશન્સ પહેલેથી પ્રગટ કરી દેવાને બદલે વારાફરતી માહિતી અપાશે.

# ડિરેક્ટર સિંગીતમ શ્રીનિવાસ રાવની 94 વર્ષની વયે નવી ફિલ્મ બનાવશે

મુંબઈ, તા.20

સાઉથના પીઢ ફિલ્મ દિગ્દર્શક સિંગીતમ શ્રીનિવાસ રાવે ૯૪ વર્ષની વયે નવી ફિલ્મનું દિગ્દર્શન કરવાની જાહેરાત કરતાં તેમના ચાહકો આશ્ચર્ય સાથે આનંદમાં ગરકાવ થઈ ગયા છે. તેમણે છેલ્લાં ૧૦ વર્ષથી ડાયરેક્ટર તરીકે કોઈ ફિલ્મ હાથ પર લીધી ન હતી. અચાનક તેમણે આ વયે પુનરાગમનની જાહેરાત કરી છે.



તેમણે 'એસએસઆર ૨૬૧' એવું કામચલાઉ ટાઈટલ ધરાવતી નવી ફિલ્મની જાહેરાત કરી છે. આ ફિલ્મને નાગ અશ્વિનનાવૈજયંતી મૂવીઝના બેનર હેઠળ પ્રોડ્યુસ કરવામાં આવશે. ફિલ્મની કાસ્ટ અને વાર્તાની માહિતી આપવામાં આવી નથી.

નિર્માતા દ્વારા શેર કરાયેલા વિડીયોમાં તેઓ પોતાની ટીમને સૂચનાઓ આપી રહ્યા હોય તેવું જણાય છે. નાગ અશ્વિનની જ 'કલ્કિ ૨૮૯૮ એડી'માં સિંગિતમ શ્રીનિવાસ રાવે પોતાના ક્રિએટિવ ઈન્પૂટ્સ પણ આપ્યા હતા. જોકે, છેલ્લાં દસ વર્ષથી તેમણે કોઈ ફિલ્મનું ફૂલ ફલેજ્ડ દિગ્દર્શન કર્યું નથી.

સિંગીતમ શ્રીનિવાસ રાવ સાઉથમાં સંખ્યાબંધ સુપરહિટ તથા સાથે સાથે પ્રયોગશીલ અને એનિમેશન ફિલ્મો માટે પણ જાણીતા છે. જેના પરથી હિન્દી ફિલ્મ 'નાચે મયુરી' બની તે મૂળ 'મયુરી' ફિલ્મ તેમણે બનાવી હતી.

# મારા પર્સમાંથી દુઆએ બે દિવસ પહેલાં ખાધેલું થેપલું મળ્યું : દીપિકા પાદુકોણ

- દીપિકા પાદુકોણે ગર્વથી કબુલ્યું કે તેને દુઆનું ઘેલું લાગ્યું છે

મુંબઈ, તા.20

દીપિકા પાદુકોણ પોતાની અભિનય ક્ષમતાથી દુનિયા પર રાજ કરવામાં જ ધ્યાન આપતી હોય કે પછી એક દિવા અને આઈકોન તરીકે જાણીતી છે. પરંતુ મનથી તે સંપુર્ણ ભારતીય માતા છે, જેનું બધું જ ધ્યાન હાલ તેની દિકરી દુઆ પર છે અને તેને મોટી થતી નીહાળવામાં તે સમય વિતાવવા માગે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે કબુલ્યુ છે કે તેને પોતાની દિકરી દુઆનું એવું ઘેલું લાગ્યું છે કે તે વારંવાર તેને 'આઈ લવ યુ આઈ લવ યુ' કહેતી સંભળાય છે.

દીપિકા માતા બન્યા પછી બ્રેક લીધા પછી ફરી લાઈમલાઈટમાં પાછી ફરી રહી છે. સપ્ટેમ્બર 2024માં તેણે દુઆ પાદુકોણ સિંઘને જન્મ આપ્યો હતો. ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં જ્યારે તેને પૂછવામાં આવ્યું કે હાલમાં તે કઈ બાબતથી ઓબસેસ્ડ છે, તો દીપિકાએ તરત કહ્યું હતું કે, "હાલમાં નહીં, હાલમાં શબ્દ જ હું કાઢી નાખવા માગું છું. મારી દિકરી મારું ઓબ્સેશન છે."

દિકરીના કારણે માતાના બેગની સામગ્રી બદલાઈ જતી હોય છે, તો તેના બેગની સૌથી વિચિત્ર વસ્તુ અંગે પૂછાતા દીપિકાએ એક કિસ્સો યાદ કર્યો હતો. એક વખત દુઆ થેપલાનો ટુકડો હાથમાં લઈને ખાઈ રહી હતી અને તેને બે દિવસ પછી એની બેગમાંથી એનો ટુકડો મળ્યો હતો. માતા બન્યા પછી સંગીત દીપિકાનો સહારો બન્યું છે, જોકે, તેનું પ્લેલિસ્ટ બદલાઈ ગયું છે. પહેલાંથી અલગ હવે દીપિકા પણ નર્સરી રાઈમ્સની મજા લે છે અને તે પણ હેડ શોલ્ડર નીઝ એન્ડ ટોઝ ગીત સાથે સાથે ગાઈને તેની મજા લે છે. આ ઈન્ટરવુમાં દીપિકા જો એક્ટર ન હોત તો શું હોત, તે મુદ્દે પણ ચર્ચા થઈ હતી. એક્ટિંગમાં પ્રવેશી તે પહેલાં દીપિકા બેડમિન્ટન રમતી હતી. તો ઘણા લોકો એવું વિચારે છે કે દિપિકા એક્ટર ન હોત તો બેડમિન્ટનમાં એવોર્ડ જીતતી હોત. પરંતુ દીપિકા આ મુદ્દે કહે છે કે તે કદાચ ઈન્ટેરિઅર ડિઝાઈનર બની શકી હોત. જોકે, આ ઈટરવ્યુમાં તેણે જણાવ્યું કે તેનો પતિ રણવીર સિંહ માને છે કે દીપિકા માટે વકીલ બનવાનો વિકલ્પ સારો રહ્યો હોત. જ્યારે તે કેવા વાક્ય વધારે બોલતી હોય છે, તે અંગે દીપિકાએ કહ્યું તે વારંવાર પોતાની દિકરીને "આઈ લવ યુ" કહેતી સાંભળવા મળે છે. જો દીપિકાની આવનારી ફિલ્મોની વાત કરવામાં વે તો તે સિદ્ધાર્થ આનંદની શાહરુખ સાથેની ફિલ્મ કિંગ સાથે મોટા પડદે કમબેક કરી રહી છે. જેમાં સુહાના ખાન, અભિષેક બચ્ચન, રાની મુખર્જી પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ 24 ડિસેમ્બર 2026ના દિવસે રિલીઝ થઈ રહી છે.



# સેન્સેક્સ 118 અંક વધીને 75,318 પર બંધ થયો : નિફ્ટીમાં પણ 41 અંકનો ઉછાળો રહ્યો; રૂપિયો 96.89ના રેકોર્ડ નીચા સ્તરે



| એશિયન બજારમાં ઘટાડો રહ્યો | | | |
|---|---|---|---|
| | ઈન્ડેક્સલેવલ | પોઈન્ટ ફેરફાર | ટકાવારી ફેરફાર |
| કોસ્પી (સાઉથ કોરિયા) | 7209 | -63 | -0.86% |
| નિકેઈ (જાપાન) | 59804 | -746 | -1.23% |
| હેંગસેંગ (હોંગકોંગ) | 25651 | -147 | -0.57% |
| અમેરિકી બજારમાં ગઈકાલે ઘટાડો જોવા મળ્યો | | | |
| | ઈન્ડેક્સલેવલ | પોઈન્ટ ફેરફાર | ટકાવારી ફેરફાર |
| ડાઉ જોન્સ | 49364 | -322 | -0.65% |
| નાસ્ડેક | 25871 | -220 | -0.84% |
| S&P500 | 7354 | -49 | -0.67% |
| વિદેશી રોકાણકારોએ 2458 કરોડ રૂપિયાના શેર વેચ્યા | | | |
| કેટેગરી | લેટેસ્ટ | છેલ્લા 7 દિવસ | છેલ્લા 30 દિવસ |
| DII | 3,802 | 5,209 | 64,802 |
| FII/FPI | -2,458 | 1,873 | -54,151 |

**મુંબઈ, તા.20**

સેન્સેક્સ આજે એટલે કે બુધવાર, 20 મેના રોજ 118 અંક વધીને 75,318 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 41 અંકોનો વધારો રહ્યો, તે 23,659 પર પહોંચી ગયો. આજના કારોબારમાં ઓટો, રિયલ્ટી અને બેન્કિંગ શેરોમાં સૌથી વધુ તેજી જોવા મળી.

શરૂઆતી કારોબારમાં રૂપિયો 33 પૈસા ઘટ્યો

અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો 33 પૈસા તૂટીને 96.89ના નવા રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો. છેલ્લા ઘણા સત્રોથી રૂપિયાના મૂલ્યમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. US પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે 2 ફેબ્રુઆરીએ કહ્યું હતું કે તેઓ ભારત સાથેની ડીલ પર સહમત છે, જેમાં ટેરિફ 25%થી ઘટીને 18% થઈ જશે. ભારત રશિયા પાસેથી ઓઈલની ખરીદી બંધ કરશે અને US પાસેથી વધુ એનર્જી, ટેકનોલોજી અને એગ્રિકલ્ચર પ્રોડક્ટ્સ ખરીદશે.


PM નરેન્દ્ર મોદીના ફોન કોલ પછી ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરી. ટ્રમ્પે 25 એપ્રિલે ભારત પર 25% રેસિપ્રોકલ ટેરિફ અને પછી રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે ઓગસ્ટમાં 25% પેનલ્ટીની જાહેરાત કરી હતી. વ્હાઈટ હાઉસના એક અધિકારીએ ન્યૂઝ એજન્સી ANIને જણાવ્યું હતું કે ભારત પર માત્ર 18% ટેરિફ જ લાગશે. અમેરિકા રશિયન તેલ ખરીદવાને કારણે લાગેલો 25% ટેરિફ હટાવી દેશે.

સેન્સેક્સ ગઈકાલે 114 પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો હતો

19 મેના રોજ સેન્સેક્સ 114 પોઈન્ટના ઘટાડા સાથે 75,201 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 32 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 23,618 પર બંધ થયો. આજના બેન્કિંગ, FMCG અને મેટલ શેરોમાં વેચવાલી જોવા મળી. જ્યારે IT, રિયલ્ટી અને મીડિયા શેરોમાં વધુ ખરીદી જોવા મળી.

# ઈન્ડિયન ઓઈલ પાસે 1 મહિનાનો કાચા તેલનો સ્ટોક: ઈરાન યુદ્ધના કારણે હજુ પણ 50% સપ્લાય પ્રભાવિત; નફો 81% વધીને ₹15,176 કરોડ થયો

**નવી દિલ્હી, તા.20**



સરકારી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOCL) પાસે એક મહિનાથી વધુનો ક્રૂડ ઓઈલ સ્ટોક છે. કંપનીએ મંગળવારે જણાવ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ છતાં દેશમાં ક્રૂડ ઓઈલની કોઈ અછત નહીં થાય.

જોકે, હોર્મુઝ રૂટ બંધ થવાથી LPGના સ્ટોકમાં થોડો ઘટાડો થયો છે, પરંતુ સમગ્ર દેશમાં તેનો પુરવઠો વ્યવસ્થાપિત કરવામાં આવી રહ્યો છે. આ રૂટ સાથે ભારતનો 50% ઊર્જા પુરવઠો અને ખાડી દેશોમાંથી આવતો 90% LPG પુરવઠો જોડાયેલો છે, જે હાલમાં અવરોધિત છે.

જ્યારે, કંપનીનો નફો નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટર (Q4FY26)માં 81% વધ્યો છે. તે વધીને 15,176.08 કરોડ પર પહોંચી ગયો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં 8,367.63 કરોડ હતો.

ઈન્ડોનેશિયા, નાઈજીરીયા અને ઓમાનથી ગેસ ખરીદ્યો

IOCLના ડાયરેક્ટર ફાઈનાન્સ અનુજ જૈને જણાવ્યું હતું કે, 'ક્રૂડ ઓઈલ અને અન્ય પેટ્રોલિયમ પ્રોડક્ટ્સના સપ્લાય માટે અમારી પાસે ઘણા અલગ-અલગ સ્રોત ઉપલબ્ધ છે. જ્યારથી મિડલ ઈસ્ટમાં વિવાદ શરૂ થયો છે, ત્યારથી અમારી તમામ રિફાઈનરીઓ સંપૂર્ણ ક્ષમતા પર કામ કરી રહી છે.'

તેમણે સ્વીકાર્યું કે LPGના સપ્લાયમાં કેટલીક અડચણો આવી હતી, પરંતુ કંપનીએ LPG આયાતના સ્રોત બદલી નાખ્યા છે. ખાડી દેશોમાંથી ગેસ સપ્લાય પ્રભાવિત થયા પછી IOCએ ઈન્ડોનેશિયા, નાઈજીરીયા, અંગોલા અને ઓમાન જેવા દેશોમાંથી સ્પોટ પ્રોક્યોરમેન્ટ (તાત્કાલિક ખરીદી) શરૂ કરી દીધી છે, જેનાથી દેશભરમાં પર્યાપ્ત LPG પહોંચી રહ્યું છે.

હોર્મુઝ રૂટ ઓમાનના અખાત અને ફારસના અખાત વચ્ચે સ્થિત દુનિયાનો સૌથી મહત્વપૂર્ણ અને સંવેદનશીલ દરિયાઈ જળમાર્ગ છે. દુનિયાભરમાં થતા કુલ ક્રૂડ ઓઈલના વેપારનો લગભગ 20% આ જ સાંકડા રસ્તા પરથી પસાર થાય છે.

શેરહોલ્ડરોને મળશે 1.25નું ડિવિડન્ડ

IOCLએ સોમવારે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા. તે મુજબ, નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટરમાં (Q4FY26) કંપનીનો કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ (ચોખ્ખો નફો) 81% વધીને 15,176.08 કરોડ પર પહોંચી ગયો છે. આના અગાઉના નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીને 8,367.63 કરોડનો નફો થયો હતો.

નફાની સાથે જ કંપનીના બોર્ડે નાણાકીય વર્ષ 2025-26 માટે 12.5%ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે.

# રેડમી ભારતમાં લોન્ચ કરશે પાવરફુલ 'ટર્બો' સ્માર્ટફોન : 16GB રેમ, હાઈ-ક્લાસ વોટરપ્રૂફ રેટિંગ અને દમદાર પ્રોસેસર; જાણો ફીચર્સ અને સંભવિત કિંમત

**મુંબઈ, તા.20**




શાઓમીનો સબ-બ્રાન્ડ રેડમી તેની પરફોર્મન્સ-ઓરિએન્ટેડ 'ટર્બો' સિરીઝ ભારતમાં પ્રથમ વખત લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. કંપનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તેનું ટીઝર જાહેર કર્યું છે. ફોન મીડિયાટેક ડાયમેન્સિટી 8500-અલ્ટ્રા ચિપસેટ સાથે આવશે. આ ફોન ચીનમાં લોન્ચ થઈ ચૂક્યો છે, જ્યાં તેની શરૂઆતની કિંમત યુઆન 1,999 (લગભગ 28,200) છે. ભારતમાં તેની કિંમત 45 હજાર રૂપિયાની આસપાસ રહી શકે છે અને તેને 5 જૂને રજૂ કરી શકાય છે. આ વનપ્લસ નોર્ડ 6 અને વીવો V70 FE જેવા સ્માર્ટફોન્સને ટક્કર આપશે.

મીડિયાટેક ડાયમેન્સિટી 8500-અલ્ટ્રા ચિપસેટથી સજ્જ હશે

પર્ફોર્મન્સ માટે ફોનમાં મીડિયાટેક ડાયમેન્સિટી 8500-અલ્ટ્રા ચિપસેટ આપવામાં આવ્યું છે. આ ફોન ખાસ કરીને એવા યુઝર્સને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે, જેઓ ગેમિંગ અને હેવી ટાસ્ક કરે છે. ફોનમાં ઉત્તમ થર્મલ સ્ટેબિલિટી અને ગેમિંગ પર્ફોર્મન્સ મળવાની અપેક્ષા છે.

મજબૂતી માટે મળી છે IP69K રેટિંગ

ફોનમાં મેટલ ફ્રેમ સાથે ગ્લાસ બેક આપવામાં આવ્યું છે. ડ્યુરેબિલિટીના મામલે પણ આ ફોન ઘણો એડવાન્સ છે. તેને ધૂળ અને પાણીથી બચાવવા માટે IP66, IP68 અને IP69K જેવી હાઈ રેટિંગ્સ મળી છે. સ્ટોરેજની વાત કરીએ તો તેમાં 16GB સુધી LPDDR5X રેમ અને 512GB સુધીની UFS 4.1 ઈન્ટરનલ સ્ટોરેજ આપવામાં આવી છે.

7560mAh બેટરી અને 100W ફાસ્ટ ચાર્જિંગ

રેડમી ટર્બો 5 ની સૌથી મોટી ખાસિયત તેની 7560mAh ની સિલિકોન-કાર્બન બેટરી છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે બેટરી ક્ષમતા 9000mAh સુધી પણ હોઈ શકે છે. ફોનને ચાર્જ કરવા માટે 100W ની વાયર્ડ ફાસ્ટ ચાર્જિંગ અને 27W ની રિવર્સ ચાર્જિંગનો સપોર્ટ મળશે.

1.5K AMOLED ડિસ્પ્લે અને 50MP કેમેરા

રેડમી ટર્બો 5 માં 6.59-ઈંચનો 1.5K AMOLED ડિસ્પ્લે આપવામાં આવ્યો છે, જે 120Hz રિફ્રેશ રેટને સપોર્ટ કરે છે. ફોટોગ્રાફી માટે તેના બેક પેનલ પર ઓપ્ટિકલ ઈમેજ સ્ટેબિલાઈઝેશન (OIS) સાથે 50MP નો સોની IMX882 પ્રાઈમરી કેમેરા મળે છે.

# ચાંદી ₹3,761 ઘટીને ₹2.65 લાખ પ્રતિ કિલો પર આવી : ઓલટાઈમ હાઈથી ₹1.21 લાખ નીચે આવી; સોનું આજે ₹1116 સસ્તું થયું

**નવી દિલ્હી, તા.20**



સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 20 મેના રોજ ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 1 કિલો ચાંદીની કિંમત 3,761 રૂપિયા ઘટીને 2.65 લાખ રૂપિયા પર આવી ગઈ છે. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,116 રૂપિયા ઘટીને 1.58 લાખ રૂપિયા થઈ ગયો છે.

29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ અને ચાંદી 3.86 લાખ રૂપિયાના ઓલટાઈમ હાઈ પર પહોંચી ગઈ હતી.

સોનાની કિંમતોની સફર : 1.76 લાખથી 1.58 લાખ સુધી

સોનામાં આ વર્ષની શરૂઆતમાં તેજી જોવા મળી હતી, પરંતુ છેલ્લા કેટલાક અઠવાડિયામાં પ્રોફિટ બુકિંગ અને વૈશ્વિક કારણોસર તેમાં ઘટાડો થયો છે.

શરૂઆતનું સ્તર (31 ડિસેમ્બર 2025): 1.33 લાખ

ઓલટાઈમ હાઈ (29 જાન્યુઆરી 2026): 1.76 લાખ (માત્ર એક મહિનામાં મોટો ઉછાળો)

વર્તમાન સ્થિતિ: તેના સર્વોચ્ચ સ્તરથી સોનું અત્યાર સુધીમાં 18 હજાર સસ્તું થયું છે.

ચાંદીના ભાવમાં મોટો ઘટાડો: 3.86 લાખથી 2.30 લાખ સુધી

ચાંદીમાં સોના કરતાં વધુ ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. તે તેના સર્વકાલીન ઉચ્ચ સ્તરથી ખૂબ જ ઝડપથી નીચે આવી છે.

પ્રારંભિક સ્તર (31 ડિસેમ્બર 2025): 2.30 લાખ

સર્વકાલીન ઉચ્ચ (29 જાન્યુઆરી 2026): 3.86 લાખ (ઐતિહાસિક વધારો)

ઘટાડાનો આંકડો: છેલ્લા 49 દિવસમાં ચાંદી 1.21 લાખ સસ્તી થઈ ગઈ છે.

સોનું 111 દિવસમાં 18 હજાર અને ચાંદી 1.21 લાખ સસ્તી

તારીખ સોનાની કિંમત ચાંદીની કિંમત

29 જાન્યુઆરી
1,76,1213,85,933

31 જાન્યુઆરી
1,65,795
3,39,350

28 ફેબ્રુઆરી
1,50,997
2,66,700

31 માર્ચ 2026
1,46,733
2,30,135

30 એપ્રિલ 2026
1,50,263
2,40,331

20 મે 2026
1,57,961
2,64,952

ઘટાડાના મુખ્ય કારણો: મેટલ છોડીને 'રોકડ' પર ભરોસો

સામાન્ય રીતે યુદ્ધના માહોલમાં સોના-ચાંદીના ભાવ વધે છે, પરંતુ આ વખતે સ્થિતિ થોડી અલગ છે:

રોકડની બચત: મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે રોકાણકારો જોખમ લેવા માંગતા નથી. તેઓ તેમના સોના અને ચાંદીનું વેચાણ કરીને 'રોકડ' એકઠી કરી રહ્યા છે જેથી અનિશ્ચિતતાના સમયે તેમની પાસે તરલ નાણાં રહે.

પ્રોફિટ બુકિંગ: જાન્યુઆરીમાં કિંમતો રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી, તેથી મોટા રોકાણકારોએ ઊંચા ભાવે તેમની હોલ્ડિંગ વેચવાનું શરૂ કર્યું, જેના કારણે બજારમાં સપ્લાય વધી ગઈ અને કિંમતો ઘટી ગઈ.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો.

# ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડના નાણાંકીય પરિણામો : નાણાંકીય વર્ષ 2026ના ચોથા ત્રિમાસિક ગાળામાં આવકો વાર્ષિક ધોરણે 16 ટકા વધી, એબિટા વાર્ષિક ધોરણે 20 ટકા વધી, 100 ટકા ડિવિડન્ડની ભલામણ

**મુંબઈ, તા.20**

આજે યોજાયેલી બેઠકમાં ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ઓડિટ કરાયેલા પરિણામોને મંજૂરી આપવામાં આવી હતી. બોર્ડે નાણાંકીય વર્ષ 2025-26 માટે 100 ટકા ડિવિડન્ડની ભલામણ કરી છે. બોર્ડે રૂ. 11,000 મિલિયન સુધીની કુલ રકમ માટે ઈક્વિટી શેરના બાયબેકને મંજૂરી આપી છે, જે પ્રતિ શેર રૂ. 1,150ના ભાવે રહેશે (18 મે 2026ના બંધ ભાવની સરખામણીએ 16 ટકા પ્રીમિયમ). 1. નાણાંકીય વર્ષ 2026ના ચોથા ત્રિમાસિક ગાળામાં થયેલા વિશિષ્ટ ખર્ચને એડજસ્ટ કર્યા બાદના આંકડા: (એ) Mirabegron લિટિગેશન સેટલમેન્ટ માટે થયેલો એકમાત્ર ખર્ચ રૂ. 3,975 મિલિયન, (બી) નાણાંકીય વર્ષ 2025ના ચોથા ત્રિમાસિક ગાળામાં ગુડવિલ અને ટેક્નિકલ જાણકારી પર થયેલો ઈમ્પેરમેન્ટ ચાર્જ રૂ. 2,196 મિલિયન અને (સી) સરકાર દ્વારા અમલમાં મુકાયેલા નવા શ્રમ કાયદા અંતર્ગત ગ્રેજ્યુઈટી અને લીવ એન્કેશમેન્ટ લાયેબિલિટીમાં વધારાના એકમાત્ર પ્રભાવ રૂપે નાણાંકીય વર્ષ 2026ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં રૂ. 849 મિલિયન. 2. નાણાંકીય વર્ષ 2026 માટે થયેલા વિશિષ્ટ ખર્ચને એડજસ્ટ કર્યા બાદના આંકડા: (a) કુલ રૂ. 5,166 મિલિયન, જેમાં Mirabegron લિટિગેશન સેટલમેન્ટ માટેનો એકમાત્ર ખર્ચ રૂ. 3,975 મિલિયન, નવા શ્રમ કાયદાના અમલને કારણે ગ્રેજ્યુઈટી અને લીવ એન્કેશમેન્ટ લાયેબિલિટીમાં વધારાનો એકમાત્ર પ્રભાવ રૂ. 849 મિલિયન તથા સંપાદન સંબંધિત રૂ. 342 મિલિયનના ખર્ચનો સમાવેશ થાય છે અને (બી) નાણાંકીય વર્ષ 2025માં ગુડવિલ અને ટેક્નિકલ જાણકારી પર થયેલો ઈમ્પેરમેન્ટ ચાર્જ રૂ. 2,196 મિલિયન.



નાણાંકીય વર્ષ 2026ના ચોથા ત્રિમાસિક ગાળાની મુખ્ય હાઈલાઈટ્સ

કામગીરીમાંથી આવક રૂ. 75,870 મિલિયન રહી, જે ગયા વર્ષની સરખામણીએ 16 ટકા વધારે છે.

ત્રિમાસિક ગાળામાં આરએન્ડડી રોકાણ રૂ. 6,982 મિલિયન રહ્યું, જે કુલ આવકના 9.2 ટકા જેટલું છે.

એબિટા રૂ. 25,544 મિલિયન રહી, જેમાં વાર્ષિક ધોરણે 20 ટકા વૃદ્ધિ નોંધાઈ. ત્રિમાસિક ગાળાનું એબિટા માર્જિન 33.7 ટકા રહ્યું, જેમાં વાર્ષિક ધોરણે 110 બેસિસ પોઈન્ટનો સુધારો નોંધાયો.

ત્રિમાસિક ગાળાનો એડજસ્ટેડ ચોખ્ખો નફો રૂ. 15,929 મિલિયન રહ્યો, જેમાં વાર્ષિક ધોરણે 15 ટકા વૃદ્ધિ નોંધાઈ.

ત્રિમાસિક ગાળામાં મૂડીખર્ચ (ઓર્ગેનિક) રૂ. 3,577 મિલિયન રહ્યો.

# બ્યુટી-પર્સનલ કેર બજાર 2030 સુધીમાં 3.8 લાખ કરોડનું થશે : પરફ્યુમે ડિઓડરન્ટને પાછળ ધકેલ્યું; બોડી વોશનો ગ્રોથ પણ સાબુ કરતાં વધુ

**મુંબઈ, તા.20**

બ્યુટી પ્રોડક્ટ્સ હવે ઝડપથી ભારતીય ગ્રાહકોના રોજિંદા જીવનનો ભાગ બની રહ્યા છે. બોડી વોશ અને સનસ્ક્રીન પણ ક્વિક ડિલિવરી એપથી આવવા લાગ્યા છે. રેડસીર સ્ટ્રેટેજી કન્સલ્ટન્ટ્સના રિપોર્ટ મુજબ, ઓનલાઈન બ્યુટી અને પર્સનલ કેર માર્કેટ વાર્ષિક 35%ના દરે વધીને 56,000 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. પરંતુ આ ગ્રોથની સાચી કહાની બે ભાગમાં વહેંચાયેલી છે: એક તરફ આદત છે, તો બીજી તરફ ઈચ્છા. ગ્રૂમિંગ હવે આદત બની ગયું છે અને આ સેગમેન્ટનો ગ્રોથ સૌથી વધુ 37% છે. મેકઅપ અને પરફ્યુમનો ગ્રોથ 30% છે. દેશનું કુલ BPC બજાર




2030 સુધીમાં લગભગ 3.8 લાખ કરોડનું થશે. આ દુનિયાની ચોથી સૌથી મોટી અને ભારતની સૌથી ઝડપથી વિકસતી રિટેલ કેટેગરી છે.

ઝડપથી વિકસતી કેટેગરીઝ (નાણાકીય વર્ષ 2025-26)

- બોડી કેર 65-70%
- બોડી વોશ 60-65%
- સનસ્ક્રીન 55-60%
- નેઈલ મેકઅપ 50%
- પરફ્યુમ 30-35%
- ડિઓડરન્ટ 20%

માત્ર ચહેરો જ નહીં, હવે આખા શરીરની સંભાળનો ટ્રેન્ડ

બોડી વોશ વાર્ષિક 60-65% ના દરે વધી રહ્યો છે, જ્યારે સાબુનો વિકાસ 40-45% છે. સુગંધ, સ્કિન કેર, સેલ્ફ-કેર. બોડી કેર (લોશન, ક્રીમ) 65-70% ના ઝડપી ગ્રોથ પર છે. હવે ભારતીયો માત્ર ચહેરાની જ નહીં, પરંતુ આખા શરીરની સંભાળ રાખવા લાગ્યા છે.

- સનસ્ક્રીનની કહાની વધુ રસપ્રદ છે. એક સમયે ઉનાળામાં છત પર જતી વખતે લગાવવામાં આવતી હતી. હવે તે રોજ સવારની દિનચર્યાનો ભાગ છે.

# ગીરમાં વન્યજીવોના રક્ષકોને મળ્યું સુરક્ષા કવચ : સાસણ ગીરના 220 ફોરેસ્ટ ટ્રેકર્સને પરિમલ નથવાણીના સહયોગથી ₹10 લાખ સુધીનું વીમા કવચ

**મુંબઈ, તા.20**

ગીર અને બૃહદ ગીરના જંગલોમાં સિંહો અને અન્ય વન્યજીવોના સંરક્ષણ માટે દિવસ-રાત જોખમી કામગીરી કરતા ફોરેસ્ટ ટ્રેકર્સ માટે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્યસભાના સાંસદ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ) અને જાણીતા વન્યજીવ પ્રેમી પરિમલ નથવાણીના વિશેષ સહયોગથી ગીરના 220 જેટલા ફોરેસ્ટ ટ્રેકર્સને અકસ્માત વીમા અને મેડિક્લેઈમનું મજબૂત સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું છે. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ તેમજ ગીર વન વિભાગના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, 'ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી' સાથે મળીને 'ન્યૂ ઈન્ડિયા એશ્યોરેન્સ કંપની' દ્વારા ટ્રેકર્સને રૂ. 3 લાખથી લઈને રૂ. 10 લાખ સુધીનું વીમા કવચ એનાયત કરાયું છે. આ વીમા પોલીસી અંગે ટ્રેકર્સને સંપૂર્ણ અને વિગતવાર માહિતી આપવાના હેતુથી 16 અને 17 મે, 2026ના રોજ સાસણ ગીરના સિંહ સદન ખાતે એક ખાસ બે-દિવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જોખમી કામગીરીને કારણે વીમા કંપનીઓ કરતી હતી આનાકાની સામાન્ય રીતે ફોરેસ્ટ ટ્રેકર્સની કામગીરી ખૂબ જ કપરી અને જોખમથી ભરેલી હોય છે. આ જોખમી પ્રકૃતિના કારણે જ વીમા કંપનીઓ સામાન્ય સંજોગોમાં તેમને અકસ્માત વીમો કે મેડિક્લેઈમ આપવા માટે ખચકાટ અનુભવતી હોય છે.

# 'સ્માર્ટ'થી કંટાળેલા લોકો, 'બેઝિક' વસ્તુઓમાં શાંતિની શોધ : ટેક સેવી યુવાનો પસંદ કરી રહ્યા છે, શું કનેક્ટ કરવું જરૂરી છે, શું નહીં?

**ન્યૂયોર્ક, તા.20**

ટેકનોલોજીની દુનિયામાં થોડા વર્ષો પહેલા સુધી 'સ્માર્ટ' શબ્દ જાદુ જેવો લાગતો હતો. સ્માર્ટ ફોન, સ્માર્ટ ટીવી, સ્માર્ટ વોચ, સ્માર્ટ હોમ... દરેક નવી વસ્તુ ભવિષ્યની વધુ નજીક લઈ જવાનો દાવો કરતી હતી. સ્વપ્ન એ હતું કે ફ્રિજ પોતે દૂધ ઓર્ડર કરશે, દરવાજો મોબાઈલથી ખુલશે અને માઈક્રોવેવ જવાબ આપશે.

પરંતુ, હવે 'સ્માર્ટ'ના વિપરીત 'બેઝિક' વસ્તુઓનો ટ્રેન્ડ ઉભરી રહ્યો છે. એટલે કે એવા ફોન, ટીવી અને ઉપકરણો, જે ફક્ત પોતાનું કામ કરે. દરેક સમયે ઈન્ટરનેટ કે એપ સાથે જોડાયેલા ન રહે. અમેરિકા સહિત પશ્ચિમી બજારોમાં



યુવાનો બેઝિક ફોન તરફ પાછા ફરી રહ્યા છે. આમાં ફક્ત કોલ, મેસેજ અને કેટલાક જરૂરી ફીચર હોય છે. ગઝેલના રિપોર્ટ મુજબ 2021-24 વચ્ચે જનરલ-ઝેડમાં આવા ફોનની વેચાણ 148% વધી. 16% જનરલ-ઝેડ પુખ્ત વયના લોકો પાસે આવા ફોન હતા. 28% ખરીદવા ઈચ્છુક હતા.

ભારતમાં સ્માર્ટ ગેજેટ્સની હાઈપ ઠંડી પડવાનો સંકેત વેરેબલ માર્કેટમાં જોવા મળ્યો. IDC મુજબ, 2024માં ભારતનું વેરેબલ માર્કેટ 11.3% ઘટીને 11.9 કરોડ યુનિટ રહ્યું. સ્માર્ટવોચનું શિપમેન્ટ 34.4% ઘટ્યું. લોકો 'બેઝિક ટીવી' શોધી રહ્યા છે. એવી સ્ક્રીન, જે ફક્ત તે જ બતાવે જે તમે ચલાવવા માંગો છો, ન કે તમારી જોવાની ટેવોને ટ્રેક કરે. આ બદલાવનું કારણ ભૂતકાળની કડવાશ નહીં, પરંતુ ડિજિટલ થાક છે. પ્યુ રિસર્ચ અનુસાર, અમેરિકાના અડધા કિશોરો લગભગ દરેક સમયે ઓનલાઈન રહે છે.

આ ટ્રેન્ડ ટેકનોલોજી વિરોધીઓમાં નહીં, પરંતુ ટેક-સેવી યુવાનોમાં જોવા મળી રહ્યો છે. તેઓ ટેકનોલોજીનો પોતાની શરતો પર ઉપયોગ કરવા માંગે છે.

# કસ્ટમ ડ્યુટીના સુધારાથી જેમ્સ જ્વેલરીની નિકાસને વેગ મળશે

**અમદાવાદ, તા.20**

બજેટમાં કસ્ટમ ડ્યુટીના સુધારાથી જેમ્સ જ્વેલરીની નિકાસને વેગ મળશે. તેમજ આ સુધારા મૂલ્ય શૃંખલાને મજબૂત બનાવશે તેમ જેમ્સ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલે જણાવ્યું હતું.

આ પગલાથી ઉદ્યોગના મુખ્ય અવરોધોને દૂર કરે છે અને રત્નો અને ઝવેરાત ક્ષેત્રને નવી ગતિ પ્રદાન કરશે. તેનાથી પ્રવાહિતાની સ્થિતિ સુધારશે, ઉત્પાદનને ટેકો મળશે અને મૂલ્ય શૃંખલામાં નિકાસને મજબૂત બનશે. તેમજ ડિજિટલ મૂલ્યાંકન અને સરળ ક્લિયરન્સ પ્રક્રિયાઓ વિલંબ અને ખર્ચ ઘટાડશે.

આનાથી ફેક્ટરીઓ નિષ્ક્રિય ક્ષમતાનો ઉપયોગ કરી શકશે, નોકરીઓનું રક્ષણ કરી શકશે અને યુએસ ટેરિફ અને વૈશ્વિક માંગની અનિશ્ચિતતાઓ વચ્ચે વેપારને મજબૂત બનાવી શકશે. કુરિયર નિકાસ પર રૂા. ૧૦ લાખની મર્યાદા દૂર કરવાથી ઈ-કોમર્સ માટે મોટો પ્રોત્સાહન મળશે.

ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલે જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રત્નો અને ઝવેરાત ઉદ્યોગ પ્રત્યે સ્થિર અને સંવેદનશીલ અભિગમ દર્શાવે છે. કસ્ટમ ડ્યુટી અથવા જીએસટામાં કોઈ વધારો ન થવો, સતત નીતિગત નિશ્ચિતતા, મજબૂત એમએસએમઈ અને ક્લસ્ટર સપોર્ટ, વ્યવસાય કરવામાં સરળતા અને મુકદ્દમા ઘટાડતા આવકવેરા સુધારાઓએ વ્યવસાયને વિશ્વાસ પૂરો પાડયો છે.

# આંતરરાજ્ય દારૂની હેરાફેરીનું મોટા નેટવર્કનો પર્દાફાશ: ગાંધીનગરના ચંદ્રાલા નાકા પાસે 1.41 કરોડના દારૂ સાથે ખેપિયો ઝડપાયો

ગાંધીનગર, તા.20

ગાંધીનગરની ચિલોડા પોલીસે હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે 48 પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસેથી બાતમીના આધારે ખોટી નંબર પ્લેટ લગાવેલી ટ્રકને આંતરીને 1 કરોડ 40 લાખ 95 હજારથી વધુની કિંમતની કુલ 29,269 બોટલ દારૂના જથ્થા સાથે રાજસ્થાની ખેપિયાને ઝડપી લઈ આંતર રાજ્ય દારૂની હેરફારીના નેટવર્કનો પર્દાફાશ કરી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર પોલીસ વડા રવિ તેજાવાસમ શેટ્ટીની સુચનાથી ચિલોડા હાઈવે પરથી દારૂ-હથિયારોની હેરાફેરી કરતા ઈસમો સામે પોલીસે લાલ આંખ કરી સપાટો બોલાવી દીધો છે. ચિલોડા પોલીસ મથકની ટીમ રાબેતા મુજબ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન PI એસ.જે.ચૌહાણને બાતમી મળી હતી કે, હિંમતનગર તરફથી આવતી કન્ટેનર ટ્રક (NL-01AC-2139)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને અમદાવાદ તરફ જવાનો છે. જેના પગલે પોલીસે વહેલી સવારે બાઝ નજર રાખીને બાતમી વાળી ટ્રક આવતા જ તેને ઈશારો કરીને રોકી લીધી હતી.




બાદમાં પોલીસે ટ્રક ચાલક તેજપાલસિંહ રાણા (ઉં.વ.34, રહે. સુરાજગામ, રાજસ્થાન)ને નીચે ઉતાર્યો હતો. ટ્રકના પાછળના કન્ટેનર ભાગે સીલ તોડતા જ અંદર દારૂનો જથ્થો ભરેલા પુંઠાના બોક્સ મળી આવ્યા હતી. બાદમાં ટ્રકને પોલીસ મથકે લઈ જઈ ગણતરી કરતા કુલ 29,269 નંગ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ મામલે વધુ તપાસ કરતા પોલીસને ગેરમાર્ગે દોરવા માટે ટ્રક પર લાગેલી નંબર પ્લેટ (NL-01AC-2139) ખોટી હોવાનું સામે આવ્યું હતુ. જોકે PI ચૌહાણને આજ નંબર પ્લેટની ચોક્કસ બાતમી મળી હોવાથી બૂટલેગરોની તરકીબ પર પાણી ફરી વળ્યું હતું. પોલીસે કુલ રૂ.1.56 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ડ્રાઈવર તેજપાલની આકરી પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે, આ દારૂનો જથ્થો રાજસ્થાનના બ્યાવરના બુટલેગર સુનીલકુમાર મેવાડાએ ભીલવાડા ખાતેથી ટ્રકમાં ભરી આપ્યો હતો. આ જથ્થો અમદાવાદના અસલાલી ખાતે આવેલા એક પાર્કિંગમાં ઊભો રાખવાનો હતો. જ્યાં સુનીલકુમારનો માણસ આવીને ટ્રક લઈ જવાનો હતો. ત્યારે ટ્રકની કેબિનમાંથી પોલીસને ટોલ પ્લાઝાની ત્રણ પહોંચ મળી આવી હતી. જેનાથી ટ્રક કયા રૂટ પરથી પસાર થઈ તેની આખી કુંડળી સામે આવી છે. જેમાં આ ટ્રક ખેરવાડા ટોલ પ્લાઝા, ખેડા ટોલ પ્લાઝા, રતનપુર- હિંમતનગર ટોલ પ્લાઝા પરથી ખૂબ જ આસાનીથી ક્રોસ કરીને ગાંધીનગરની હદમાં પ્રવેશી હતી. હાલમાં તો બુટલેગરોએ ખોટી નંબર પ્લેટ મારીને આંતરરાજ્ય દારૂની હેરાફેરીનું મોટું નેટવર્ક ઊભું કર્યું હોવાનું ચિલોડા પીઆઈની તપાસમાં બહાર આવ્યું છે. જેનાથી ટ્રક કયા રૂટ પરથી પસાર થઈ તેની આખી કુંડળી સામે આવી છે. જેમાં આ ટ્રક ખેરવાડા ટોલ પ્લાઝા, ખેડા ટોલ પ્લાઝા, રતનપુર- હિંમતનગર ટોલ પ્લાઝા પરથી ખૂબ જ આસાનીથી ક્રોસ કરીને ગાંધીનગરની હદમાં પ્રવેશી હતી. હાલમાં તો બુટલેગરોએ ખોટી નંબર પ્લેટ મારીને આંતરરાજ્ય દારૂની હેરાફેરીનું મોટું નેટવર્ક ઊભું કર્યું હોવાનું ચિલોડા પીઆઈની તપાસમાં બહાર આવ્યું છે.

# નેતા અને અધિકારીના વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ: સરકારી ખર્ચમાં કાપ અને ઈંધણ બચત માટે સરકારે આપ્યા 11 કડક આદેશ

ગાંધીનગર, તા.20

રાજ્ય સરકાર દ્વારા ઈંધણ બચક અને સરકારી ખર્ચમાં નિયંત્રણ લાવવા માટે મહત્તવપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. ગત સપ્તાહે યોજાયેલી કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય બાદ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર જાહેર કરી 11 નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. પરિપત્રમાં તમામ વિભાગો, કચેરીઓ અને સરકારી અધિકારીઓને ખર્ચ ઘટાડવા અને ટેક્નોલોજી આધારિત કાર્યપદ્ધતિ અપનાવવા સૂચનાઓ આપવામાં આવી છે. સરકારી કામકાજ માટે જરૂરિયાત પ્રમાણે જ પ્રવાસનું આયોજન કરવું. ક્ષેત્રીય અધિકારીઓ/કર્મચારીઓને મિટિંગ માટે રૂબરૂ બોલાવવાના બદલે ટેલિફોન, મોબાઈલ, ઈ-મેઈલ અને વીડિયો કોન્ફરન્સિંગ કે ઓનલાઈન માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવો. અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ પ્રકારના વિદેશ પ્રવાસનું આયોજન કરવું નહીં અને વિદેશમાં યોજાતી તાલીમ, પરિસંવાદો, અભ્યાસ પ્રવાસો કે પરિષદોમાં ભાગ લેવાનું ટાળવું. અન્ય રાજ્યમાં કે કેન્દ્રમાં યોજાતી બેઠકો માટે બને ત્યાં સુધી



ઓનલાઈન માધ્યમથી જોડાઉં અને પ્રત્યક્ષ પ્રવાસ ટાળવો. જો પ્રવાસ અનિવાર્ય બને, તો ઉચ્ચ અધિકારીઓએ અત્યંત જરૂરી હોય તે સિવાય હાથ નીચેના સ્ટાફને સાથે ન રાખવો. અધિકારી/કર્મચારીએ શક્ય હોય ત્યાં સુધી જિલ્લા બહારની મુસાફરી ટાળવી. જો મુસાફરી જરૂરી હોય, તો પ્રવાસ કરતા પહેલાં પોતાના નિયંત્રણ અધિકારીની મંજૂરી મેળવવી અનિવાર્ય રહેશે. ઉપલબ્ધ સરકારી વાહનોની સમીક્ષા કરીને વધારાના વાહનો બિનવપરાશમાં મૂકવા. જો કોઈ અધિકારી એકથી વધુ જગ્યાનો (વધારાનો હવાલો) સંભાળતા હોય, તો તેમને મળવાપાત્ર એક મુખ્ય વાહન સિવાયના અન્ય તમામ સરકારી વાહનો તાત્કાલિક 'સરકારી વાહન પુલ' (Vehicle Pool) માં જમા કરાવવાના રહેશે. જે અધિકારીઓ પાસે સરકારી વાહનોના વિકલ્પ તરીકે પેટ્રોલ, ડીઝલ અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ઉપલબ્ધ હોય, તેઓએ ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) અથવા હાઈબ્રિડ મોડલનો જ ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો. પર્યાવરણની જાળવણી અને ઈંધણની બચત માટે અધિકારીઓ/કર્મચારીઓએ ખાનગી વાહનોનો ઉપયોગ ટાળીને મેટ્રો, એસ.ટી. બસ અને રેલવે જેવી જાહેર પરિવહન સેવાઓનો મહત્તમ ઉપયોગ કરવો.

## વન નેશન, વન ઈલેક્શન, JPCના સભ્યોની રાજકીય પક્ષો સાથે બેઠક

# રાજ્ય સરકાર અને અમૂલનું સંપૂર્ણ સમર્થન, કોંગ્રેસે કહ્યું-રાજ્યના અધિકારો સીમિત કરવા પ્રયાસ

ગાંધીનગર, તા.20

વન નેશન, વન ઈલેક્શન મામલે રચાયેલી જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીએ અલગ અલગ રાજ્યોમાં જઈ રાજકીય પક્ષો અને અધિકારીઓ સાથે પરામર્શ શરૂ કર્યો છે. ત્રણ દિવસ JPCના સભ્યો ગુજરાતમાં છે. આજે એટલે કે બીજા દિવસે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, મંત્રીઓ અને ધારાસભ્યો, કોંગ્રેસ અને આપના નેતાઓ સાથે ચર્ચા કરી હતી. કોંગ્રેસે કહ્યું કે સત્તાનું કેન્દ્રિકરણ અને રાજ્યના અધિકારો સીમિત કરવાનો પ્રયાસ છે. જ્યારે આમ આદમી પાર્ટી પણ વિરોધ કર્યો હતો. વન નેશન, વન ઈલેક્શન માટે રચાયેલી જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીના અધ્યક્ષ તરીકે કાયદાવિદ પી.પી. ચૌધરી છે. તે સિવાય લોકસભાના 27 અને રાજ્યસભાના 12 સાંસદો મળીને કૂલ 39 સભ્યો છે. માહિતી અનુસાર, કાયદાવિદ પી.પી. ચૌધરીની અધ્યક્ષતામાં કાર્યરત JPCમાં કુલ 39 લોકસભા અને રાજ્યસભાના સાંસદો સામેલ છે. અમૂલના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ની બેઠક બાદ જણાવ્યું હતું કે વન નેશન વન ઈલેક્શન મુદ્દે યોજાયેલી બેઠકમાં અમૂલ સહિત વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બેઠક દરમિયાન દેશમાં એકસાથે ચૂંટણી યોજાય તો તેના વહીવટી, આર્થિક અને સામાજિક ફાયદાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી



હતી.

સહકારી ક્ષેત્ર સાથે લાખો પશુપાલકો જોડાયેલા છે અને અમૂલ હેઠળ 18 જિલ્લા સંઘ તેમજ 18 હજારથી વધુ દૂધ મંડળીઓ કાર્યરત છે, જ્યાં રોજ લાખો લિટર દૂધનું એકત્રીકરણ અને વિતરણ થાય છે. વારંવારની ચૂંટણીના કારણે થતી વહીવટી અસરને ઘટાડવા અને દૂધ તથા પશુપાલન સાથે જોડાયેલા કાર્યોને વધુ સુચારુ રીતે ચલાવવા માટે વન નેશન વન ઈલેક્શન લાભદાયી બની શકે છે. અમૂલની સમગ્ર ટીમ આ વિચારધારાનું સમર્થન કરે છે અને બેઠકમાં તેના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું. આ અંગે રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વન નેશન-વન ઈલેક્શન મુદ્દે રાજ્ય સરકારનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે લોકપ્રિય મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને JPCની કમિટી ગુજરાત આવી હતી અને રાજ્ય સરકારે આ પ્રસ્તાવને સંપૂર્ણ સમર્થન આપવાની તૈયારી દર્શાવી છે.

હર્ષ સંઘવીએ કહ્યું કે વન નેશન-વન ઈલેક્શન દેશ અને રાજ્ય બંનેના હિતમાં છે. ઉદાહરણ આપતાં જણાવ્યું કે 2026માં સ્થાનિક સ્વરાજની ચૂંટણી દરમિયાન મનપા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી એક જ દિવસે સફળતાપૂર્વક યોજાઈ હતી, જેના કારણે ઓછા સમયમાં સરળ આયોજન શક્ય બન્યું હતું. 2022માં વિધાનસભા, 2024માં લોકસભા, 2026માં સ્થાનિક સ્વરાજ્ય અને 2027માં ફરી વિધાનસભાની ચૂંટણી આવવાની હોવાથી નાગરિકોને વારંવાર મતદાન માટે જવું પડે છે. ચૂંટણી માટે મહિનાઓ અગાઉથી તંત્રને તૈયારીઓ કરવી પડે છે. રાજ્ય સરકારના સર્વે મુજબ માત્ર વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં જ અંદાજે 50 લાખ કલાકનો સમય ખર્ચાય છે.સંઘવીએ વધુમાં કહ્યું કે ચૂંટણી જાહેર થતાં જ આચાર સંહિતા લાગુ પડી જાય છે, જેના કારણે સામાન્ય લોકોના કામકાજ અને વિકાસકાર્યો પર અસર પડે છે. વિપક્ષ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું કે પ્રાદેશિક પક્ષોના સભ્યો પણ લોકસભામાં ચૂંટાઈને જાય છે અને આખરે લોકો જ નક્કી કરે છે કે તેમનો સાંસદ અને નેતા કોણ બનશે.આ ઉપરાંત રાહુલ ગાંધીના સંવિધાન અંગેના નિવેદન પર પ્રતિક્રિયા આપતાં હર્ષ સંઘવીએ કહ્યું કે રાહુલ ગાંધીને સંવિધાન સાથે કોઈ લેવાદેવા નથી. "હાથમાં ચોપડી લઈને ફરે છે, પરંતુ કોઈ એક પાનાં વિશે પૂછો તો ખબર નથી હોતી," એમ કહી તેમણે કોંગ્રેસ પર નિશાન સાધ્યું.

ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા એ વન નેશન-વન ઈલેક્શનના પ્રસ્તાવિત બિલનો સખત શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે. તેમણે આ બિલને દેશના ફેડરલ સ્ટ્રક્ચર અને બંધારણીય ભાવનાઓ વિરુદ્ધ ગણાવતા આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર સત્તાનું કેન્દ્રિકરણ કરવા માટે આ બિલ લાવી રહી છે. અમિત ચાવડાએ જણાવ્યું કે ભારતના બંધારણે દરેક રાજ્યને અલગ-અલગ સત્તાઓ અને વ્યવસ્થાઓ આપી છે,જો કોઈ રાજ્યમાં અવિશ્વાસ પ્રસ્તાવ આવે અથવા સરકાર ભંગ થાય તો મધ્યવર્તી ચૂંટણી નહીં યોજવાની જોગવાઈ લોકશાહી વિરુદ્ધ છે. મતદારો પાંચ વર્ષ માટે સરકાર પસંદ કરે છે.

## રિવરફ્રન્ટ ફેઝ-3, સરગાસણ-પેથાપુર ટીપી સ્કીમોને લીલીઝંડી :

# ટાઉન પ્લાનિંગ અને વિકાસ કાર્યોને વેગ આપવા 7 પ્રસ્તાવો મંજૂર

ગાંધીનગર, તા.20

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા આજે બુધવારના રોજ સેકટર-17 સ્થિત પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવનના ચોથા માળે આવેલા સભાખંડમાં યોજાઈ હતી. મેયરની અધ્યક્ષતામાં મળેલી આ બેઠક અગાઉ સંકલનની બેઠક પણ યોજવામાં આવી હતી. આ સામાન્ય સભામાં શહેરના વિકાસ અને વહીવટી પ્રક્રિયાને વેગ આપતા કુલ 7 મહત્વના પ્રસ્તાવો રજૂ કરાયા હતા. જેને વિપક્ષ કે અન્ય કોઈ વિરોધ વિના ગણતરીની મિનિટોમાં જ સર્વાનુમતે મંજૂરીની મહોર લગાવી દેવામાં આવી હતી. પરિણામે આજની સામાન્ય સભા માત્ર એક ઔપચારિકતા બનીને પૂર્ણ થઈ હતી.

રિવરફ્રન્ટ ફેઝ-3ની આગળની કામગીરી મંજૂર

આ સભામાં પાટનગરના વિકાસને લગતા ટાઉન પ્લાનિંગના મુદ્દાઓ મુખ્ય રહ્યા હતા. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. 20 કોબા અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ફેઝ-3ની આગળની કામગીરીને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની દ્વારા તૈયાર કરાયેલા આયોજનને ધ્યાને રાખીને કામચલાઉ પુન:રચનાની દરખાસ્ત અંગે કમિશનર તરફથી મળેલી ભલામણને પણ મંજૂર કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે આ દરખાસ્તને ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ સમિતિએ ગત 4 એપ્રિલના રોજ જ મંજૂરી આપી દીધી હતી.

નગર રચના અધિકારીની ફેર દરખાસ્ત ગૃહમાં સ્વીકારાઈ



બીજી તરફ, ટીપી સ્કીમ નં. 28 સરગાસણ-પોર-કુડાસણની પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરતા પહેલાં નગર રચના અધિકારી દ્વારા રજૂ કરાયેલી તારીખ 26 મે, 2025 વાળી ફેર દરખાસ્ત પર પરામર્શ આપવાની કમિશનરની ભલામણને પણ ગૃહમાં સ્વીકારી લેવામાં આવી હતી. આ ઉપરાંત મુસદ્દારૂપ ટીપી સ્કીમ નં. 41 પેથાપુરની કામચલાઉ પુન:રચનાની દરખાસ્તમાં રોડ તેમજ સત્તામંડળને હસ્તગત થતાં જાહેર હેતુના ફાઈનલ પ્લોટ પરત્વે કમિશનરની ભલામણને મંજૂરી અપાઈ હતી. તેમજ ટીપી સ્કીમ નં. 61 ખોરજ-ખોડીયારની આખરી યોજનામાં ફાઈનલ પ્લોટ નંબર 50, 103 અને 105 માં ફેરફાર કરવાની દરખાસ્તોને પણ સભાએ બહાલી આપી દીધી હતી. રચનાની દરખાસ્તમાં રોડ તેમજ સત્તામંડળને હસ્તગત થતાં જાહેર હેતુના ફાઈનલ પ્લોટ પરત્વે કમિશનરની ભલામણને મંજૂરી અપાઈ હતી. તેમજ ટીપી સ્કીમ નં. 61 ખોરજ-ખોડીયારની આખરી યોજનામાં ફાઈનલ પ્લોટ નંબર 50, 103 અને 105 માં ફેરફાર કરવાની દરખાસ્તોને પણ સભાએ બહાલી આપી દીધી હતી.

આઉટડોર પબ્લિસિટી પોલીસી-2024માં ફેરફાર

જ્યારે શહેરમાં હોર્ડિંગ્સ અને જાહેરાતોને લઈને હાઈકોર્ટના સૂચન અન્વયે મનપાની આઉટડોર પબ્લિસિટી પોલીસી-2024માં ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે. આ સુધારા અંગે કમિશનર તરફથી આવેલી ભલામણ પર સામાન્ય સભામાં આખરી મંજુરીની મહોર મારવામાં આવી હતી. આ અગાઉ ગત 13 માર્ચના રોજ સ્થાયી સમિતિ દ્વારા ઠરાવ કરીને આ દરખાસ્તનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.આ સુધારા અંગે કમિશનર તરફથી આવેલી ભલામણ પર સામાન્ય સભામાં આખરી મંજુરીની મહોર મારવામાં આવી હતી. આ અગાઉ ગત 13 માર્ચના રોજ સ્થાયી સમિતિ દ્વારા ઠરાવ કરીને આ દરખાસ્તનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. તો વહીવટી સુધારાના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ શાખાના ફાયર ઓફીસર વર્ગ-2 સંવર્ગની શૈક્ષણિક લાયકાતમાં ફેરફાર કરવા અંગે કમિશનર તરફથી મહત્વની દરખાસ્ત મૂકવામાં આવી હતી. આ ભલામણને પણ સામાન્ય સભાએ મંજૂરી આપી દીધી છે જેથી આગામી સમયમાં ફાયર ઓફિસરની ભરતી કે પ્રમોશનના નિયમોમાં મોટો બદલાવ જોવા મળશે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ


આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599



MAMTA SOLUTION

House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.



⇒ લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
⇒ લેબર જોતા હોય તો કોલ કરો
⇒ કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.

લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.

88 66 21 7393



જાનકી ટ્રેડર્સ

FinOlex PIPES
NILKANTH STEEL



JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai

નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com

સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....

ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર